વિષય :૨

સને ૨૦૧૫-૨૦૧૬નું રીવાઇઝડ તથા ૨૦૧૬-૨૦૧૭ ના ડ્રાફ્ટ અંદાજપત્ર અંગે સમગ્ર સભા ઠરાવ અંક: ૧૫૦/તા.૨૦-૨-૧૬

વડોદરા મહાનગરપાલિકાના સને ૨૦૧૬-૧૭ ના કર-દર અંગે સ્થાયી સમિતિની ભલામણ વધુ મતે મંજૂર રાખવામાં આવે છે અને તે મુજબ સને ૨૦૧૬-૧૭માં કર-દર લેવાનું ઠરાવવામાં આવે છે.

સને ૨૦૧૫-૨૦૧૬નું રીવાઇઝડ અંદાજપત્ર

સને ૨૦૧૫-૨૦૧૬ ના સ્થાયી સમિતિએ મંજૂર કરેલ વડોદરા મહાનગરપાલિકાના રીવાઇઝડ અંદાજપત્ર (ભાગ ૧,૨,૩) મંજૂર કરવાનું ઠરાવવામાં આવે છે. મહાનગરપાલિકાનું સને ૨૦૧૫-૨૦૧૬ નું રીવાઇઝડ બજેટ નીચ

સને ૨૦૧૫-૨૦૧૬ જમા બાજુ

(રૂા.લાખમાં)

અ. નં.	આવકનું સદર	સ્થાયી સમિતિએ મંજૂર કરેલ અંદાજ	સમગ્ર સભાએ મંજૂર કરેલ અંદાજ
૧	મ્યુનિસિપલ કર અને દર	૩૩૬૪૮.૩૫	૩૩૬૪૮.૩૫
૨	ખાસ કાયદા મુજબ	૭૭૦૨.૬૦	૭૭૦૨.૬૦
૩	મ્યુનિસિપલ મિલકતમાંથી ભાડુ તથા વ્યાજ	૬૭૫૭.૩૫	૬૭૫૭.૩૫
૪	સરકાર મદદ	૪૧૮૩૨.૧૬	૪૧૮૩૨.૧૬
૫	અન્ય આવક	૪૧૭૯.૯૦	૪૧૭૯.૯૦
	કુલ ..	૯૪૧૨૦.૩૬	૯૪૧૨૦.૩૬

સને ૨૦૧૫-૨૦૧૬ ખર્ચ બાજુ

અ. નં.	ખર્ચનું સદર	સ્થાયી સમિતિએ મંજૂર કરેલ અંદાજ	સમગ્ર સભાએ મંજૂર કરેલ અંદાજ
૧	મહેકમ	૪૪૪૬૨.૫૨	૪૪૪૬૨.૫૨
૨	કન્ટીજન્સી	૧૧૫૪.૦૦	૧૧૬૫.૦૦
૩	નિભાવણી	૨૯૬૩૨.૨૬	૨૯૬૪૭.૨૬
૪	પ્રાથમિક શિક્ષણ	૧૧૭૫૮.૫૭	૧૧૭૫૮.૫૭
૫	લોન ચાર્જીસ	૩૮૫૧.૮૦	૩૮૫૧.૮૦
	કુલ ..	૯૦૮૫૯.૧૫	૯૦૮૮૫.૧૫

સને ૨૦૧૫-૨૦૧૬ રીવાઇઝડ બજેટ સમગ્ર પરિસ્થિતિ

અ. નં.	સદર	સ્થાયી સમિતિએ મંજૂર કરેલ અંદાજ	સમગ્ર સભાએ મંજૂર કરેલ અંદાજ
૧	ખુલતી સિલક	૬૧૫૯.૧૦	૬૧૫૯.૧૦
૨	આમદાની	૯૪૧૨૦.૩૬	૯૪૧૨૦.૩૬
૩	રેવન્યુ ખર્ચ	૯૦૮૫૯.૧૫	૯૦૮૮૫.૧૫
	બાકી સિલક/ખાધ	૯૪૨૦.૩૧	૯૩૯૪.૩૧
	કેપીટલ બજેટમાં તબદીલ કરવાપાત્ર રકમ	૬૦૦૦.૦૦	૬૦૦૦.૦૦
	ચોખ્ખી બાકી સિલક/ખાધ	૩૪૨૦.૩૧	૩૩૯૪.૩૧

સને ૨૦૧૫-૨૦૧૬ રીવાઇઝ્ડ કેપીટલ બજેટ સમગ્ર પરિસ્થિતિ

(રૂા.લાખમાં)

અ. નં.	સદર	સ્થાયી સમિતિએ મંજૂર કરેલ અંદાજ	સમગ્ર સભાએ મંજૂર કરેલ અંદાજ
૧	ખુલતી સિલક	૭૬૬.૦૪	૭૬૬.૦૪
	રેવન્યુ બજેટમાંથી તબદીલ કરવાપાત્ર રકમ	૬૦૦૦.૦૦	૬૦૦૦.૦૦
૨	કેપીટલ આમદાની	૨૭૪૦૨.૨૫	૨૭૪૦૨.૨૫
	કુલ આવક	૩૪૧૬૮.૨૯	૩૪૧૬૮.૨૯
	આંતરીક ભંડોળ/લોન	૧૨૨૦૦.૦૦	૧૨૪૦૦.૦૦
૩	કેપીટલ ખર્ચ	૪૬૨૪૯.૦૯	૪૬૪૪૯.૦૯
	કુલ કેપીટલ ખર્ચ	૪૬૨૪૯.૦૯	૪૬૪૪૯.૦૯
	બાકી સિલક/ખાધ	**૧૧૯.૨૦**	**૧૧૯.૨૦**

સને ૨૦૧૫-૨૦૧૬ ના રીવાઇઝ્ડ બજેટમાં સમગ્ર સભાએ કરેલા ફેરફારથી થતા વધારા-ઘટાડાનું પત્રક

(રૂ. લાખમાં)

અ.નં.	બજેટ કોડ	સદર	સ્થાયી સમિતિએ મંજૂર કરેલ અંદાજ	સમગ્ર સભાએ મંજૂર કરેલ અંદાજ	વધારો	ઘટાડો
રેવન્યુ બજેટ ભાગ ૧ (રેવન્યુ ખર્ચ)						
૧	B ૦૫૦૨૩૪૨	વોટર પ્રિવેન્શન એન્ડ કન્ટ્રોલ પોલ્યુશન સેસ એકટ ૧૯૮૭ મુજબ સરકારશ્રીમાં ભરવા માટે	૮૦.૦૦	૯૫.૦૦	૧૫.૦૦	૦.૦૦
૨	કન્ટીજન્સી સામાન્ય	**સર સયાજીરાવ નગરગૃહ(લાઇટ બીલ)**	૨૦.૦૦	૩૦.૦૦	૧૦.૦૦	૦.૦૦
૩	કન્ટીજન્સી સામાન્ય	વહીવટી વોર્ડ નંબર : ૧૧ (લાઇટ બીલ)	૧.૮૦	૨.૮૦	૧.૦૦	૦.૦૦
		કુલ વધ - ઘટ	૮૦.૦૦	૯૫.૦૦	૨૬.૦૦	૦.૦૦
રેવન્યુ બજેટ ભાગ ૨ (કેપીટલ ખર્ચ)						
૧	D ૧૮૦૧૬૧૭	શહેરના નાગરીકોને ફરીયાદોનો ઝડપી નિકાલ માટે (સભાસદ દીઠ રૂ. ૨૫ લાખ)	૮૦૦.૦૦	૧૦૦૦.૦૦	૨૦૦.૦૦	૦.૦૦
		કુલ વધ - ઘટ	૮૦૦.૦૦	૧૦૦૦.૦૦	૨૦૦.૦૦	૦.૦૦
રેવન્યુ બજેટ ભાગ ૨ (કેપીટલ જમા)						
૧	C ૦૧૦૬૬૦૮	ગેપ ફંડીંગની લોનની આવક	૧૨૨૦૦.૦૦	૧૨૪૦૦.૦૦	૨૦૦.૦૦	૦.૦૦
		કુલ વધ - ઘટ	૧૨૨૦૦.૦૦	૧૨૪૦૦.૦૦	૨૦૦.૦૦	૦.૦૦

સને ૨૦૧૬-૨૦૧૭નું ડ્રાફ્ટ અંદાજપત્ર

સને ૨૦૧૬-૨૦૧૭ ના સ્થાયી સમિતિએ મંજૂર કરેલ વડોદરા મહાનગરપાલિકાનું ડ્રાફ્ટ અંદાજપત્ર (ભાગ ૧,૨,૩)નો અભ્યાસ કરતાં કેટલાક ફેરફારસહ મંજૂર કરવાનું ઠરાવવામાં આવે છે. મહાનગરપાલિકાના ભ

સને ૨૦૧૬-૨૦૧૭ જમા બાજુ

(રૂા.લાખમાં)

અ. નં.	આવકનું સદર	સ્થાયી સમિતિએ મંજૂર કરેલ અંદાજ	સમગ્ર સભાએ મંજૂર કરેલ અંદાજ
૧	મ્યુનિસિપલ કર અને દર	૩૫૩૨૧.૨૫	૩૫૩૨૧.૨૫
૨	ખાસ કાયદા મુજબ	૮૧૯૨.૬૦	૮૧૯૨.૬૦
૩	મ્યુનિસિપલ મિલકતમાંથી ભાડુ તથા વ્યાજ	૬૧૫૫.૩૫	૬૧૫૫.૩૫
૪	સરકાર મદદ	૪૪૨૬૨.૧૬	૪૪૨૬૨.૧૬
૫	અન્ય આવક	૫૩૮૧.૦૦	૫૩૮૧.૦૦
	કુલ ..	૯૯૩૧૨.૩૬	૯૯૩૧૨.૩૬
૬	સૂચિત વધારો (મહેસુલી)	૨૦૦.૦૦	૨૦૦.૦૦
	કુલ ..	૯૯૫૧૨.૩૬	૯૯૫૧૨.૩૬

સને ૨૦૧૬-૨૦૧૭ ખર્ચ બાજુ

(રૂા.લાખમાં)

અ. નં.	ખર્ચનું સદર	સ્થાયી સમિતિએ મંજૂર કરેલ અંદાજ	સમગ્ર સભાએ મંજૂર કરેલ અંદાજ
૧	મહેકમ	૪૯૫૪૩.૩૫	૪૯૫૪૩.૩૫
૨	કન્ટીજન્સી	૩૭૪.૮૦	૩૭૪.૮૦
૩	નિભાવણી	૨૫૯૬૯.૧૪	૨૫૯૭૯.૧૪
૪	પ્રાથમિક શિક્ષણ	૧૨૯૯૮.૩૫	૧૨૯૯૮.૩૫
૫	લોન ચાર્જીસ	૩૮૫૧.૮૦	૩૮૫૧.૮૦
	કુલ ..	૯૨૭૩૭.૪૪	૯૨૭૪૭.૪૪

સને ૨૦૧૬-૨૦૧૭ ડ્રાફ્ટ બજેટ સમગ્ર પરિસ્થિતિ

અ. નં.	સદર	સ્થાયી સમિતિએ મંજૂર કરેલ અંદાજ	સમગ્ર સભાએ મંજૂર કરેલ અંદાજ
૧	ખુલતી સિલક	૩૪૨૦.૩૧	૩૩૯૪.૩૧
૨	આમદાની	૯૯૩૧૨.૩૬	૯૯૩૧૨.૩૬
	કુલ આમદાની	૯૯૩૧૨.૩૬	૯૯૩૧૨.૩૬
૩	રેવન્યુ ખર્ચ	૯૨૭૩૭.૪૪	૯૨૭૪૭.૪૪
	કુલ રેવન્યુ ખર્ચ	૯૨૭૩૭.૪૪	૯૨૭૪૭.૪૪
	બાકી સિલક/ખાધ	**૯૯૫.૨૩**	**૯૫૯.૨૩**
	કરવેરાનો સૂચિત વધારો	**૨૦૦.૦૦**	**૨૦૦.૦૦**
	સૂચિત વધારા સહની બાકી સિલક/ખાધ	૧૦૧૯૫.૨૩	૧૦૧૫૯.૨૩
૪	કેપીટલ બજેટમાં તબદીલ કરવાપાત્ર રકમ	૫૫૦૦.૦૦	૫૫૦૦.૦૦
	ચોખ્ખી બાકી સિલક/ખાધ	**૪૬૯૫.૨૩**	**૪૬૫૯.૨૩**

સને ૨૦૧૬-૨૦૧૭ ડ્રાફ્ટ કેપીટલ બજેટ સમગ્ર પરિસ્થિતિ

(રૂા.લાખમાં)

અ. નં.	સદર	સ્થાયી સમિતિએ મંજૂર કરેલ અંદાજ	સમગ્ર સભાએ મંજૂર કરેલ અંદાજ
૧	ખુલતી સિલક	૧૧૯.૨૦	૧૧૯.૨૦
	રેવન્યુ બજેટમાંથી તબદીલ કરવાપાત્ર રકમ	૫૫૦૦.૦૦	૫૫૦૦.૦૦
૨	કેપીટલ આમદાની	૩૦૧૭૭.૨૫	૩૦૧૭૭.૨૫
	કુલ આવક	૩૫૭૯૬.૪૫	૩૫૭૯૬.૪૫
	આંતરીક ભંડોળ/લોન	૨૦૦૦૦.૦૦	૨૦૦૦૦.૦૦
૩	કેપીટલ ખર્ચ	૫૫૪૩૩.૪૫	૫૫૩૮૫.૪૫
	બાકી સિલક/ખાધ	**૩૬૩.૦૦**	**૪૧૧.૦૦**

સને ૨૦૧૬-૨૦૧૭ ના ડાફ્ટ બજેટમાં સમગ્રસભાએ કરેલા ફેરફારથી થતા વધારા-ઘટાડાનું પત્રક

(રૂા.લાખમાં)

અ. નં.	બજેટ કોડ	સદર	સ્થાયી સમિતિએ મંજૂર કરેલ અંદાજ	સમગ્રસભાએ મંજૂર કરેલ અંદાજ	વધારો	ઘટાડો
રેવન્યુ બજેટ ભાગ ૧ (રેવન્યુ ખર્ચ)						
૧	B ૧૬૦૧૩૧૩	કોર્પો. કર્મચારીઓ, સભાસદશ્રીઓ માટે રમત પ્રવૃતિ	**૫.૦૦**	**૧૫.૦૦**	**૧૦.૦૦**	**૦.૦૦**

		કુલ વધ - ઘટ	૫.૦૦	૧૫.૦૦	૧૦.૦૦	૦.૦૦

(રૂા.લાખમાં)

અ. નં.	બજેટ કોડ	સદર	સ્થાયી સમિતિએ મંજૂર કરેલ અંદાજ	સમગ્રસભાએ મંજૂર કરેલ અંદાજ	વધારો	ઘટાડો
રેવન્યુ બજેટ ભાગ ૨ (કેપીટલ ખર્ચ)						
૧	D ૧૮૦૧૬૧૭	શહેરના નાગરીકોને ફરીયાદોનો ઝડપી નિકાલ માટે (સભાસદ દીઠ રૂ. ૨૫ લાખ)	૧૦૭૫.૦૦	૮૭૫.૦૦	૦.૦૦	૨૦૦.૦૦
૨	D ૧૮૦૧૬૦૨	ચાલુ વર્ષના સભાસદશ્રીઓના સૂચન મુજબના તેમના મત વિસ્તારના (કોટાના કામો માટે) (સભાસદશ્રી દીઠ રૂા. ૧૨ લાખ મુજબ)	૭૬૦.૦૦	૯૧૨.૦૦	૧૫૨.૦૦	૦.૦૦
		કુલ વધ - ઘટ	૧૦૭૫.૦૦	૮૭૫.૦૦	૧૫૨.૦૦	૨૦૦.૦૦

પરિશિષ્ટ ૧૦: લાગત

સને ૨૦૧૬-૧૭ માટે લેવા પાત્ર જુદી જુદી લાગતોના સ્થાયી સમિતિએ ભલામણ કરેલ પરિશિષ્ટ-૧૦ લાગતોમાં કેટલાક સુધારા સહ મંજુર કરવામાં આવે છે. અને તે મુજબ સને ૨૦૧૬-૧૭માટે લાગતો લેવાનું ઠરાવવામ

કામોની યાદી:

સને ૨૦૧૬-૨૦૧૭ની સ્થાયી સમિતિએ રજુ કરેલી કામોની યાદી કેટલાક સુધારાસહ મંજૂર કરવામાં આવે છે અને તે મુજબ સને ૨૦૧૬-૨૦૧૭ ની કામોની યાદી પ્રસિધ્ધ કરવાનું ઠરાવવામાં આવે છે.

સને ૨૦૧૫-૨૦૧૬ના કેપીટલ બજેટની મંજૂર કરેલ જોગવાઇ પેટે વર્ષ આખર સુધી જેટલી રકમનો ખર્ચ નહીં પડેલ હોય તેટલી રકમથી ૨૦૧૬-૧૭ની જોગવાઇ ઉમેરીને વધારે ગણવાની રહેશે. તેમજ ૨૦૧૫-૧૬ દરમ્ય

પગાર પેન્શન, નિવૃતિ બાદના ચુકવણા, લાઇટ બીલ, ટેલીફોન બીલ, સરકારી ચુકવણા માટે બજેટ જોગવાઈ અપુરતી રહે ત્યારે માઇન્સમાં ખતવણી કરી ચુકવણા કરવા ઠરાવવામાં આવે છે.

બજેટ ઉપર કર-દર તથા કર-દર સુચનો અંગેની ૧ થી ૧૫ નંબરની દરખાસ્તો વધુ મતે નામંજૂર.

બજેટ ઉપરની પરિ-૧૦ લાગતોની દરખાસ્તો નં ૧૬ થી ૮૫ વધુ મતે નામંજૂર.

બજેટ ઉપર આવેલ દરખાસ્તો પૈકી નિર્ણય થયા સિવાયની દરખાસ્તો મેયરશ્રીની સંમતિથી દરખાસ્ત મુકનારા સભાસદશ્રીઓ તરફથી પરત ખેંચી લેવામાં આવે છે.

<u>બજેટ અંગેના સૂચનો :</u>

-૧ અંધ તેમજ જેઓની વિકલાંગતા ૫૦% ઉપરની હોય)દિવ્યાંગ) તેવા નાગરીકોને પ્રોપર્ટી ટેક્ષમાં ૨૫% રીબેટ આપવા અલગથી દરખાસ્ત કરવા સૂચન છે.

-૨ સોસાયટી / એપાર્ટમેન્ટમાં ક્લબ હાઉસ બનાવવામાં આવે છે. જેનો ઉપયોગ ફક્ત સોસાયટી / એપાર્ટમેન્ટમાં રહેતા નાગરિકો જ કરતા હોય છે અને વ્યાપારીક ઉપયોગ થતો ના હોય તો તેની આકરણી રહેણાંક પ્રમાણે કરવા સૂચન છે.

-૩ વડોદરા શહરને WIFI CITY પી.પી.પી.નાં ધોરણે બનાવવાનું સૂચન છે.

-૪ શહેરનાં અમુક બગીચાઓમાં રમત-ગમત અને કસરતનાં સાધનો મુકવામાં આવ્યા છે જેનો નાગરીકો સારી રીતે ઉપયોગ કરે છે તો બાકી રહેલા અન્ય બગીચાઓમાં રમત-ગમત અને કસરતનાં સાધનો મુકવામાં આવે તેવી કાર્યવાહી કરવા સચન છે.

-૫ મ્યુનિસિપલ સ્કુલો માટે ૫૦૦ ની સીટીંગ કેપેસીટીવાળું ઓડીટોરીયમ બનાવવા સૂચન છે.

-૬ મ્યુનિસિપલ સ્કુલોના બાળકો માટે બે બસની વ્યવસ્થા કરવા સૂચન છે.

-૭ પડતર પ્રશ્નો માટે મેયરશ્રીની અધ્યક્ષતામાં સર્વદલીય મીટીંગ કરી સરકારમાં રજુઆત કરવા સૂચન છે.

-૮ શહેરની વિવિધ સોસાયટીના નામના બોર્ડ પર વિવિધ કંપનીઓ દ્વારા જાહેરાત કરી છે. આ કંપનીઓ પાસેથી લાગત વસુલ કરવા સૂચન છે.

-૯ મ્યુનિસિપલ શાળાઓના વહીવટ પેપરલેસ થાય તે દિશામાં કાર્યવાહી કરવા સૂચન છે.

-૧૦ કોર્પોરેશનનો વહીવટ પણ પેપરલેસ થાય તે દિશામાં આગળ વધારવા કાર્યવાહી કરવા સૂચન છે.

-૧૧ સ્કુલોનાં ભાડા બાબતે ચાલતા હાઇકોર્ટના કેસોને ઝડપી નિકાલ લાવવા કમિશનરશ્રીને સૂચન કરવામાં આવે છે.

-૧૨ નવા સિમાંકન પ્રમાણે નવા વહીવટી વોર્ડની તાકીદે રચના કરવા સૂચન છે.

-૧૩ સમગ્ર વડોદરા શહેરનાં રાજ્ય સરકારની, કેન્દ્ર સરકારની બિલ્ડીંગો, સ્કુલો, હોસ્પીટલો વિગેરેની રીવાઇઝડ આકારણી કરવા સૂચન છે.

-૧૪ નુર્મ અને ઇ.ડબલ્યુ.એસ. અને બી.એસ.યુ.પી નાં મકાનોનાં રોડ પર સ્ટ્રીટલાઇટની સુવિધા ઉભી કરવા સૂચન છે. જે એપાર્ટમેન્ટ પાણીટાંકી તથા ડ્રેનેજ તુટી ગયેલ છે નિર્માણ કરતા ઇજારદાર પાસે કરાવી.

-૧૫ સી.સી. અને ઓ.સી. આપતી વખતે રોડ, પાણી, ડ્રેનેજ અને શક્ય હોય તો સોલર સ્ટ્રીટલાઇટની સુવિધા સાથે રોડની બન્ને બાજુ ડક રાખવા જેમાં અલગ-અલગ કલર કોડ સાથે લાઇનો નાંખવી જેથી રોડ તોડવા ન પડે. આ વ્યવસ્થા બિલ્ડર દ્વારા ડેવલપ કરી આપી હોય તો જ સર્ટીફીકેટ આપવું. વધુમાં વોટર રી-ચાર્જ માટે વોટર રી-ચાર્જ વેલ બનાવવાનું ફરજીયાત કરવા સૂચન છે.

-૧૬ શહેરની હદમાં આવેલા વુડાનાં પ્લોટો વડોદરા મહાનગરપાલિકાનાં હસ્તક લેવા માટેની કાર્યવાહી કરવા મ્યુનિસિપલ કમિશનરશ્રીને સત્તા આપવાનું ઠરાવવામાં આવે છે.

-૧૭ અન્ય તળાવો ડેવલપ કરવાની સાથે લક્ષ્મીપુરા તળાવોને ડેલવપ કરવા સૂચન છે.

-૧૮ શિડ્યુલ પ્રમાણેની જગ્યાઓ જે ખાલી છે તેને છ મહીનામાં ભરી દેવા કાર્યવાહી કરવા સૂચન છે.

-૧૯ ક્વોટાનાં ૪૦% માં રોડા-છારૂ, હાર્ડમુરમ, માટી, ટ્રી-ગાર્ડ બાંકડા, કવોરી ડસ્ટ નાખી શકાશે તેવું ઠરાવવામાં આવે છે.

-૨૦ કનેક્ટીવીટી રોડ જ્યાં સંપાદનને લીધે અટકતા હોય ત્યાં સંપાદનની કાર્યવાહી કરી રોડ ડેવલપ કરવા સૂચન છે.

-૨૧ (Easy of Doing Business) માટે ટાઉન પ્લાનીંગની મંજુરી ઓટોકેડના માધ્યમથી ઓનલાઇન જ આપવા માટેની કાર્યવાહી કરવા સૂચન છે.

-૨૨ ટાઉન પ્લાનીંગ તેમજ ફાયર ડિપાર્ટમેન્ટ તેમજ અન્ય તમામ વિભાગોની સર્વિસને ઓનલાઇન કરવા સૂચન છે.

-૨૩ સરકારમાં પડતર પડેલી ટી.પી. સ્કીમોનો ઝડપી નિકાલ કરવાની કાર્યવાહી કરવા સૂચન છે.

-૨૪ વર્ષ ૨૦૦૩ અગાઉની અને વર્ષ ૨૦૦૩ પછીની વેરા વ્યાજ માફીની ઇલાયદા દરખાસ્ત લાવવા સૂચન છે.

-૨૫ રે.સર્વે નં.૨૧૧ ટી.પી.૬૧ માં હાઇટેન્શન લાઇન પસાર થતી હોઇ ત્યાં જગ્યાએ શાક માર્કેટ અને બગીચો બનાવવાનું સૂચન છે.

-૨૬ દરેક સભાસદશ્રીઓનો ક્વોટા રૂ.૧૨ લાખ કરવાનું ઠરાવવામાં આવે છે.

-૨૭ શહેરને ગ્રીન સીટી બનાવવા માટે પ્રોત્સાહક યોજના આપવા સૂચન છે.

-૨૮ ગ્રીન બિલ્ડીંગને સ્પેશ્યલ - એફ.એસ.આઇ. માટે રાજ્ય સરકારમાં રજુઆત કરવાની આગળની કાર્યવાહી કરવા કમિશનરશ્રીને સૂચના આપવામાં આવે છે.

-૨૯ દરેક પાણીની ટાંકી ઉપર ફ્લો-મીટર મુકવા વ્યવસ્થા કરવા સૂચન છે.

-૩૦ સફાઇ કર્મચારીના બાળકોના શિક્ષણ અને આરોગ્ય માટે પ્રોત્સાહક યોજના બનાવવા સૂચન છે.

-૩૧ સ્ટાફને ટ્રેનીંગની કાયમી વ્યવસ્થા કરવા સૂચન છે.

-૩૨ વડોદરા શહેરના ઝુંપડાઓમાં રહેતો નાગરીક અને વસાહતમાં રહેતાં નાગરીકોની જગ્યાની આકારણીનો સર્વે કર્યા બાદ આકારણી કરતા સમયે છેલ્લા ત્રણ વર્ષને ધ્યાનમાં લઇ આકારણી કરવા સૂચન છે.

-૩૩ દરેક હાઇરાઇઝ તથા લો રાઇઝ એપાર્ટમેન્ટમાં લોકોની સેફ્ટી માટે સી.સી.ટી.વી. કેમેરા બિલ્ડરો દ્વારા મુકાવવા સૂચન છે.

-૩૪ સરકારશ્રીએ ટોટલ બજેટના ૨૦% તેમની સુવિધા માટે કાયદો ૬૩-સી પ્રમાણે અમલ કરવો અને નાની ગલીઓમાં પેવર બ્લોક નાખી આપવા.

વિષય :3

નગરપ્રાથમિક શિક્ષણ સમિતિ સને ૨૦૧૬-૧૭ ના અંદાજપત્ર અંગે સામાન્ય સભા ઠરાવ અંક - ૧૫૨/તા. ૨૦-૦૨-૨૦૧૬

નગર પ્રાથમિક શિક્ષણ સમિતિનું સને ૨૦૧૬-૧૭ નું અંદાજપત્ર કેટલાંક ફેરફાર સહ (સામેલ પત્રક મુજબ)સર્વાનુમતે મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.

નગર પ્રાથમિક શિક્ષણ સમિતિના સને ૨૦૧૬-૧૭ ના ડ્રાફ્ટ બજેટમાં સામાન્ય સભાએ કરેલ ફેરફારથી મંજૂર થયેલ ખર્ચનું પત્રક :

અ.નં.	ખર્ચ	૨૦૧૬-૧૭ ના વર્ષની સમિતિની ભલામણ પ્રમાણે ખર્ચ	૨૦૧૬-૧૭ નો કોર્પોરેશને મંજુર કરેલ ખર્ચ
અ	આવર્તક ખર્ચ (સરકારી ૮૦% તથા મહાનગર સેવા સદન ૨૦%)		
અ-૧	કચેરી મહેકમનો પગાર ખર્ચ	૨૬૨૫૦૦૦	૨૬૨૫૦૦૦
અ-૨	કચેરી અંગે થનાર ખર્ચ	૯૫૧૦૦૦	૯૫૧૦૦૦
અ-૩	સાર્વજનિક કેળવણી	૧૦૬૫૬૬૩૯૦૦	૧૦૬૫૬૬૩૯૦૦
અ-૪	શાળા સંચાલન અંગે આવર્તક ઇતર ખર્ચ	૫૪૧૦૦૦૦	૫૪૧૦૦૦૦
અ-૫	ધિરાણ, લોન, ડીપોઝીટ, એડવાન્સ વિ.		
	અ-૧, ૨, ૩, ૪, ૫ નું કુલ	**૧૦૭૪૬૪૯૯૦૦**	**૧૦૭૪૬૪૯૯૦૦**
બ	આવર્તક ખર્ચ (મહાનગર સેવા સદન ૧૦૦%)		
બ-૧	કચેરી મહેકમનો પગાર ખર્ચ	૯૦૮૮૮૦૦	૯૦૮૮૮૦૦
બ-૨	કચેરી અંગે થનાર ખર્ચ	૩૫૦૧૦૦૦	૩૫૦૧૦૦૦
બ-૩	સાર્વજનિક કેળવણી	૧૭૮૮૯૦૦૦૦	૧૭૮૮૯૦૦૦૦
બ-૪	શાળા સંચાલન અંગે આવર્તક ઇતર ખર્ચ	૩૩૭૦૬૦૦૦	૩૩૭૦૬૦૦૦
બ-૫	ધિરાણ, લોન, ડીપોઝીટ, એડવાન્સ વિ.		
	બ-૧, ૨, ૩, ૪, ૫ નું કુલ	**૨૨૫૧૮૫૮૦૦**	**૨૨૫૧૮૫૮૦૦**
	અ + બ નું કુલ	**૧૨૯૯૮૩૫૭૦૦**	**૧૨૯૯૮૩૫૭૦૦**

સને ૨૦૧૬-૧૭ નું કોર્પોરેશને મંજુર કરેલ ખર્ચનું ફાળવણી પત્રક

		સરકારી ફાળો	કોર્પોરેશન ફાળો			કુલ
		૮૦%	૨૦%	૧૦૦%	૨૦%+૧૦૦% નું કુલ	
અ	આવર્તક ખર્ચ (સરકારી ૮૦% તથા મહાનગર સેવા સદન ૨૦%)					
અ-૧	કચેરી મહેકમનો પગાર ખર્ચ	૨૧૦૦૦૦૦	૫૨૫૦૦૦		૫૨૫૦૦૦	૨૬૨૫૦૦૦
અ-૨	કચેરી અંગે થનાર ખર્ચ	૭૬૦૮૦૦	૧૯૦૨૦૦		૧૯૦૨૦૦	૯૫૧૦૦૦
અ-૩	સાર્વજનિક કેળવણી	૮૫૨૫૩૧૧૨૦	૨૧૩૧૩૨૭૮૦		૨૧૩૧૩૨૭૮૦	૧૦૬૫૬૬૩૯૦૦
અ-૪	શાળા સંચાલન અંગે આવર્તક ઇતર ખર્ચ	૪૩૨૮૦૦૦	૧૦૮૨૦૦૦		૧૦૮૨૦૦૦	૫૪૧૦૦૦૦
અ-૫	ધિરાણ, લોન, ડીપોઝીટ, એડવાન્સ વિ.				૦	૦
	અ-૧, ૨, ૩, ૪, ૫ નું કુલ	**૮૫૯૭૧૯૯૨૦**	**૨૧૪૯૨૯૯૮૦**	**૦**	૨૧૪૯૨૯૯૮૦	**૧૦૭૪૬૪૯૯૦૦**
બ	આવર્તક ખર્ચ (મહાનગર સેવા સદન ૧૦૦%)					
બ-૧	કચેરી મહેકમનો પગાર ખર્ચ			૯૦૮૮૮૦૦	૯૦૮૮૮૦૦	૯૦૮૮૮૦૦
બ-૨	કચેરી અંગે થનાર ખર્ચ			૩૫૦૧૦૦૦	૩૫૦૧૦૦૦	૩૫૦૧૦૦૦
બ-૩	સાર્વજનિક કેળવણી			૧૭૮૮૯૦૦૦૦	૧૭૮૮૯૦૦૦૦	૧૭૮૮૯૦૦૦૦
બ-૪	શાળા સંચાલન અંગે આવર્તક ઇતર ખર્ચ			૩૩૭૦૬૦૦૦	૩૩૭૦૬૦૦૦	૩૩૭૦૬૦૦૦
બ-૫	ધિરાણ, લોન, ડીપોઝીટ, એડવાન્સ વિ.				૦	૦
	બ-૧, ૨, ૩, ૪, ૫ નું કુલ	૦	૦	**૨૨૫૧૮૫૮૦૦**	૨૨૫૧૮૫૮૦૦	**૨૨૫૧૮૫૮૦૦**
	અ + બ નું કુલ	**૮૫૯૭૧૯૯૨૦**	**૨૧૪૯૨૯૯૮૦**	**૨૨૫૧૮૫૮૦૦**	૪૪૦૧૧૫૭૮૦	**૧૨૯૯૮૩૫૭૦૦**

વડોદરા મહાનગરપાલિકાની અગાઉ નક્કી થયેલ નીતી અનુસાર નગર પ્રાથમિક શિક્ષણ સમિતિનાં ૧૦૦ ટકા ખર્ચવાળા કામો કમિશનરશ્રીની પૂર્વ મંજૂરી મેળવ્યા બાદ વડોદરા મહાનગરપાલિકાની ચીફ ઓડીટરની કચેરીએથી ઓડીટ પધ્ધતીથી મંજૂર કરાવીને ચુકવણાં કરવાના રહેશે.આ ઉપરાંત કોઇપણ સદરેથી રકમ વર્ગફેર કરવાની જરૂરીયાત ઉભી થયેથી સમગ્રસભાની પૂર્વ મંજૂરી મેળવવાની રહેશે.

સને ૨૦૧૫-૧૬ ના રીવાઇઝ્ડ અંદાજપત્ર તથા સને ૨૦૧૬-૧૭ ના ડ્રાફ્ટ અંદાજપત્ર અંગે સ્થાયી સમિતિ ઠરાવ અંક: ૫૨૦/તા. ૩-૦૨-૨૦૧૬

ધી ગુજરાત પ્રોવીન્શીયલ મ્યુનિસિપલ કોર્પોરેશન એકટ ૧૯૪૯ના ધોરણ અનુસાર સને ૨૦૧૬-૧૭ માટે કરવેરાનું ધોરણ નીચે પ્રમાણે અમલમાં મુકવા અભિપ્રાય છે.

<u>સામાન્ય કર:-</u>

ધી જી. પી. એમ. સી. એક્ટ ૧૯૪૯ ની કલમ ૧૪૧ એએ થી એફ અનુસાર સને ૨૦૧૬-૧૭ ના બજેટમાં નીચે પ્રમાણે સામાન્ય કર અમલમાં મુકવા અભિપ્રાય છે.

ધી જી. પી. એમ. સી. એક્ટ ૧૯૪૯ ની કલમ ૧૪૧ એએ અનુસાર સને ૨૦૧૬-૧૭ ના વર્ષ માટે રહેણાંક મિલક્તો માટે પ્રતિ ચો. મી. દીઠ ₹ ૧૬/- હાલનો દર તથા રહેણાંક સિવાયની મિલક્તો માટે હાલનો પ્રતિ ચો. મી. ₹ ૩૦/-નો દર યથાવત રાખવા અભિપ્રાય છે. પરંતુ રહેણાંક સિવાયની મિલક્તો પૈકી નીચે જણાવેલ મિલક્તના ઉપયોગ પરિબળના ભારાંકમાં અને વર્ગીકરણમાં નીચે દર્શાવેલ એનેક્ષર "અ" મુજબ ફેરફાર સુચવવામાં આવે છે.

<u>"એનેક્ષર-અ"</u>

ધી જી પી એમ સી એક્ટ ૧૯૪૯ ની કલમ ૧૪૧(બી) પ્રમાણે મિલક્ત કર નાખવા અંગે ધી જી. પી. એમ. સી. એક્ટ ૧૯૪૯ અનુસુચી "ક" કરવેરા નિયમો ને શ. વિ. અને શ. ગૃ. નિર્માણ વિભાગના ઠરાવ ક્રમાંક વમન/૮૦૨૦૦૩/૩૯૧/પી. તા. ૨૮-૨-૨૦૦૩ થી મંજુર મળેલી જે નિયમો તા. ૨૬-૩-૨૦૦૩ના ગુજરાત સરકારશ્રીના એક્સ્ટ્રા ઓર્ડીનરી ગેજેટ પાર્ટ ટુ માં પ્રસિધ્ધ થયેલા છે. ધી જી. પી. એમ. સી.એક્ટ ૧૯૪૯ ની ક્લમ ૪૫૪ મુજ્બના સુધારાઓ તા. ૨-૮-૨૦૦૪ ના સરકારશ્રીના ગેઝેટ માં પ્રસિધ્ધ થયેલા છે અને તે સુધારાઓ તા. ૧-૪-૨૦૦૪ થી અમલમાં આવેલા છે. અને ત્યાર બાદ ફરીથી ધી જી. પી. એમ. સી એક્ટ ૧૯૪૯ અનુસુચી "ક" ના પ્રકરણ ૮ અંગે વડોદરા મહાનગરપાલિકાના કરવેરાના નિયમો ધી જી. પી. એમ. સી એક્ટ ૧૯૪૯ કલમ ૪૫૪ (સુધારા) ૨૦૦૭ તા. ૧૦-૧-૨૦૦૮ થી સરકારશ્રીના ગેઝેટ પ્રસિધ્ધ થયેલા છે. જે તા. ૧-૪-૨૦૦૩ થી અમલમાં આવેલા છે. ત્યાર બાદ રહેણાંક સિવાયની મિલકતોના કેટલાક ઉપયોગ પરિબળ ના ખંડ "ખ" ના ભારાંકમાં શ. વિ. ગૃ. નિર્માણ વિભાગના ઠરાવ ક્રમાંક વમન/ ૮૦૨૦૧૧/ ૩૪૭૮/ પી. તા. ૪-૮-૨૦૧૧ થી આપેલી મંજૂરી મળેલી જે ને સરકારશ્રીના એક્સ્ટ્રા ઓર્ડીનરી ગેઝેટ પાર્ટ-ટુ માં પ્રસિધ્ધ કરી તા. ૧-૪-૨૦૧૧ થી અમલમાં મુકવામાં આવેલા છે.

કમિશનરશ્રી તરફથી કરવામાં આવેલી કરદરની દરખાસ્ત પૈકી ઉપયોગ પરિબળના ભારાંકમાં તેમજ વર્ગીકરણમાં સુધારો સુચવતી દરખાસ્ત નામંજુર કરવામાં આવે છે તેના બદલે મિલક્તના ઉપયોગ પરિબળના ભારાંક અને મિલક્તના વર્ગીકરણમાં નીચે મુજબનો સુચિત ફેરફાર કરવા અભિપ્રાય છે.

પરિશિષ્ટ-"અ"

અ. નં.	શિડ્યુલ "એ" ના નિયમ ૮ ઘ	હાલના ધોરણે નિર્દિષ્ટ મિલક્ત	હાલનો ભારાંક	સુચીત સુધારો	સુચિત ભારાંક
૧	૨	૩	૪	૫	૬
૧	ખંડ- ખ (૬)	નીચે પ્રમાણે ઉપયોગ કરેલ ઇમારતોના સંબંધમાં :- બેંક, બેંકીંગ સર્વીસીસ, પેટ્રોલ/ડીઝલ પંપ, ગેસ સ્ટેશન, કોમર્સીયલ ઓફીસ, કેંદ્ર સરકાર અથવા રાજ્ય સરકાર કેસ્થાનિક સ્વરાજ્યની ઓફીસો જે ખંડ ક અને ખંડ ખ (૩) થી (૫) અને (૭) થી (૯) ના ઉદાહરણોવાળી સંસ્થાની ઓફીસો જે, જે તે સંસ્થાની પ્રિમાઇસીસમાં ન હોય તેવી ઓફીસો, મોબાઇલ ફોન ટાવર, પેજર એન્ટેના, ડીશ એન્ટેના ,તમામ પ્રકારના ટાવર એન્ટેના	₹ ૪.૫૦	નીચે પ્રમાણે ઉપયોગ કરેલ ઇમારતોના સંબંધમાં :- (૧) રાષ્ટ્રીય કૃત અને ખાનગી બેંક, ખાનગી બેંકીંગ સર્વીસીસ, કેંદ્ર સરકાર અથવા રાજ્ય સરકાર કે સ્થાનિક સ્વરાજ્યની ઓફીસો જે ખંડ-ક અને ખંડ-ખ (૩) થી (૫) અને (૭) થી (૯) ના ઉદાહરણોવાળી સંસ્થાની ઓફીસો જે, જે તે સંસ્થાની પ્રિમાઇસીસમાં ન હોય તેવી ઓફીસો, મોબાઇલ ફોન ટાવર, પેજર એન્ટેના, ડીશ એન્ટેના ,તમામ પ્રકારના ટાવર એન્ટેના (૨) કો. ઓ. બેંક, કો. ઓ. અને સહકારી બેકીંગ સર્વીસીસ, સહકારી મંડળીઓ, પેટ્રોલ/ડીઝલ પંપ, ગેસ સ્ટેશન, કોમર્સીયલ ઓફીસ,	₹ ૫.૬૦ ₹ ૪.૫૦
૨	ખંડ- ખ (૮)	નીચે પ્રમાણે દર્શાવેલા આનંદ પ્રમોદ અને મનોરંજનના હેતુ માટે વપરાતી ઇમારતોના સંદર્ભ:- સિનેમા ગૃહ, કલબ હાઉસ, મલ્ટીપ્લેક્ષ થીયેટર્સ, ઓપન એર થીયેટર્સ, જીમખાના, સ્પોર્ટ્સ સ્ટેડીયમ, વિગેરે.	₹ ૪.૫૦	નીચે પ્રમાણે દર્શાવેલા આનંદ પ્રમોદ અને મનોરંજનના હેતુ માટે વપરાતી ઇમારતોના સંદર્ભ:- (૧) કલબ હાઉસ, ઓપન એર થીયેટર્સ, જીમખાના, સ્પોર્ટ્સ સ્ટેડીયમ, વિગેરે. (૨) સિનેમા ગૃહ, મલ્ટીપ્લેક્ષ થીયેટર્સ, એ.સી. જીમખાના, વિગેરે.	₹ ૪.૫૦ ₹ ૫.૬૦

મિલક્તવેરાની રહેણાંક મિલક્તો સિવાયની મિલક્તોના વર્ગીકરણ પૈકી ખંડ **"ખ"** ના અનુક્રમ નં. ૬ અને ૮ માં જણાવેલી મિલક્તો માટે કોલમ ૫ અને ૬ માં સુચવ્યા મુજ્બ મિલક્તના વર્ગીકરણને અને ઉપયોગ પરિબળના ભારાંક્ને મંજૂરી આપવા ભલામણ છે. સદર સુધારો કોર્પોરેશનને પ્રાપ્ત સત્તાની મર્યાદામાં કરી શકાય તેમ છે.

પરિશિષ્ટ-"બ"

અ. નં.	શિડ્યુલ "એ" ના નિયમ ૮ ઘ	હાલના ધોરણે નિર્દિષ્ટ મિલક્ત	હાલનો ભારાંક	સુચીત સુધારો	સુચિત ભારાંક
૧	૨	૩	૪	૫	૬
૧	ખંડ- ખ (૭)	નીચે પ્રમાણમાં ઉદાહરણો કે જેનો ઉપયોગ વાણીજ્ય હેતુ માટે થાય છે તેવી ઇમારતો માટે:- તમામ પ્રકારની દુકાનો, તમામ પ્રકારના માર્કેટ, ગોડાઉન, વેર હાઉસ, તમામ પ્રકારની હોટલ, રેસ્ટોરાન્ટ, જીમનેશીયમ, તમામ પ્રકારના ટ્યુશન કલાસીસ, ટ્રેનિંગ અને વોકેશનલ ગાઇન્ડસ સંસ્થાઓ જે ઉપરોક્ત ખંડ ખ (૩) માં સમાવેશા થયેલ ન હોય તેવા	₹ ૩.૫૦	નીચે પ્રમાણમાં ઉદાહરણો કે જેનો ઉપયોગ વાણીજ્ય હેતુ માટે થાય છે તેવી ઇમારતો માટે:- (૧) મોલ ની તમામ પ્રીમાઇસીસ, થ્રી સ્ટાર અને ઉપરની રેંક ધરાવતી હોટલ, (૨) તમામ પ્રકારના માર્કેટ, ગોડાઉન, વેર હાઉસ, થ્રી સ્ટાર થી ઓછી રેંક ધરાવતી તમામ પ્રકારની હોટલ, રેસ્ટોરન્ટ, તમામ પ્રકારના ટ્યુશન કલાસીસ, ટ્રેનિંગ અને વોકેશનલ ગાઇન્ડસ સંસ્થાઓ જે ઉપરોક્ત ખંડ ખ (૩) અને ઉપર ૧ માં સમાવેશ થયેલ ન હોય તેવા	₹ ૫.૦૦ ₹ ૩.૫૦

મિલક્તવેરાની રહેણાંક મિલક્તો સિવાયની મિલક્તોના વર્ગીકરણ પૈકી ખંડ **"ખ"** ના અનુક્રમ નં. ૭ માં જણાવેલી મિલક્તો માટે કોલમ ૫ અને ૬ માં સુચવ્યા મુજ્બ મિલક્તના વર્ગીકરણને અને ઉપયોગ પરિબળના ભારાંક્ને મંજૂરી આપવા ભલામણ છે. સદર મંજૂરી મળે સરકારશ્રીની મંજૂરી મેળવવા અંગેની કાર્યવાહી માટે સ્થાનિક વર્તમાન પત્રમાં જાહેરાત આપી વાંધા સુચનો મંગાવવામાં આવશે અને આવેલ વાંધા સુચનો અંગે નિર્ણય કર્યા બાદ છેવટની મંજૂરી માટે સરકારશ્રીમાં મોક્લવામાં આવશે અને સરકારશ્રીની મંજૂરી મળ્યા બાદ સદર ફેરફાર અમલીકૃત કરવામા આવશે

કેબલ મનોરંજન કર :

સને ૨૦૧૪-૧૫ના વર્ષમાં સરકારશ્રી તરફથી જાહેરનામા ક્રમાંક:જીએસટી/૨૦૧૪/૨૩/ એમએનઆર/૧૦૨૦૧૪/૯૬૮/A મુજબ કેબલ મનોરંજન કરની વસુલાત કરવાની સત્તાઓ કોર્પોરેશન હસ્તક આપવામાં આવેલી છે. સદર જોગવાઇ અનુસાર શહેરના મુખ્ય કેબલ ઓપરેટર પાસેથી સદર વેરો ત્રિમાસિક ધોરણે પ્રતિ કનેકશન દીઠ માસિક ₹ ૬/- પ્રમાણે ૧૦૦ કનેકશનની સંખ્યાના ગુણાંકમાં વસુલ કરવાપાત્ર છે.

હાલમાં વડોદરા શહેરના ૩ મુખ્ય કેબલ ઓપરેટર જી.ટી.પી.એલ., ડેન તથા ઇનકેબલના કનેકશનની માહિતી કલેકટરશ્રીની કચેરી દ્વારા માહે માર્ચ-૨૦૧૪ માસમાં કરેલ સર્વે અનુસારની યાદી સાથે કોર્પોરેશનને સુપ્રત કરવામાં આવેલ છે અને ત્યારબાદ અત્રેથી કરેલ કાર્યેવાહી મુજબ કેબલ

મનોરંજન કરની વસુલાત કરવામાં આવે છે. સદર કામે વાર્ષિક રૂ. ૧.૨૦ કરોડ જેટલી આવક થવાની શકયતા છે. રાજય સરકારશ્રી દ્વારા વખતો વખત વસુલાતના ધોરણોમાં જે ફેરફાર કરવામાં આવશે તે મુજબના ફેરફારો લાગુ કરવામાં આવશે.

<u>દિવાબત્તી વેરો</u> :

વડોદરા મહાનગર પાલિકાના હદ વિસ્તારમાં આવેલ ઇમારતો અને મિલ્કતો ઉપર લાઇટીંગ ટેક્ષ નાખવાં કરવામાં આવેલી દરખાસ્તને સમગ્ર સભા ઠરાવ અંક ૩૪૨/ તા ૧૯-૨-૨૦૦૩ થી મંજુરી મળેલી છે સદર મંજુરી અન્વયે લાઇટીંગ ટેક્ષ નાખવા અંગે રાજ્ય સરકારશ્રીને દરખાસ્ત કરવામાં આવેલી જેને સરકારશ્રીના શ. વિ. અને શ. ગૃ. વિ. ઠરાવ અંક વમન ૮૦૨૦૦૩/૧૮૭૩/પી. તા ૨૫-૯-૨૦૦૩ થી મંજુરી મળેલી છે. સદર મંજુરીમાં "**લાઇટીંગ ટેક્ષ**" ના બદલે **"દિવાબત્તી વેરો"** (સ્ટ્રીટ લાઇટ ટેક્ષ) એ મતલબના સુધારા સહિત મ્યુનિસિપલ કોર્પોરેશનની દરખાસ્તને કામચલાઉ મંજુરી મળેલી છે.

સદર મંજુરી આધારે વડોદરા મહાનગર પાલિકા હદમાં આવેલ ઇમારતો અને મિકલ્કતો ઉપર દિવાબત્તી વેરો નાંખવા અંગેના નિયમોને સમગ્ર સભા. ઠરાવ અંક ૨૨૩/તા ૨૦-૩-૧૩ થી મંજુરી મળેલી સદર મંજુરી આધારે ધી જી.પી. એમ. સી. એક્ટની કલમ ૪૫૫ (૧) મુજ્બ જાહેર નોટીસ પ્રસિધ્ધ કરી વાંધાસુચનો મંગાવવામાં આવેલા હતા અને સદર વાંધાસુચનો ઉપર આખરી નિર્ણય કરવા અંગેની દરખાસ્ત મુક./સંકલન/આકારણી/એસ./ જી.બી/૨૫/૨૦૧૩-૧૪ તા. ૧૦/૦૪/૨૦૧૩ થી રજુ કરવામાં આવેલી છે. જેનો નિર્ણય થયે રાજ્ય સરકારશ્રીની છેવટની મંજુરી મેળવી અમલીકૃત કરવામાં આવશે

દરમ્યાન વહીવટી વર્ષ ૨૦૧૬-૧૭ માટે સ્ટ્રીટલાઇટ્ વેરા નો દર ગત વર્ષની મંજુરી મુજબ સામાન્ય કરના ૮% અથવા સદર નાણાંકીય વર્ષ માટે પ્રતિ યુનિટ ૧૨૦/- બેમાંથી જે વધુ હોય તે લાગુ કરવા અભિપ્રાય છે.

કન્ઝરવન્સી અને સુઅરેજ ટેક્ષઃ

શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના ઠરાવ ક્રમાંકઃ વમન/૮૦૨૦૦૭/૪૪૨૪/પી તા.૧૬-૫-૨૦૦૮ થી કન્ઝરવન્સી અને સુઅરેજ ટેક્ષના દરોને સરકારશ્રીની મંજુરી મળેલ છે.

ગુજરાત એકટ નં.૨/૨૦૦૭ ની કલમ ૧૪૧ એએ (બી) અન્વયે કન્ઝરવન્સી અને સુઅરેઝ ટેક્ષ નીચે મુજબના ધોરણોએ બજેટના વર્ષે લેવા મંજુરી મળવા અભિપ્રાય છે. આ દરોમાં ૨૦૧૬-૧૭ માટે કોઇ વધારો સુચવવામાં આવતો નથી.

અ.નં	કન્ઝરવન્સી અને સુઅરેઝ ટેક્ષ પાત્ર મિલ્કત	સામાન્ય કર પર ટકાવારી
૧.	ઝુંપડા	વાર્ષિક ઓછામાં ઓછા દર
૨.	૨૫ મીટર સુધીના રહેઠાણની મિલ્કત અને ચાલી	૧૫ %
૩.	ઉત્પાદન તેમજ ઔધોગિક હેતુ માટે ઇમારત, બેન્ક, પેટ્રોલ-ડીઝલ પંપ, ગેસ સ્ટેશન, રાજય સરકાર- કેન્દ્ર સરકારની ઓફીસ, કોમર્શીયલ ઓફિસ, મોબાઇલ ફોન ટાવર, પેજર એન્ટેના, ડીશ એન્ટેના, તદઉપરાંત તમામ પ્રકારની દુકાન, તમામ પ્રકારના માર્કેટ, ગોડાઉન, વેરહાઉસીસ, તમામ પ્રકારની હોટેલ,	૩૫ %

	રેસ્ટોરન્ટ, સર્વિસ સ્ટેશન, ગેરેજ, શોરૂમ, હેલ્થ સેન્ટર, જીમ્નેશીયમ, તમામ પ્રકારના ટ્યુશન કલાસીસ, ટ્રેનીંગ અને વોકેશનલ ગાઇડન્સ સંસ્થાઓ, આનંદ-પ્રમોદ અને મનોરંજનના હેતુ માટે વપરાતી ઇમારત, મેરેજ હોલ, કોમ્યુનીટી હોલ, વાડી, પાર્ટી પ્લોટ, કલબ પ્લોટ, પ્રદર્શન મેદાન, સિનેમાગૃહ, કલબ હાઉસ, મલ્ટીપ્લેક્ષ થીયેટર, ઓપન એર થીયેટર, જીમખાના, સ્પોર્ટસ સ્ટેડીયમ વિગેરે	
૪.	૨૫ મીટરથી વધુ ક્ષેત્રફળવાળા રહેઠાણની મિલ્કત અને ઉપર જાણાવ્યા સિવાયની બિન રહેઠાણની તમામ મિલ્કત	૨૫ %
૫.	ઓછામાં ઓછા વાર્ષિક દર (એકટમાં નિર્દિષ્ઠ કર્યા મુજબ)	₹ ૨૪/-

વડોદરા શહેરની હદ બહાર અપાયેલા ડ્રેનેજ કનેકશનો ઉપર લેવાપાત્ર કન્ઝરવન્સી સુઅરેઝ ટેક્ષ અંગેનું ધોરણઃ

મહાનગરપાલિકા હદ બહારના મકાનો માટે ડ્રેનેજ કનેકશન માટે ડ્રેનેજ કનેકશન દીઠ વાર્ષિક ₹ ૧૦૦૦/- લેખે કન્ઝરવન્સી ટેક્ષનું ધોરણ ગ્રાહ્ય રાખવા અભિપ્રાય છે. બહુમાળી મકાનોનાં કેસમાં દર યુનીટ દીઠ ચાર્જ ગણવા અભિપ્રાય છે.

હદ બહારના બિનધરગથ્થું ડ્રેનેજ કનેકશનો અંગેનું ધોરણઃ

મ્યુનિસિપલ હદ બહારના બિનધરગથ્થું મકાનો માટે પ્રતિ કનેકશન દીઠ વાર્ષિક હાલના દરે ₹ ૩૫૦૦/- લેખે કન્ઝરવન્સી ટેક્ષનું ધોરણ મંજૂર કરવા અભિપ્રાય છે.

વડોદરા શહેરીની હદ બહારના સંસ્થાકીય હેતુ ડ્રેનેજ કનેકશનો અંગેનું ધોરણઃ

હદ બહારના સંસ્થાકીય હેતુ ડ્રેનેજ કનેકશનો માટેના દરો પ્રતિ કનેકશન દીઠ હાલના દરે ₹ ૫૦૦૦/- લેખે લેવાનું ધોરણ મંજુર રાખવા અભિપ્રાય છે.

વાહન ઉપરનો કર (આજીવન વાહન કર):

આજીવન વાહન કર હાલ ધી જી.પી.એમ.સી એકટ ૧૯૪૯ હેઠળ વસુલ કરવામાં આવે છે. તે સને ૨૦૧૬-૧૭ માં નીચે મુજબના હાલના દર યથાવત રાખવા અભિપ્રાય છે.

અ.નં.	વિગત	દર
૧.	સ્કુટર, મોટર સાયકલ, અને વ્રીચક્રી વાહનો (બેટરી ઓપરેટેડ સહિત)	બેઝીક પ્રાઇઝના ૧.૨૫%
૨.	ઓટોરીક્ષા	બેઝીક પ્રાઇઝના ૧.૫૦%
૩.	લોડીંગ રીક્ષા	બેઝીક પ્રાઇઝના ૧.૫૦%
૪.	મોટરકાર તથા જીપ માટે (બેઝીક પ્રાઇઝ)	
	(એ) ₹. ૨,૯૯,૯૯૯/- સુધી	બેઝીક પ્રાઇઝના ૧.૨૫%
	(બી) ₹. ૩,૦૦,૦૦૦ /- થી ૪,૯૯,૯૯૯ સુધી	બેઝીક પ્રાઇઝના ૧.૭૫%
	(સી) ₹. ૫,૦૦,૦૦૦ થી ૯,૯૯,૯૯૯ સુધી	બેઝીક પ્રાઇઝના ૨.૦૦%
	(ડી) ₹. ૧૦,૦૦,૦૦૦/- થી ૨૪,૯૯,૯૯૯ સુધી	બેઝીક પ્રાઇઝના ૨.૨૫%
	(ઇ) ₹. ૨૫,૦૦,૦૦૦/- થી ઉપર	બેઝીક પ્રાઇઝના ૨.૫૦%
૫.	મેટાડોર, મીનીબસ	બેઝીક પ્રાઇઝના ૧.૫૦%
૬.	ટ્રક તથા મોટી બસ (તમામ પ્રકારની) તથા અન્ય તમામ પ્રકારના વાહનો જેનો સમાવેશ અનુક્રમ નં. ૧ થી ૫ માં ના હોય	બેઝીક પ્રાઇઝના ૧.૫૦%

આ ઉપરાંત વાહન દીઠ ટોકન ₹. ૧૦૦/- વસુલ કરવાનું યથાવત રાખવા અભિપ્રાય છે.

થીયેટર ટેક્ષ :

ગુજરાત સરકારના પંચાયત અને આરોગ્ય ખાતાના ઠરાવ અંક – બી.એમ.સી/૪૪૭૪/૨૦૮૬/પી./ તા.૨૧-૩-૧૯૭૫ થી મંજુર કરેલા થીયેટર ટેક્ષ અંગેના નિયમો મુજબ અને ગુજરાત સરકારનાં પંચાયત હાઉસીંગ અને અર્બન ડેવલપમેન્ટના ઠરાવ અંક-બી.પી.એમ.સી./૪૪૭૬/૪૫૭૬/પી./તા.૧૨-૦૮-૧૯૭૬ અને બી.પી.એમ.સી. /૪૪૭૬/૬૫૬૭/પી./૧૮-૧૦-૧૯૭૬ થી વી.એમ.એન./૧૯૭૯/૭૧૫૧/પી./તા.૨૭-૧૨-૧૯૭૯ થી મંજુર કર્યા પ્રમાણે તેમજ શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ ઠરાવ ક્રમાંક : જીએફસી ૧૧૨૦૦૦/૨૫૦૫/૨/તા.૯-૨-૨૦૦૧ અનુસાર તેમજ સ.સ.ઠ.અંક: ૧૪૯/તા. ૧૭-૮-૨૦૦૧ મુંજબ બજેટના વર્ષે લેવા અભિપ્રાય છે.

પાણી કર :

ધી જી. પી. એમ. સી એક્ટ ૧૯૪૯માં ગુજરાત એક્ટ ૨/૨૦૦૭ થી કરેલા સુધારા અનુસાર કલમ ૧૪૧ એએ (એ) મુજબ પાણી કર લેવાની જોગવાઈ છે. પાણી કરની જોગવાઇ નીચે જણાવ્યા મુજબના એનેક્ષર "એ" પ્રમાણે લઘુત્તમ પાણી કર માટે રાજ્ય સરકારશ્રીની મંજુરી ઠરાવ અંક વમન/૮૦૨૦૧૩/૨૨૮૫/પી/૧૩/૧૪તા.૧૦/૦૧/૨૦૧૪ થી મળેલી છે જેને રાજ્ય સરકારશ્રીના એક્સટ્રા ઓર્ડીનરી રાજ્યપત્રમાં તા. ૧૩/૦૧/૨૦૧૪ નારોજ પ્રસિધ્ધ કરેલ છે.

પરિશિષ્ટ-ક

ધી ગુજરાત પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન એકટ, ૧૯૪૯ ની કલમ-૪૫૫(૧) અંતર્ગત અનુસચિ “ક” ના પ્રકરણ-૮ અંતર્ગત કલમ ૧૪૧ એએ(એ) અનુસારના કાર્પેટ એરિયા આધારિત લઘુત્તમ પાણી કરની વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશનની દરખાસ્તને મંજૂરી આપવામાં આવેલી છે.

શહેરમાં આવેલી રહેણાંક ઇમારતો માટે સામાન્ય કરના ૩૦% (ત્રીસ ટકા) તેમેજ રહેણાંક સિવાયની ઇમારતો માટે પાણી કર, સામાન્ય કરના ૪૦% (ચાલીસ ટકા) પ્રમાણે લેવામાં આવશે.

પરંતુ જે મિલ્કતો પાણી કનેક્શન સાથે જોડાયેલી હશે તેવી મિલ્કતો માટે નીચે જણાવ્યા મુજબ પાણી કરની ઓછામાં ઓછી રકમ મંજૂર કરવાની ભલામણને રાજ્ય સરકારશ્રીએ મંજૂરી આપેલી છે.

અ.નં.	મિલક્તનો પ્રકાર		મીનીમમ (લઘુત્તમ) પાણી કર ₹
	તમામ પ્રકારની રહેણાંક મિલ્કતો માટે		
૧	૧	તમામ પ્રકારના ઝુંપડા, ચાલી અને ૩૦.૦૦ ચો. મી. સુધીની મિલક્તો માટે	₹ ૮૫૦/-
	૨	૩૦.૦૧ થી ૫૦.૦૦ ચો. મી. સુધીની મિલક્તો માટે	₹ ૧૦૦૦/-
	૩	૫૦.૦૧ થી ૧૦૦.૦૦ ચો. મી. સુધીની મિલક્તો માટે	₹ ૧૨૦૦/-
	૪	૧૦૦.૦૧ થી વધુ ચો. મી. સુધીની મિલક્તો માટે	₹ ૧૫૦૦/-
૨	**તમામ પ્રકારની બિનરહેણાંક મિલ્કતો માટે**		
	૧	૦.૦૦ થી ૩૦.૦૦ ચો. મી. સુધીની મિલક્તો માટે	₹ ૧૦૬૩/-
	૨	૩૦.૦૧ થી ૭૦.૦૦ ચો. મી. સુધીની મિલક્તો માટે	₹ ૨૦૦૦/-
	૩	૭૦.૦૧ થી વધુ ચો. મી. સુધીની મિલ્કતો માટે	₹ ૩૦૦૦/-
૩	**તમામ પ્રકારની ઔદ્યોગિક મિલક્તો માટે**		
	૧	૦.૦૦ થી ૩૦.૦૦ ચો. મી. સુધીની મિલક્તો માટે	₹ ૧૫૦૦/-
	૨	૩૦.૦૧ થી ૭૦.૦૦ ચો. મી. સુધીની મિલક્તો માટે	₹ ૨૫૦૦/-
	૩	૭૦.૦૧ થી વધુ ચો. મી. સુધીની મિલ્કતો માટે	₹ ૩૦૦૦/-

પરંતુ જો, જે તે મિલ્કતમાં ૧/૨ ઇંચ ઉપરાંતનું પાણી કનેક્શન આપવામાં આવેલ હશે તો પાણી કર નીચે જણાવેલ વોલ્યુમેટ્રીક પધ્ધતિ મુજબના ગુણાંકમાં ગણવામાં આવશે.

પાણી કનેક્શનની સાઇઝ	વોલ્યુમેટ્રીક પધ્ધતિ મુજબના ગુણાંકની ગણત્રી
૧/૨”	૧
૩/૪”	૨.૨૫
૧”	૪
૧.૫”	૯
૨”	૧૬
૩”	૩૬
૪”	૬૪
૫”	૧૦૦
૬”	૧૪૪
૭”	૧૯૬
૮”	૨૫૬
૯”	૩૨૪
૧૦”	૪૦૦
૧૨”	૫૭૬

પરંતુ એપાર્ટમેંટ, બહુમાળી મકાનોમાં આપેલ પાણી કનેક્શનના પાણી કરની રકમ ઉપરોક્ત ગણત્રી પ્રમાણે ગણતાં જે તે મિલ્કતના કુલ યુનીટ સાથે ભાગાકાર કરતાં જો પ્રતિ યુનીટ પાણી કરની રકમ ઓછી થતી હશે તો, મીનીમમ પાણી કરની રકમ મુજબ વસુલ કરવામાં આવશે.

પરંતુ જો મિલ્કત ધારક ૧/૨” ઉપરાંતનું પાણી કનેક્શનમાં વધારો કે ઘટાડો કરાવશે તો તેવા કિસ્સામાં જે તે પાણી કનેક્શનની સાઈઝની વોલ્યુમેટ્રીક ગણત્રી મુજબ ગણવામાં આવશે અને તે મુજ્બ પાણી કર વસુલ કરવાનો અધિકાર કોર્પોરેશનને રહેશે

ઉપરોક્ત વિગતોને બાધ આવ્યા સિવાય કોર્પોરેશન કોઇપણ મિલ્કત ધારક્ને મીટરથી પાણી કનેક્શન ફાળવશે(જો મિલ્કત ધારકની માંગણી અધારે અથવા તે સિવાય) તો તેવા સંજોગોમાં વપરાશ મુજબ નક્કી થનાર ચાર્જ આધારે તેમજ ઠરાવેલ શરતોને આધિન પાણીનો ચાર્જ કોર્પોરેશન વસુલ કરી શકશે.

પાણી ચાર્જઃ-

ધી જી. પી. એમ. સી. એક્ટ -૧૯૪૯ ની કલમ ૧૪૧ એએ (એ) મુજ્બ પાણી કર દાખલ કરવાનો નિર્ણય લેવામાં આવેલો છે જેના અનુસંધાને સરકારશ્રી તરફથી આપેલ લઘુત્તમ દર મુજ્બ પાણી કર વસુલ કરવામાં આવશે. જયારે રહેણાંક સિવાયની ઇમારતો, ઔધોગિક વપરાશ માટેની મિલક્તો અને કોલેજ, હોસ્ટેલ, શાળા, બાલમંદિર, ધર્મસ્થાનો, અનાથાશ્રમ વિગેરે માટે, આવી મિલક્તો જે પાણી કનેક્શન સાથે જોડાયેલી હોય તેવી મિલ્કતો માટે પાણી ચાર્જ નીચે દર્શાવેલ ધોરણે લેવા અભિપ્રાય છે.

અ. નં	કનેકશનની સાઇઝ	કોલેજ, હોસ્ટેલ, શાળાઓ, બાલમંદિર, ધર્મશાળા, દેવસ્થાન, અનાથાશ્રમ વિગેરે માટે (રકમ ₹)	બિનરહેણાંક (ઔદ્યોગિક હેતુ સિવાય) વપરાશ માટે (રકમ ₹)	ઔદ્યોગિક વપરાશ માટે (રકમ ₹)
૧	૧/૨”	૩૯૦૦/-	૬૪૦૦/-	૧૨૮૦૦/-
૨	૩/૪”	૮૭૭૫/-	૧૪૪૦૦/-	૨૮૮૦૦/-
૩	૧”	૧૫૬૦૦/-	૨૫૬૦૦/-	૫૧૨૦૦/-
૪	૧.૫”	૩૫૧૦૦/-	૫૭૬૦૦/-	૧૧૫૨૦૦/-
૫	૨”	૬૨૪૦૦/-	૧૦૨૪૦૦/-	૨૦૪૮૦૦/-
૬	૩”	૧૪૦૪૦૦/-	૨૩૦૪૦૦/-	૪૬૦૮૦૦/-
૭	૪”	૨૪૯૬૦૦/-	૪૦૯૬૦૦/-	૮૧૯૨૦૦/-
૮	૫”	૩૯૦૦૦૦/-	૬૪૦૦૦૦/-	૧૨૮૦૦૦૦/-
૯	૬”	૫૬૧૬૦૦/-	૯૨૧૬૦૦/-	૧૮૪૩૨૦૦/-
૧૦	૮”	૯૯૮૪૦૦/-	૧૬૩૮૪૦૦/-	૩૨૭૬૮૦૦/-
૧૧	૯”	૧૨૬૩૬૦૦/-	૨૦૭૩૬૦૦/-	૪૧૪૭૨૦૦/-
૧૨	૧૦”	૧૫૬૦૦૦૦/-	૨૫૬૦૦૦૦/-	૫૧૨૦૦૦૦/-
૧૩	૧૨”	૨૨૪૬૪૦૦/-	૩૬૮૬૪૦૦/-	૭૩૭૨૮૦૦/-

પરંતુ, જો રહેણાંક સિવાયની ઉપર જણાવ્યા પ્રમાણેની મિલક્તના પાણી ચાર્જની રકમ તથા પાણી કરની ટકાવારી મુજ્બ થતી કરની રકમ, બે પૈકી જે વધુ થતી હશે તે કર/ચાર્જ વસુલ કરવામાં આવશે.

વધુમાં, જે મિલક્તોના પાણી ક્નેકશન ઉપર મીટર બેસાડવામાં આવેલ હશે તેવી મિલ્કતો ઉપર પાણી ચાર્જ નિચે જણાવેલ દર મુજ્બ વસુલ કરવામાં આવશે પરંતુ તેવી મિલક્તના પાણી ચાર્જની રકમ તથા પાણી કરની ટકાવારી મુજ્બ થતી કરની રકમ, બે પૈકી જે વધુ થતી હશે તે કર/ચાર્જ વસુલ કરવામાં આવશે.

૧/૨” તથા તેથી ઉપરની સાઇઝ માટેના ૧૦૦૦ Lit. દીઠના રેટ				
	રહેણાંક હેતુસરના કનેક્શનો માટે	કોલેજ, હોસ્ટેલ, શાળાઓ, બાલમંદિર, ધર્મશાળા, દેવસ્થાન, અનાથાશ્રમ વિગેરે માટે	બિન રહેણાંક (ઔદ્યોગિક હેતુ સિવાય) વપરાશ માટે	ઔદ્યોગિક વપરાશ માટે
૧. 30,000 લીટર સુધી/ માસીક	₹ ૪/-	₹ ૧૨/-	₹ ૧૬/-	₹ ૩૨/-
૨. 30,000 લીટર થી વધુ/માસીક	₹ ૬/-	₹ ૧૮/-	₹ ૨૪/-	₹ ૪૮/-

વડોદરા શહેરની હદ બહાર બિન રહેણાંક હેતું માટેના પાણી કનેકશનો અંગેનો દર :

હદ બહારના બિન રહેણાંક હેતુ માટેના કનેકશનો માટેના પાણીના દરો શહેરમાંના ધંધાકીય હેતુ અંગેના કનેકશનો માટેના સૂચિત પાણીના દરોના ત્રણ ગણા લેખે લેવાનું હાલનું ધોરણ ચાલુ રાખવા અભિપ્રાય છે. તેમજ હદ બહાર આવેલ કોલેજ, હોસ્ટેલ શાળાઓ, બાલમંદિર ધર્મશાળા, દેવસ્થાનો, અનાથ આશ્રમોને અપાયેલા કનેકશનો માટેના પાણીના દરો શહેરમાંના આવી સંસ્થાઓ અંગેના કનેકશનો માટેના પાણીના દરોના દોઢ ગણા લેખે લેવાનું હાલનું ધોરણ ચાલુ રાખવા અભિપ્રાય છે.

વડોદરા શહેર હદ બહાર અપાયેલ પાણી કનેકશન માટેઃ
વડોદરા શહેરની હદ બહાર આવેલ રહેણાંક હેતુ માટે પાણી કનેકશનના દરઃ

કનેકશન સાઇઝ	મીનીમમ ચાર્જની રકમ
૧/૨"	૨૬૦૧

૧/૨" થી વધુની સાઇઝ માટે ઉપર જણાવેલ વોલ્યુમેટ્રીક પધ્ધતીના ગુણાંકમાં થતી રકમ મુજબ પાણી કર વસુલ કરવામાં આવશે.

વડોદરા શહેરની હદ બહાર આવેલ રહેણાંક સિવાયના હેતુ માટે કનેકશન દર :

વડોદરા શહેર હદ બહાર રહેણાંક હેતુ સિવાયના હેતુ માટેના કનેકશનનો દર, શહેરમાં રહેણાંક સિવાયની ઇમારતો માટેના દરના ત્રણ ગણા લેખે વસુલ કરવા અભિપ્રાય છે.

ફાયર ટેક્ષ :

શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના તા. ૧૬-૭-૦૫ના ઠરાવ ક્રમાંક વમન-૮૦૨૦૦૦-૫૦૭૪- પી.થી ફાયર ટેક્ષના નિયમોની મંજુરી માળેલ છે.

સને ૨૦૧૬-૧૭ ના વર્ષ માટે ફાયર ટેક્ષના દર નીચે જણાવ્યા મુજબના દરે યથાવત રાખવા ભલામણ છે.

અ.નં.	વિગત	દર
૧.	ફેકટરીની ઇમારતો અને જમીન તેમજ અન્ય મિલક્ત અને જમીનો કે જે ઔદ્યોગિક હેતુ માટે વપરાતી હોય	સામાન્ય કરના ૫%
૨.	હાઇરાઇઝ ઇમારતો કે જેની ઉંચાઇ ૧૮ મીટરથી વધુ હોય તેવી જમીન અને ઇમારતો	સામાન્ય કરના ૭%

શિક્ષણ ઉપકર (સરચાર્જ) :

તા.૧૬ માર્ચ, ૨૦૦૬ના ગુજરાત રાજયપત્ર (અસાધારણ)ના પ્રસિધ્ધ થયેલા સને ૨૦૦૬ના ગુજરાત વિધેયક ક્રમાંક -૧૩ અનુસાર શિક્ષણ ઉપકર (સરચાર્જ) વસૂલ કરવાનું ઠરાવેલ છે. શિક્ષણ ઉપકર (સરચાર્જ)ની ગણતરી નીચે મુજબ કરવાની છે. તે મુજબ બજેટના વર્ષે હાલનું ધોરણ ચાલુ રાખવા અભિપ્રાય છે.

૧) ક. કોઇ મકાન અથવા જમીનનો રહેણાંકના હેતુ માટે અથવા વેપાર, વાણિજ્ય અથવા ઉદ્યોગ અથવા વ્યવસાય અથવા ધંધો ચલાવવા સિવાયના કોઇ હેતુથી ઉપયોગ થતો હોય ત્યારે –

૧) સામાન્ય કર બસો રૂપિયા કરતાં વધારે હોય પણ પાંચસો રૂપિયા કરતાં વધારે ન હોય, તો સામાન્ય કરના પાંચ ટકાના દરે.

૨) સામાન્ય કર પાંચસો રૂપિયા કરતાં વધારે હોય પણ ત્રણહજાર રૂપિયા કરતાં વધારે ન હોય, તો સામાન્ય કરના દશ ટકાના દરે.

૩) સામાન્ય કર ત્રણહજાર રૂપિયા કરતાં વધારે હોય, તો સામાન્ય કરના પંદર ટકાના દરે.

૧) ખ. કોઇ મકાન અથવા જમીનનો વેપાર, વાણિજ્ય અથવા ઉદ્યોગના અથવા વ્યવસાય અથવા ધંધો કરવાનો હેતુ માટે ઉપયોગ થતો હોય ત્યારે -

૧) સામાન્ય કર બસો રૂપિયા કરતાં વધારે હોય પણ પાંચસો રૂપિયા કરતાં વધારે ન હોય, તો સામાન્ય કરના દસ ટકાના દરે.

૨) સામાન્ય કર પાંચસો રૂપિયા કરતાં વધારે હોય પણ ત્રણ હજાર રૂપિયા કરતાંવધારે ન હોય, તો સામાન્ય કરના વીસ ટકાના દરે.

૩) સામાન્ય કર ત્રણ હજાર રૂપિયા કરતાં વધારે હોય, તો સામાન્ય કરના ત્રીસ ટકાના દરે.

૨) કોઇ જમીન, મકાન, ટેનામેન્ટ અથવા મકાનના ભાગ ઉપર અલગ સામાન્ય કર આકારવામાં આવ્યો હોય, પણ પેટા કલમ (૧) માં જણાવેલા બે અથવા વધારે હેતુઓ માટે એકી સાથે ઉપયોગમાં લેવાતા હોય ત્યારે આ કલમ હેઠળનો સરચાર્જ તે જમીન, મકાન, ટેનામેન્ટ અથવા મકાનના ભાગ જે હેતુઓ માટે ઉપયોગમાં લેવાતા હોય તે પૈકી કોઇ હેતુઓ સંબંધમાં લાગુ પડતા ઉંચા દરે લેવાનો રહેશે.

પાર્કીંગ ચાર્જ :

પાર્કીંગ ચાર્જ (જમીન વાપર પરવાના ફી) ભારે વાહનો (ટ્રક, ટ્રેઇલર, લકઝરી બસ વિગેરે) વાર્ષિક ₹ ૧૦૦૦/- વાહન દીઠ ચાર્જ લેવામાં આવે છે તે ચાલુ રાખવા અભિપ્રાય છે. તે સિવાયના વાહનો ઉપર ચાર્જ લેવાનો નથી.

વ્યવસાય વેરો :

વડોદરા મહાનગરપાલિકાની હદમાં વ્યવસાય કરતાં નીચે જણાવેલ પરિશિષ્ટ મુજબના વ્યવસાયકારો તથા પરિશિષ્ટ-૧ ની એન્ટ્રી-૧ માં દર્શાવેલ વેતનદારો પૈકી કેન્દ્ર સરકાર, રજ્ય સરકાર, પંચાયત, કેન્ટોનમેંન્ટ વિસ્તાર તથા જાહેર સાહસના એકમના વેતનદારો સિવાયના વેતનદારોએ ભરવાપાત્ર વ્યવસાય વેરો વસુલ કરવાની સત્તા રાજ્ય સરકારશ્રી તરફથી તથા નોટીફીકેશન નં. GHN(૯) PFT-૨૦૦૮-S.૨(aa)(૧)-TH તા.૧-૪-૨૦૦૮ થી વડોદરા મહાનગરપાલિકાને સુપ્રત કરવામાં આવેલી છે. તેમજ કાયદાની જોગવાઇ અનુસાર લઘુતમ અને મહત્તમ દરની મર્યાદા મુજબ દર નક્કી કરવાની સત્તાઓ સુપ્રત થયેલી છે.

સને ૨૦૧૬-૧૭ના વર્ષ માટે વ્યવસાય વેરાના દર નીચે જણાવેલ અનુસુચિ-૧ મુજબ હાલના દરે લેવા અભિપ્રાય છે.

અનુસૂચિ-૧
[જુઓ કલમ ૩ અને કલમ ૫ની પેટા કલમ(૩)]
વ્યવસાય, વ્યાપાર, ધંધો અને રોજગાર ઉપરના વેરાનો દર.

અં.ન.	વ્યક્તિઓનો વર્ગ		વ્યવસાય વેરાનો માસિક દર ₹.
૧	૨		૩
૧.	(ક) રાજ્ય સરકાર, કેન્દ્ર સરકાર, પંચાયતો, રાજ્ય અને કેન્દ્ર સરકારના જાહેરક્ષેત્રના ઉપક્રમો અને ગ્રાંટ ઇન એઇડ સંસ્થાઓ સિવાયના પગારદારો અને વેતનદારો જેનો માસિક પગાર અથવા વેતન-		
	૧.	₹.૬૦૦૦/- થી ઓછો	શુન્ય
	૨.	₹.૬૦૦૦/- અથવા તેથી વધુ પણ ₹.૯૦૦૦/- થી ઓછો	૮૦/-
	૩.	₹.૯૦૦૦/- અથવા તેથી વધુ પણ ₹.૧૨૦૦૦/- થી ઓછો	૧૫૦/-
	૪.	₹.૧૨૦૦૦/- અથવા તેથી વધુ.	૨૦૦/-
	સ્પષ્ટીકરણ ૧- કોઇ મહિના સિવાયની કોઇ મુદત માટે કોઇ પગાર અથવા વેતનઆપવાનું હોય ત્યારે, માસિક પગાર અથવા વેતન, આ નોંધના હેતુ માટે કોઇ મહિના માટે આપેલ અથવા આપવાના પગાર અથવા વેતનની ખરેખર રકમના આધારે ગણવામાં આવશે.		
	સ્પષ્ટીકરણ.૨.- કોઇ વ્યક્તિ કોઇ મહિનાના અંત પહેલાં પગાર અથવા વેતન મેળવનાર તરીકે બંધ થાય, ત્યારે તે મહિનાનો વેરો ભરવાની તેની જવાબદારી પ્રમાણસર રીતે ઘટાડવામાં આવશે.		
			વ્યવસાયવેરાનો વાર્ષિક દર (રકમ ₹)
૨.	(ક)	સોલીસીટરો અને નોટરી પબ્લીક સહિત કાયદા વ્યવસાયીઓ	૨૦૦૦/-
	(ખ)	તબીબી સલાહકારો(કન્સલ્ટન્ટો) અને દંત ચિકિત્સકો(ડેન્ટીસ્ટો) સહિત તબીબી વ્યવસાયીઓ.	૨૦૦૦/-
	(ગ)	આર્કીટેકટો, એન્જીનીયરો, આરસીસી કન્સલ્ટન્ટો, ટેક્ષ કન્સલ્ટન્ટો, ચાર્ટર્ડ એકાઉન્ટન્ટો, વીમાશાસ્ત્રીઓ અને મેનેજમેન્ટ કન્સલ્ટન્ટો સહિત ટેકનિકલ અને પ્રોફેશનલ કન્સલ્ટન્ટો.	૨૦૦૦/-
	(ઘ)	વીમા અધિનિયમ, ૧૯૩૮(સન ૧૯૩૮ના ૪થા) હેઠળ રજિસ્ટર થયેલા અથવા લાઈસન્સ ધરાવતા ચીફ એજન્ટો, પ્રિન્સીપાલ એજન્ટો, સ્પેશિયલ એજન્ટો,ઇન્સ્યોરન્સ એજન્ટો અને સર્વેયરોઅ અથવા લોસ એસેસરોઅ.	૨૦૦૦/-
	(ચ)	બિલ્ડીંગ કોન્ટ્રાકટરો સિવાયના તમામ કોંટ્રાકટરો.	૨૦૦૦/-
	(છ)	કમિશન એજન્ટો, દલાલો અને એસ્ટેટ બ્રોકરો સિવાયના બ્રોકરો.	૨૦૦૦/-
	(જ)	ઓટોમોબાઈલ બ્રોકર્સ	૨૦૦૦/-
	(ઝ)	ટુર ઓપરેટર્સ અને ટ્રાવેલ એજ ન્ટ	૨૦૦૦/-
	(ટ)	કેબલ ટી.વી. ઓપરેટર્સ	૨૦૦૦/-
	(ઠ)	ફિલ્મ વિતરકો	૨૦૦૦/-
	(ડ)	વિજ્ઞાપન એજન્સીઓના માલિકો	૨૦૦૦/-

	(ઢ)	ટ્યુશન ક્લાસીસ અથવા ટ્યુટોરીયલ ઈન્ટીટ્યુશન્સના માલિકો	૨૦૦૦/-
	(ત)	કોમ્પ્યુટર શિક્ષણ તાલીમ અથવા કોમ્પ્યુટર નેટવર્ક મારફત ઓનલાઈન ઈન્ફોર્મેશન અને ડેટા બેઝ સર્વિસમાં રોકાયેલી સંસ્થાના માલિકો અથવા સેવા પુરી પાડનારાઓ.	૨૦૦૦/-
	(થ)	ડ્રાઈવીંગ સ્કુલના માલિકો	૨૦૦૦/-
	(દ)	મેરેજ હોલ અને પાર્ટી પ્લોટના માલિકો	૨૦૦૦/-
	(ધ)	આંગડીઆ અથવા કુરીયર સેવા પુરી પાડનારા	૨૦૦૦/-
	(ન)	હેલ્થ ક્લબ અને મનોરંજન ક્લબના માલિકો.	૨૦૦૦/-
૩.	(૧)	વાયદા-સોદા (નિયમન) અધિનિયમ, ૧૯૫૨ (સને ૧૯૫૨ના ૭૪ મા) હેઠળ માન્ય થયેલા એસોસીએશનનાં સભ્યો.	૨૦૦૦/-
	(૨)	સીક્યોરીટી સ્પ્દા (નિયમન) અધિનિયમ, ૧૯૫૬ (સને ૧૯૫૬ના ૪૨મા) હેથળ માન્ય થયેલા સ્ટોક એક્સચેન્જ સભ્યો.	૨૦૦૦/-
	(૩)	ઓઈલ પમ્પો અને સર્વિસ સ્ટેશનોનાં માલિકો અને કોઈપણ તેવા પટે લેનારાઓ.૦.૦૧ થી વધુ ચો.,મીટર સુધીની મિલકત માટે.	૨૦૦૦/-
	(૪)	મુંબઈ દુકાન અને સંસ્થા અધિનિયમ, ૧૯૪૮ (સને ૧૯૪૮ના મુંબઈના ૭૯મા) માં વ્યાખ્યા કર્યા પ્રમાણે લાઈસન્સ ધરાવતા વિદેશી દારુ વેચનારા અને નિવાસી હોટલો અને થ્રિયેટરોના માલિકો.	૨૦૦૦/-
	(૫)	ચીટ ફંડોનું સંચાલન કરતી વ્યક્તિઓ અથવા સંસ્થાઓ	૨૦૦૦/-
	(૬)	બેંકિંગ નિયમન અધિનિયમ, ૧૯૪૯(સને ૧૯૪૯ના ૧૦મા) માં વ્યાખ્યા કર્યા પ્રમાણેની બેંકિંગ કંપનીઓ.	
	(૭)	ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ (૧૯૬૨ના ગુજરાતના ૧૦મા) હેઠળ રજીસ્ટર થયેલી અથવા રજીસ્ટર થયેલ હોવાનું ગણાતી સહકારી સોસાયટીઓ.	૨૦૦૦/-
		(ક) કોઈપણ વ્યવસાય, વ્યાપાર ધંધામાં રોકાયેલી રાજ્ય સ્તરની મંડળીઓ અને જીલ્લા સ્તરની મંડળીઓ.	૨૦૦૦/-
		(ખ) સહકારી સુગર ફેક્ટરીઓ અને સહકારી સ્પીનીંગ મિલો.	૨૦૦૦/-
	(૮)	એસ્ટેટ એજન્ટો અથવા એસ્ટેટ બ્રોકર્સ અથવા બિલ્ડીંગ કોન્ટ્રાક્ટરો	૨૦૦૦/-
	(૯)	વિડીયો પાર્લર્સ અથવા વિડીયો લાઈબ્રેરી અથવા તે બન્નેના માલિકો અથવા તે બન્ને ભાડા પટે આપેલ હોય ત્યારે તેને ભાડા પટે રાખનાર.	૨૦૦૦/-
૪	કોઈપણ વ્યવસાય, વ્યાપાર આવા ધંધામાં રોકાયેલી ભારતીય ભાગીદારી અધિનિયમ, ૧૯૩૨ (સને ૧૯૩૨ના ૯મા) હેઠળ રજિસ્ટર થયેલી પેઢીઓ.		૨૦૦૦/-
૫	કારખાના અધિનિયમ, ૧૯૪૮ (સને ૧૯૪૮ના ૬૩) માં વ્યાખ્યા કર્યા પ્રમાણે કંપનીનાં ભોગવટેદારો.		૨૦૦૦/-
૬	મુંબઈ દુકાન અને સંસ્થા અધિનિયમ, ૧૯૪૮ (સને ૧૯૪૮ના મુંબઈના આશરે પાંચથી વધુ કર્મચારીઓ કામે રાખેલા હોય તેવી સંસ્થાના માલિકો.		૨૦૦૦/-
૭	ગુજરાત મૂલ્યવર્ધિત વેરા અધિનિયમ, ૨૦૦૩ (સને ૨૦૦૫ના ૧લા) માં વ્યાખ્યાયિત કર્યા પ્રમાણેના વેપારીઓ, જેમના તમામ વેચાણો અથવા તમામ ખરીદીઓનું ફૂલ વાર્ષિલ ટર્ન ઓવર -		૨૦૦૦/-
	(૧)	₹ ૨,૫૦,૦૦૦/- થી વધુ ન હોય તો	શૂન્ય
	(૨)	₹ ૨,૫૦,૦૦૦/- થી વધુ હોય પણ ₹ ૫,૦૦,૦૦૦/- થી વધુ ન હોય તો.	૫૦૦/-
	(૩)	₹ ૫,૦૦,૦૦૦/- થી વધુ હોય પણ ₹ ૧૦,૦૦,૦૦૦/- થી વધુ ન હોય તો.	૧૨૫૦/-
	(૪)	₹ ૧૦,૦૦,૦૦૦/- થી વધુ હોય તો.	૨૪૦૦/-

	સ્પષ્ટીકરણ :આ નોંધના હેતુ માટે, “વર્ષ” એ શબ્દનો અર્થ, ગુજરાત મૂલ્યવર્ધિત વેરા અધિનિયમ, ૨૦૦૩ (સ્ને ૨૦૦૫ના ગુજરાતના ૧લા) ની કલમ ૨ના ખંડ(૩૬) માં વ્યાખ્યા કર્યા પ્રમાણેનું વર્ષ એવોઅ થશે.	
૮	મોટર વાહન અધિનિયમ, ૧૯૮૮(સને ૧૯૮૮ના ૫૯મા) હેઠળ ભાડાની અથવા બદલાની રકમ લઈને વપરાતા અથવા વાપરવા માટે અનુકુળ બનાવેલા ટ્રાન્સપોર્ટ વાહનો, બસો, ટેક્ષીઓ, ટ્રકો અથવા ત્રણ પૈંડાવાળા મોટર વાહનોની પરમીટ ધરાવતી હોય ત્યારે.	૨૦૦૦/-
	સ્પષ્ટીકરણ :- એકજ કુટુંબના સભ્યો તરીકે સાથે રહેતી અને અલગ પરમીટો ધરાવતી વ્યક્તિઓ, આ નોંધના હેતુઓ માટે એકજ વ્યક્તિ તરીકે ગણાશે.	
૯	મુંબઈ નાણાંની ધીરધાર કરનારાઓ બાબતના અધિનિયમ,૧૯૪૬ કરનારાઓ (સને ૧૯૪૭ના ૩૧મા) હેઠળ લાયસન્સ આપેલા નાણાંની ધીરધાર	૨૦૦૦/-
૧૦	આગળની કોઈ નોંધમાં ઉલ્લેખેલી ન હોય તેવી, વ્યવસાય, વ્યાપાર, ધંધો અથવા રોજગાર કરતી અને કલમ ૩ની પેટા કલમ(૨) ના ચોથા ૨૦૦૦/પરંતુક હેઠળ જેના સંબંધમાં જાહેરનામું બહાર પાડેલું હોય તેવી વ્યક્તિઓ.	૨૦૦૦/-

સફાઈ ચાર્જ :

કમિશ્નરશ્રી તરફથી આવેલી દરખાસ્ત નામંજૂર કરી સને ૨૦૧૫-૧૬ ના દરે લેવાનું હાલનું ધોરણ યથાવત રાખવા ભલામણ છે.

પરિશિષ્ટ -૧૦ : લાગત

સને ૨૦૧૬-૧૭ માટે લેવા પાત્ર જુદી જુદી લાગતોના પરિશિષ્ટ-૧૦માં સ્થાયી સમિતિએ સુચવ્યા મુજબ મંજુર કરવા અભિપ્રાય છે.

કામોની યાદી :

સને ૨૦૧૬-૧૭ માટેની વિકાસના કામોની યાદી સ્થાયી સમિતિએ સુચવેલ સુધારા-વધારા સહ મંજુર રાખવા અભિપ્રાય છે.

લોન :

સને ૨૦૧૫-૧૬ વિકાસના કામોના આયોજનના ખર્ચને પહોંચી વળવા હાલની નાણાંકીય પરિસ્થિતી તેમજ આવક અને આર્થિક સહાય પર્યાપ્ત છે. તેમ છતાં નૂર્મ યોજના, અમૃત યોજના, તથા અન્ય યોજનાઓ હેઠળ આર્થિક સહાય જરૂરિયાતના સમયે વિલંબમાં પડે તો વિકાસના કામોને વિપરીત અસર ન પડે તે માટે સરકારી બેંક તેમજ ગુજરાત સરકારની, ગુજરાત રાજ્ય નાણાંકીય નિગમની કે સરકારી ક્ષેત્રની માળખાગત સુવિધાઓ માટે ધિરાણ આપતી સંસ્થા પૈકીની હુડકો પૈકી જે સંસ્થા નીચા વ્યાજદર થી મહાનગરપાલિકાને લાંબા ગાળાનુ ધિરાણ આપવા સહમતિ આપે તેવી સંસ્થાઓ પાસેથી જરૂરિયાત મૂજબની રૂ. ૪૦૦ કરોડ સુધીની લોન તથા લોન અંગેની પ્રાથમિક ફી ભરવાના ખર્ચ સહની આનુસંગિક જરૂરી તમામ કાર્યવાહી કરવા સૈધ્ધાંતિક મંજૂરી સહ કમિશ્નરશ્રીને અધિકૃત કરવાનું ઠરાવવામાં આવે છે.

સને ૨૦૧૫-૨૦૧૬ રીવાઇઝડ અંદાજપત્ર:-

સને ૨૦૧૫-૨૦૧૬નું મ્યુનિસિપલ કમિશ્નરશ્રીએ રજુ કરેલ રીવાઇઝડ અંદાજપત્ર જમા તથા ખર્ચનું (ભાગ-૧થી ૩) નો અભ્યાસ કરતા

સ્થાયી સમિતિએ તેના જમા તથા ખર્ચના સદરોમાં જરૂરી ફેરફાર કરેલા છે જે અંદાજપત્ર

સને ૨૦૧૫-૨૦૧૬ જમા બાજુ

(₹.લાખમાં)

અ.નં.	આવકનું સદર	મ્યુનિ. કમિશ્નરશ્રીએ સૂચવેલ અંદાજ	સ્થાયી સમિતિએ મંજૂર કરેલ અંદાજ
૧	મ્યુનિસિપલ કર અને દર	૩૩૬૪૮.૩૫	૩૩૬૪૮.૩૫
૨	ખાસ કાયદા મુજબ	૭૭૦૨.૬૦	૭૭૦૨.૬૦
૩	મ્યુનિસિપલ મિલકતમાંથી ભાડુ તથા વ્યાજ	૬૭૫૭.૩૫	૬૭૫૭.૩૫
૪	સરકાર મદદ	૪૧૮૩૨.૧૬	૪૧૮૩૨.૧૬
૫	અન્ય આવક	૪૧૭૯.૯૦	૪૧૭૯.૯૦
	કુલ ..	૯૪૧૨૦.૩૬	૯૪૧૨૦.૩૬

સને ૨૦૧૫-૨૦૧૬ ખર્ચ બાજુ

અ.નં.	ખર્ચનું સદર	મ્યુનિ. કમિશ્નરશ્રીએ સૂચવેલ અંદાજ	સ્થાયી સમિતિએ મંજૂર કરેલ અંદાજ
૧	મહેકમ	૪૪૪૬૨.૫૨	૪૪૪૬૨.૫૨
૨	કન્ટીજન્સી	૧૧૬૫.૦૦	૧૧૬૫.૦૦
૩	નિભાવણી	૨૯૬૧૦.૨૬	૨૯૬૩૨.૨૬
૪	પ્રાથમિક શિક્ષણ	૧૧૭૫૮.૫૭	૧૧૭૫૮.૫૭
૫	લોન ચાર્જીસ	૩૮૫૧.૮૦	૩૮૫૧.૮૦
	કુલ ..	૯૦૮૪૮.૧૫	૯૦૮૭૦.૧૫

સને ૨૦૧૫-૨૦૧૬ રીવાઇઝડ બજેટ સમગ્ર પરિસ્થિતિ

(₹.લાખમાં)

અ.નં.	સદર	મ્યુનિ. કમિશ્નરશ્રીએ સૂચવેલ અંદાજ	સ્થાયી સમિતિએ મંજૂર કરેલ અંદાજ
૧	ખુલતી સિલક	૬૧૫૯.૧૦	૬૧૫૯.૧૦
	કુલ ખુલતી સિલક	૬૧૫૯.૧૦	૬૧૫૯.૧૦
૨	આમદાની	૯૪૧૨૦.૩૬	૯૪૧૨૦.૩૬
૩	રેવન્યુ ખર્ચ	૯૦૮૩૭.૧૫	૯૦૮૭૦.૧૫
	બાકી સિલક/ખાધ	૯૪૪૨.૩૧	૯૪૦૯.૩૧
	કેપીટલ બજેટમાં તબદીલ કરવાપાત્ર રકમ	૬૦૦૦.૦૦	૬૦૦૦.૦૦
	ચોખ્ખી બાકી સિલક/ખાધ	૩૪૪૨.૩૧	૩૪૦૯.૩૧

સને ૨૦૧૫-૨૦૧૬ રીવાઇઝડ કેપીટલ બજેટ સમગ્ર પરિસ્થિતિ

(₹.લાખમાં)

અ.નં.	સદર	મ્યુનિ. કમિશ્નરશ્રીએ સૂચવેલ અંદાજ	સ્થાયી સમિતિએ મંજૂર કરેલ અંદાજ
૧	કેપીટલ ખુલતી સિલક	૭૬૬.૦૪	૭૬૬.૦૪
	કુલ ખુલતી સિલક	૭૬૬.૦૪	૭૬૬.૦૪
	રેવન્યુ બજેટમાંથી તબદીલ કરવાપાત્ર રકમ	૬૦૦૦.૦૦	૬૦૦૦.૦૦
૨	કેપીટલ આમદાની	૨૭૪૦૨.૨૫	૨૭૪૦૨.૨૫
	કુલ આવક	૩૪૧૬૮.૨૯	૩૪૧૬૮.૨૯
	આંતરીક ભંડોળ/લોન	૧૨૨૦૦.૦૦	૧૨૨૦૦.૦૦
૩	કેપીટલ ખર્ચ	૪૬૨૪૯.૦૯	૪૬૨૪૯.૦૯
	કુલ કેપીટલ ખર્ચ	૪૬૨૪૯.૦૯	૪૬૨૪૯.૦૯
	કુલબાકી સિલક/ખાધ	૧૧૯.૨૦	૧૧૯.૨૦
	કેપીટલ બાકી સિલક/ખાધ	૧૧૯.૨૦	૧૧૯.૨૦
	કુલબાકી સિલક/ખાધ	૧૧૯.૨૦	૧૧૯.૨૦

સને ૨૦૧૫-૨૦૧૬ ના રીવાઇઝડ બજેટમાં સ્થાયી સમિતિએ કરેલા ફેરફારથી થતા વધારા-ઘટાડાનું પત્રક

(₹.લાખમાં)

અ.નં.	બજેટ કોડ	સદર	કમિશ્નરશ્રીએ રજુ કરેલ અંદાજ	સ્થાયી સમિતિએ મંજૂર કરેલ અંદાજ	વધારો	ઘટાડો
રેવન્યુ બજેટ ભાગ ૧ (રેવન્યુ ખર્ચ)						
૧	B ૧૬૦૩૩૧૩	સ્વર્ણિમ ગુજરાત વર્ષ ૨૦૧૦ની ઉજવણી માટે	૩.૦૦	૦.૦૦	૦.૦૦	૩.૦૦
૨	B ૧૬૦૧૩૧૩	કોર્પો. કર્મચારીઓ,સભાસદશ્રીઓ માટે રમત પ્રવૃતિ	૫.૦૦	૧૦.૦૦	૫.૦૦	૦.૦૦
૩	B ૧૧૦૬૩૦૧	લાલબાગ સ્વીમીંગપુલ નિભાવણી	૫.૦૦	૨૫.૦૦	૨૦.૦૦	૦.૦૦
		કુલ વધ - ઘટ	૧૩.૦૦	૩૫.૦૦	૨૫.૦૦	૩.૦૦

સને ૨૦૧૬-૨૦૧૭ ડ્રાફ્ટ અંદાજપત્ર:-

સને ૨૦૧૬-૨૦૧૭નું મ્યુનિસિપલ કમિશ્નરશ્રીએ રજુ કરેલ ડ્રાફ્ટ અંદાજપત્ર જમા તથા ખર્ચનું (ભાગ-૧થી ૩) નો અભ્યાસ કરતા સ્થાયી

સમિતિએ તેના જમા તથા ખર્ચના સદરોમાં જરૂરી ફેરફાર કરેલા છે જે અંદાજપત્રમાં

સને ૨૦૧૬-૨૦૧૭ જમા બાજુ

(₹.લાખમાં)

અ.નં.	આવકનું સદર	મ્યુનિ. કમિશ્નરશ્રીએ સૂચવેલ અંદાજ	સ્થાયી સમિતિએ મંજૂર કરેલ અંદાજ
૧	મ્યુનિસિપલ કર અને દર	૩૪૬૧૧.૨૫	૩૫૩૨૧.૨૫
૨	ખાસ કાયદા મુજબ	૮૧૯૨.૬૦	૮૧૯૨.૬૦
૩	મ્યુનિસિપલ મિલકતમાંથી ભાડુ તથા વ્યાજ	૬૧૫૫.૩૫	૬૧૫૫.૩૫
૪	સરકાર મદદ	૪૪૨૬૨.૧૬	૪૪૨૬૨.૧૬
૫	અન્ય આવક	૫૩૭૬.૦૦	૫૩૮૧.૦૦
	કુલ ..	૯૮૫૯૭.૩૬	૯૯૩૧૨.૩૬
	સૂચિત વધારો (મહેસુલી)	૨૦૦.૦૦	૨૦૦.૦૦
	સૂચિત વધારો (સફાઈ કર)	૩૦૦.૦૦	૦.૦૦
	કુલ ..	૯૯૦૯૭.૩૬	૯૯૫૧૨.૩૬

સને ૨૦૧૬-૨૦૧૭ ખર્ચ બાજુ

અ.નં.	ખર્ચનું સદર	મ્યુનિ. કમિશ્નરશ્રીએ સૂચવેલ અંદાજ	સ્થાયી સમિતિએ મંજૂર કરેલ અંદાજ
૧	મહેકમ	૪૯૫૪૩.૩૫	૪૯૫૪૩.૩૫
૨	કન્ટીજન્સી	૩૭૪.૮૦	૩૭૪.૮૦
૩	નિભાવણી	૨૫૮૭૫.૩૪	૨૫૯૬૯.૧૪
૪	પ્રાથમિક શિક્ષણ	૧૨૯૯૮.૩૫	૧૨૯૯૮.૩૫
૪	લોન ચાર્જીસ	૩૮૫૧.૮૦	૩૮૫૧.૮૦
	કુલ ..	૯૨૬૪૩.૬૪	૯૨૭૩૭.૪૪

સને ૨૦૧૬-૨૦૧૭ ડ્રાફ્ટ બજેટ સમગ્ર પરિસ્થિતિ

અ.નં.	સદર	મ્યુનિ. કમિશ્નરશ્રીએ સૂચવેલ અંદાજ	સ્થાયી સમિતિએ મંજૂર કરેલ અંદાજ
૧	ખુલતી સિલક	૩૪૪૨.૩૧	૩૪૦૯.૩૧
	કુલ ખુલતી સિલક	૩૪૪૨.૩૧	૩૪૦૯.૩૧
૨	આમદાની	૯૮૫૯૭.૩૬	૯૯૩૧૨.૩૬
૩	રેવન્યુ ખર્ચ	૯૨૬૪૩.૬૪	૯૨૭૩૭.૪૪
	બાકી સિલક/ખાધ	૯૩૯૬.૦૩	૯૯૮૪.૨૩
૫	સૂચિત વધારો (સામાન્ય કર)	૫૦૦.૦૦	૨૦૦.૦૦
૬	સૂચિત વધારા સહની બાકી સિલક/ખાધ	૯૮૯૬.૦૩	૧૦૧૮૪.૨૩
	કેપીટલ બજેટમાં તબદીલ કરવાપાત્ર રકમ	૫૦૦૦.૦૦	૫૫૦૦.૦૦
	ચોખ્ખી બાકી સિલક/ખાધ	૪૮૯૬.૦૩	૪૬૮૪.૨૩
	બાકી સિલક (મહેસુલી)	૪૮૯૬.૦૩	૪૬૮૪.૨૩

સને ૨૦૧૬-૨૦૧૭ ડ્રાફ્ટ કેપીટલ બજેટ સમગ્ર પરિસ્થિતિ

(₹.લાખમાં)

અ.નં.	સદર	મ્યુનિ. કમિશ્નરશ્રીએ સૂચવેલ અંદાજ	સ્થાયી સમિતિએ મંજૂર કરેલ અંદાજ
૧	ખુલતી સિલક	૧૧૯.૨૦	૧૧૯.૨૦
	કુલ ખુલતી સિલક	૧૧૯.૨૦	૧૧૯.૨૦
	રેવન્યુ બજેટમાંથી તબદીલ કરવાપાત્ર રકમ	૫૦૦૦.૦૦	૫૫૦૦.૦૦
૨	કેપીટલ આમદાની	૩૦૧૭૭.૨૫	૩૦૧૭૭.૨૫
	કુલ આવક	૩૫૨૯૬.૪૫	૩૫૭૯૬.૪૫
	આંતરીક ભંડોળ/લોન	૨૦૦૦૦.૦૦	૨૦૦૦૦.૦૦
૩	કેપીટલ ખર્ચ	૫૪૭૦૫.૪૫	૫૫૪૩૩.૪૫
	બાકી સિલક/ખાધ	૫૯૧.૦૦	૩૬૩.૦૦
	કેપીટલ વિભાગની બાકી સિલક	૫૯૧.૦૦	૩૬૩.૦૦

સને ૨૦૧૬-૨૦૧૭ ના ડાફ્ટ બજેટમાં સ્થાયી સમિતિએ કરેલા ફેરફારથી થતા વધારા-ઘટાડાનું પત્રક

(₹.લાખમાં)

રેવન્યુ બજેટ ભાગ ૧ (રેવન્યુ જમા)

અ.નં.	બજેટ કોડ	સદર	કમિશ્નરશ્રીએ રજુ કરેલ અંદાજ	સ્થાયી સમિતિએ મંજૂર કરેલ અંદાજ	વધારો	ઘટાડો
૧		સુચિત વધારો	૫૦૦.૦૦	૨૦૦.૦૦	૦.૦૦	૩૦૦.૦૦
૨	A ૧૧૦૨૨૦૧	પે એન્ડ પાર્કની ફી તથા એન્ટ્રી ફી આજવા બાગ માટે	૬૦.૦૦	૬૫.૦૦	૫.૦૦	૦.૦૦
૩	A ૦૧૧૦૧૦૮	ક્ષેત્રફળ આધારીત સામાન્ય કર	૧૩૩૫૦.૦૦	૧૩૬૫૦.૦૦	૩૦૦.૦૦	૦.૦૦
૪	A ૦૧૧૦૧૦૬	યાંત્રિક વાહનો ઉપરનો કર	૧૫૦૦.૦૦	૧૭૦૦.૦૦	૨૦૦.૦૦	૦.૦૦
૫	A ૦૩૦૧૧૦૧	ફાયર ટેક્ષ	૧૬૦.૦૦	૧૭૦.૦૦	૧૦.૦૦	૦.૦૦
૬	A ૦૫૦૧૧૦૪	કન્ઝરવન્સી તથા સુઅરેઝ કર (ચાલુ વર્ષનો)	૩૭૫૦.૦૦	૩૮૫૦.૦૦	૧૦૦.૦૦	૦.૦૦
૭	A ૦૭૦૧૧૦૧	સફાઇ ચાર્જ (ચાલુ વર્ષનો)	૧૨૦૦.૦૦	૧૩૦૦.૦૦	૧૦૦.૦૦	૦.૦૦
		કુલ વધ - ઘટ	૨૦૫૨૦.૦૦	૨૦૯૩૫.૦૦	૭૧૫.૦૦	૩૦૦.૦૦
રેવન્યુ બજેટ ભાગ ૧ (રેવન્યુ ખર્ચ)						
૧	B ૧૨૦૪૩૨૦	નવિન સ્પોર્ટસ કોમ્પ્લેક્ષની નિભાવણી માટે	૨૦.૦૦	૧૦.૦૦	૦.૦૦	૧૦.૦૦
૨	B ૧૬૦૩૩૧૩	સ્વર્ણિમ ગુજરાત વર્ષ ૨૦૧૦ની ઉજવણી માટે	૩.૦૦	૦.૦૦	૦.૦૦	૩.૦૦
૩	B ૧૬૦૧૩૧૪	દિવ્યાંગ બાળકો માટે ફાળવણી	૦.૨૦	૫.૦૦	૪.૮૦	૦.૦૦
૪	પરિશિષ્ટ-૬	નવા પંપીગ સ્ટેશનો નિભાવણી, સ્ટોર ખરીદી તથા વિદ્યુત બીલો	૨૦૪૧.૬૦	૨૧૪૩.૬૦	૧૦૨.૦૦	૦.૦૦
		કુલ વધ - ઘટ	૨૦૬૪.૮૦	૨૧૫૮.૬૦	૧૦૬.૮૦	૧૩.૦૦
રેવન્યુ બજેટ ભાગ ૨ (કેપીટલ જમા)						
૧	C૦૧૦૬૬૦૧	રેવન્યુ બજેટમાંથી કેપિટલ બજેટ પેટે તબદીલ કરેલી રકમ	૫૦૦૦.૦૦	૫૫૦૦.૦૦	૫૦૦.૦૦	૦.૦૦
રેવન્યુ બજેટ ભાગ ૨ (કેપીટલ ખર્ચ)						
૧	D ૧૮૦૧૬૦૧	ઇલેક્શન વોર્ડ મુજબ ફોડવારી (ઇલેક્શન વોર્ડ દીઠ ૩૨ લાખ)	૪૫૬.૦૦	૬૦૮.૦૦	૧૫૨.૦૦	૦.૦૦

અ.નં.	બજેટ કોડ	સદર	કમિશનરશ્રીએ રજુ કરેલ અંદાજ	સ્થાયી સમિતિએ મંજૂર કરેલ અંદાજ	વધારો	ઘટાડો
૨	D ૧૮૦૧૬૦૨	ચાલુ વર્ષના સભાસદશ્રીઓના સૂચન મુજબના તેમના મત વિસ્તારના (કોટાના કામો માટે) (સભાસદશ્રી દીઠ રૂા.૧૦ લાખ મુજબ)	૬૮૪.૦૦	૭૬૦.૦૦	૭૬.૦૦	૦.૦૦
૩	D ૦૧૧૨૬૦૧	ઇ-ગર્વનન્સ પ્રોજેકટના ભાગરૂપે તથા મહાનગરપાલીકાના ખાતાઓ માટે કોમ્પ્યુટર્સ, સોફ્ટવેર, સંબંધિત આઇટમ અને સાધનો, G.I.S., E.R.P. સીસ્ટમ વિકસાવવા તથા ખરીદવા	૬૦૦.૦૦	૧૧૦૦.૦૦	૫૦૦.૦૦	૦.૦૦
		કુલ વધ - ઘટ	૧૭૪૦.૦૦	૨૪૬૮.૦૦	૭૨૮.૦૦	૦.૦૦

સુચના

૧. શહેરમાં બે નવીન બ્રીજ જેવાં કે, રાજમહેલ રોડથી દાંડીયા બજાર ને જોડતો તથા સુસેન ચાર રસ્તા પર બનાવવા સુચન છે.

૨. મહાનગરપાલિકાની આવક વધે તે સારૂં વેરાની રકમ ના લક્ષ્યાંક વધારવામાં આવેલ છે જે સારૂં વેરા વસુલાતની સઘન ઝુંબેશ હાથ ઘરી સુચવેલ લક્ષ્યાંક પાર પડે તે મુજબ કાર્યવાહી કરવા સુચન છે.

વડોદરા મહાનગરપાલિકા

સને ૨૦૧૬-૨૦૧૭નું

અંદાજપત્રક

કમિશનર શ્રીનું નિવેદન

વડોદરા મહાનગરપાલિકા

સને ૨૦૧૫-૧૬ ના રીવાઇઝ અને સને ૨૦૧૬-૧૭ ના ડ્રાફ્ટ અંદાજપત્ર અંગે કમિશનરશ્રીનું નિવેદન

સ્થાયી સમિતિના માનનીય ચેરમેનશ્રી અને સભાસદશ્રીઓ :

મહાનગરપાલિકાની સામાન્ય ચુંટણી બાદ જી.પી.એમ.સી એક્ટની કલમ ૯૫ હેઠળ વડોદરા મહાનગરપાલિકાનું સને ૨૦૧૫-૧૬ નું રિવાઇઝ તથા સને ૨૦૧૬-૧૭ નું પ્રથમ ડ્રાફ્ટ અંદાજપત્ર રજુ કરતાં મને ઘણો આનંદ થાય છે.

વડોદરા મહાનગરપાલિકા દ્વારા હાથ ધરવામાં આવી રહેલ વિકાસના કાર્યોની ધૂરા જેમના સક્ષમ હાથોમાં છે તેવા આ શહેરના માનનીય મેયરશ્રી ભરતભાઇ ડાંગર, ડેપ્યુટી મેયરપદે બિરાજેલ માનનીય શ્રી યોગેશભાઇ(મુક્તિ) તથા સ્થાયી સમિતિનું સુકાન સંભાળતા માનનીય અધ્યક્ષાશ્રી જીગીશાબેન શેઠ, સ્થાયી સમિતિનાં માનનીય સભ્યોશ્રીઓ તથા અન્ય તમામ મ્યુનિસિપલ સભાસદશ્રીઓ સહિત આપ સૌને હું અભિવાદન સહ આવકારુ છુ.

સને ૨૦૧૫-૧૬ નુ વર્ષ વડોદરા મહાનગરપાલિકા માટે અતિ મહત્વનું રહ્યું છે. માનનીય પ્રધાનમંત્રી શ્રી ના “સ્વચ્છ ભારત અભિયાન” અંતર્ગત સમગ્ર શહેર ને સ્વચ્છ અને રળિયામણું બનાવવા માટે મહાનગર પાલિકાએ અનેકવિધ પગલા ભર્યા છે. સંસ્કારી નગરીમાં નગરજનોએ પણ આ ઉમદા કાર્યમાં સુંદર સહયોગ આપ્યો છે. અને તેના હકારાત્મક પરીણામો પણ જોવા મળી રહ્યા છે. વધુમાં વડોદરાને સ્માર્ટ સીટી તરીકે વિકસાવવાનું નક્કી થયું છે ત્યારે આવનારા સમયમાં આ શહેર તેના ભવ્ય ભૂતકાળ અને વૈભવી વર્તમાનનું અનેરૂ સરનામું બની રહેશે. સ્વચ્છ અને સ્વસ્થ વડોદરાનું સ્વપ્ન આવનરા સમયમાં સાચું પડે તે દિશામાં તમામ પગલા ભરવામાં આવી રહ્યા છે.અને તેના સકારાત્મક પરીણામો જોવા મળશે તેવી અભિલાષા.

ચાલુ વર્ષે ૨૦૧૫-૧૬ માં મિલકત વેરા તથા અન્ય વેરામાં સઘન વસુલાત ઝુંબેશ ચલાવી વેરાની આવકમાં વધારો મેળવેલ છે. જેના કારણે મહેકમ તથા નિભાવણીનાં વધતા ખર્ચને પહોંચી વળી શકાયુ છે. તેમજ રાજ્ય સરકારશ્રી દ્વારા ઓક્ટ્રોય વળતર ગ્રાંટમાં કરી આપેલ વધારા તથા વિવિધ યોજનાઓ હેઠળ સમયાંતરે ફાળવેલ ગ્રાંટના કારણે મહાનગરપાલિકા વિકાસની ગતિને એક નવા શિખરે લઇ જવા સફળ રહ્યું છે. અને આ ગતિ ચાલુ રહે તેના ઉદ્દેશ સાથે સને ૨૦૧૫-૧૬ નુ રિવાઇઝ તથા સને ૨૦૧૬-૧૭ નું ડ્રાફ્ટ અંદાજપત્ર રજુ કરતા મને ઘણો આનંદ થાય છે.

સને ૨૦૧૫-૧૬ ના રીવાઈઝ તથા સને ૨૦૧૬-૧૭ ના ડ્રાફટ અંદાજો, રેવન્યુ બજેટ પત્રક-અ તથા કેપીટલ બજેટ પત્રક-બ નીચે મુજબ છે.

પત્રક- અ રેવન્યુ બજેટ

(રૂ. કરોડમાં)

અ.નં.	વિગત	૨૦૧૫-૧૬ નો મંજુર અંદાજ	૨૦૧૫-૧૬ નો રીવાઈઝ અંદાજ	૨૦૧૬-૧૭ નો ડ્રાફટ અંદાજ
અ.	પુરાંત બાકી	૩૬.૪૩	૬૧.૫૯	૩૪.૪૨
બ.	રેવન્યુ આવક	૯૫૪.૭૨	૯૪૧.૨૦	૯૮૫.૯૭
	સુચિત વધારો	૦.૦૦	૦.૦૦	૫.૦૦
ક-	રેવન્યુ ખર્ચ	૮૬૮.૧૧	૯૦૮.૩૭	૯૨૬.૪૩
કેપીટલ બજેટમાં લઈ જવા		૭૦.૦૦	૬૦.૦૦	૫૦.૦૦
સિલક		**૫૩.૦૪**	**૩૪.૪૨**	**૪૮.૯૬**

પત્રક - બ. કેપીટલ બજેટ

(રૂ. કરોડમાં)

અ.નં.	વિગત	૨૦૧૫-૧૬ નો મંજુર અંદાજ	૨૦૧૫-૧૬ નો રીવાઈઝ અંદાજ	૨૦૧૬-૧૭ નો ડ્રાફટ અંદાજ
અ.	પુરાંત બાકી	૨૭.૩૯	૭.૬૬	૧.૧૯
બ.	રેવન્યુ બજેટમાંથી લાવ્યા	૭૦.૦૦	૬૦.૦૦	૫૦.૦૦
ક-	કેપીટલ આવક	૨૬૭.૬૧	૨૭૪.૦૨	૩૦૧.૭૭
ડ.	આંતરીક ભંડોળ/લોન	૧૮૦.૦૦	૧૨૨.૦૦	૨૦૦.૦૦
કુલ કેપીટલ જમા		૫૪૫.૦૦	૪૬૩.૬૮	૫૫૨.૯૬
કેપીટલ ખર્ચ		૫૨૨.૬૫	૪૬૨.૪૯	૫૪૭.૦૫
સિલક		**૨૨.૩૫**	**૧.૧૯**	**૫.૯૧**

➢ સને ૨૦૧૫-૧૬ ના રીવાઇઝ બજેટની સમીક્ષા

અ.) રેવન્યુ બજેટ :

વડોદરા મહાનગર સેવા સદન મહેકમ નિભાવણી અને વિકાસ કામો માટે સ્વભંડોળ પર જ આધારીત છે .ગત વર્ષોમાં ઓક્ટ્રોયની આવક અને તેમા વર્ષો વર્ષ થતો વધારો સેવા સદનને ઘણો લાભદાયી રહેલ હતો .અત્રે સ્વભંડોળમાંથી જોઇતી મદદ મળી રહેતી હતી .જો કે ચાલુ વર્ષે ઓક્ટ્રોયની વળતર ગ્રાંટમાં થોડોક વધારો મળવા પામેલ છે .જો કે તે પુરતો રહેતો નથી.

સને ૨૦૧૫-૧૬ ના રેવન્યુ આવકના રૂ.૯૫૪.૭૨ કરોડના અંદાજ સામે રીવાઇઝ અંદાજ રૂ.૯૪૧.૨૦ કરોડ થવા જઇ રહેલ છે .જેની સામે રેવન્યુ ખર્ચ રૂ.૮૬૮.૧૧ કરોડના અંદાજ સામે રૂ.૯૦૮.૩૭ કરોડ જેટલો થવા પામશે .તેમ છતાં કેપિટલ બજેટમાં લઇ જવા રેવન્યુ સરપ્લસ રૂ.૭૦.૦૦ કરોડ ના અંદાજ સામે રૂ.૬૦.૦૦ કરોડ મળી રહેવા સંભવ છે.

બ.) કેપિટલ બજેટ :

સને ૨૦૧૫-૧૬ માં કેપિટલ ખર્ચ રૂ.૫૨૨.૬૫ કરોડ અંદાજેલ હતો પરંતુ રીવાઇઝ કેપિટલ ખર્ચ રૂ.૪૬૨.૪૯ કરોડ નો થવા સંભવ છે .જેથી લોનનો અંદાજ જે રૂ.૧૮૦.૦૦ કરોડ હતો તે ઘટીને રીવાઇઝ અંદાજ રૂ.૧૨૨.૦૦ કરોડ થવા સંભવ છે .સને ૨૦૧૪-૧૫ ના ખરેખર કેપિટલ ખર્ચ રૂ.૧૬૫.૯૦ કરોડ થયેલ છે .જેની સામે સને ૨૦૧૫-૧૬ નો રીવાઇઝ કેપિટલ ખર્ચ રૂ.૪૬૨.૪૯ કરોડ થવા સંભવ છે .જે સને ૨૦૧૪-૧૫ ના ખરેખર ખર્ચની સરખામણી એ રૂ.૨૯૬.૫૯ કરોડ નો વધારો થવા સંભવ છે .

➢ સને ૨૦૧૬-૧૭ ના ડ્રાફ્ટ બજેટની સમીક્ષા

અ.) રેવન્યુ બજેટ :

સને ૨૦૧૬-૧૭ માં રેવન્યુ આવક સને ૨૦૧૫-૧૬ ના રીવાઇઝ અંદાજની સરખામણી એ રૂ.૯૪૧.૨૦ કરોડ થી વધીને રૂ.૯૯૦.૯૭ કરોડ થવા અંદાજ છે .સાથે સાથે રેવન્યુ ખર્ચ પણ સને ૨૦૧૫-૧૬ ના રીવાઇઝ અંદાજ રૂ.૯૦૮.૩૭ કરોડ થી વધીને રૂ.૯૨૬.૪૩ કરોડ થવા સંભાવના છે .જેથી રેવન્યુ સરપ્લસ રૂ.૫૦.૦૦ કરોડ થવાનો અંદાજ છે.

બ.) કેપિટલ બજેટ :

ગત વર્ષોની વિકાસની ગતિ ચાલુ રહે તથા તેને વેગ મળે તે હેતુથી જમીન વેચાણથી આવક મેળવી સને ૨૦૧૬-૧૭ માં કેપિટલ આવક રેવન્યુ સરપ્લસ સહીત રૂ.૩૦૧.૭૭ કરોડ થવા અંદાજ છે .અને કેપિટલ ખર્ચ રૂ.૫૪૭.૦૫ કરોડ નો થવાનો અંદાજ છે .આ કેપિટલ ખર્ચ ને પહોચી વળવા રૂ.૨૦૦.૦૦ કરોડ જેટલી લોન લેવાનો અંદાજ છે.

➢ સને ૨૦૧૬-૧૭ માં કેપિટલ ખર્ચનું નીચે મુજબનું મુખ્ય અંદાજાયેલ આયોજન

જુદી જુદી યોજના ના ફાળાની રકમ	રૂ.	૬૫.૦૦ કરોડ
રોડ અને પૂલો	રૂ.	૧૫૯.૪૮ કરોડ
પાણી પૂરવઠા	રૂ.	૪૦.૭૩ કરોડ
ડ્રેનેજ	રૂ.	૭૪.૭૦ કરોડ
વરસાદી ગટર	રૂ.	૨૪.૨૫ કરોડ
હાઉસીંગ /બીલ્ડીંગ	રૂ.	૫૩.૩૬ કરોડ
જમીન વળતર	રૂ.	૪૦.૦૦ કરોડ
આરોગ્ય/માર્કેટ/જન્મ-મરણ	રૂ.	૧૯.૯૬ કરોડ
બાગ-બગીચા	રૂ.	૧૧.૭૬ કરોડ
અગ્નિશમન	રૂ.	૫.૫૫ કરોડ
સ્ટ્રીટ લાઇટ	રૂ.	૫.૪૨ કરોડ
કોમ્પ્યુટરાઇઝેશન	રૂ.	૬.૦૩ કરોડ
અન્ય વિકાસ ખર્ચ	રૂ.	૪૦.૮૨ કરોડ

➢ સ્વર્ણિમ જ્યંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના :

માનનીય મુખ્યમંત્રીશ્રીએ શહેરી વિકાસ વર્ષ-૨૦૦૫ અન્વયે નગરોના સંક્લિત વિકાસ માટે એક વિઝન સાથે વિકાસની વિસ્તૃત પરિભાષા રજુ કરી રાજ્યના નગરોમાં હાથ ધરવાના કામો માટે જે સુચનો કરેલ હતા તેના આધારે શહેરીકરણના તમામ પાસાઓને આવરી લેતુ વિસ્તૃત અને લાંબાગાળાનું આયોજન નજર સમક્ષ રાખી" સ્વર્ણિમ જ્યંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના" નો અમલ કરવામાં આવેલ છે.

- **યુડીપી-૫૭ (વર્ષ ૨૦૧૨-૧૩ અને વર્ષ ૨૦૧૩-૧૪) :**

  સ્વર્ણિમ જ્યંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત યુડીપી-૫૭ વર્ષ ૨૦૧૨-૧૩ પેટે કુલ ૧૨૦ કામો માટે ૩૩૫.૦૪ કરોડના કામોને મંજૂરી મળેલ છે, તે પૈકી બધા કામો પૂર્ણ થયેલ છે, યુડીપી-૫૭ વર્ષ ૨૦૧૩-૧૪ પેટે ૪૧ કામો સંદર્ભે સરકારશ્રી ધ્વારા ફાળવેલ ૮૪ કરોડ ગ્રાંટનો ૧૦૦ %ખર્ચ પૂર્ણ થયેલ છે.

- **યુડીપી-૭૮ :**

  સ્વર્ણિમ જ્યંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના યુડીપી-૭૮ અંતર્ગત વર્ષ ૨૦૧૨-૧૩ પેટે ૫૮ કામો સંદર્ભે સરકારશ્રી ધ્વારા ૭૫ કરોડ ફાળવેલ ગ્રાંટનો ૧૦૦ %ખર્ચ પૂર્ણ થયેલ છે, અને વર્ષ ૨૦૧૩-૧૪ પેટે ૧૬૮ કામો સંદર્ભે સરકારશ્રી ધ્વારા ૭૨ કરોડ ફાળવેલ ગ્રાંટનો ૧૦૦ %ખર્ચ પૂર્ણ થયેલ છે.

  સ્વર્ણિમ જ્યંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના યુડીપી-૭૮ અંતર્ગત વર્ષ ૨૦૧૪-૧૫ પેટે વિવિધ પ્રોજેક્ટસ તથા લોકોપયોગી સુવિધાઓનાં કુલ ૨૨૩ કામો માટે રૂા.૪૭૪.૧૦ કરોડ ની વહીવટી મંજુરીની દરખાસ્ત તા.૨૪-૦૯-૨૦૧૪ નાં રોજ ગુજરાત મ્યુનિસિપલ

ફાઇનાન્સ બોર્ડ સમક્ષ રજુ કરેલ છે, જેની સામે વડોદરા મહાનગરપાલિકા ને ૨૩૭ કરોડનુ અનુદાન અને વર્ષ ૨૦૧૫-૧૬ પેટે ૨૧૭ કરોડનું અનુદાન ફાળવવા ઠરાવવામાં આવેલ છે.

- **<u>આગવી ઓળખનાં કામો</u> :**

  સ્વર્ણિમ જ્યંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત આગવી ઓળખના કુલ ૫ કામો પેટે ૯૦.૫૦ કરોડના કામોને મંજૂરી મળેલ છે, જે પૈકી ૪ કામો પ્રગતિ હેઠળ છે, તથા ૧ કામ પૂર્ણ થયેલ છે, સરકારશ્રી ધ્વારા સદર યોજના હેઠળ કુલ ૬૬ કરોડ ફાળવેલ ગ્રાંટ સામે ૭૪ %ખર્ચ થયેલ છે,

  વધુમાં સ્વર્ણિમ જ્યંતી ઉજવણી હેઠળ ખાનગી સોસાયટીઓમાં જનભાગીદારી થી રસ્તા, સ્ટ્રીટલાઇટ તથા પાણીની નળીકાના લોક ઉપયોગી કામો માટે વર્ષ ૨૦૧૨-૧૩ માં રૂા.૯૫.૦૦ કરોડ તથા વર્ષ ૨૦૧૪-૧૫ રૂા.૪૦.૦૦ કરોડ મળી રાજ્ય સરકારશ્રી દ્વારા કુલ રૂા.૧૩૫.૦૦ કરોડ) ૭૦ %ફાળો (ફાળવવામાં આવેલ છે .વડોદરા મહાનગર સેવા સદન દ્વારા ૧૦ %ફાળો આ સુવિધાઓ માટે આપવાનો હોય છે જ્યારે બાકીના ૨૦ %ખાનગી સોસાયટીઓએ ફાળો આપવાનો રહે છે .આ યોજના હેઠળ આશરે ૩૧૩૫ ખાનગી સોસાયટીઓ લાભાન્વીત થયેલ છે .

➢ <u>વડોદરા સ્માર્ટ સીટી</u> :

- દેશભરનાં ૯૮ શહેરોને સ્માર્ટ સીટી બનાવવાનાં ભાગરૂપે વડોદરા શહેરનો પણ સમાવેશ કરેલ છે .ભારત સરકાર ધ્વારા સ્માર્ટ સીટીનાં જુદી જુદી ૨૪ લાક્ષણિકતાઓ (Features) નક્કી કરવામાં આવેલ છે .વડોદરા શહેર, એ સાંસ્કૃતિક નગરી તરીકેની આગવી ઓળખ ધરાવતું હોઇ, “આર્ટ એન્ડ કલ્ચર” એ વધારાની વિશેષ લાક્ષણિકતાઓ ઉમેરવામાં આવેલ છે .
- સ્માર્ટ સીટી પ્લાન તૈયાર કરવામાં આઇ.સી.ટી.(Information Communication Technology) અને નાગરીકોનું શહેરનાં વિકાસ માટે જરૂરી દૃષ્ટિકોણનું ઘણું મહત્વ ધરાવતું હોવાથી, નાગરીકોનું સુચન/અભિપ્રાયો મેળવવાનાં ભાગરૂપે વેબ સાઇટ, ઇ-મેઇલ, ફેસ-બૂક, ટવીટર, વોટસઅપ જેવા આધુનિક માધ્યમોનો ઉપયોગ કરેલ છે .આ ઉપરાંત Citizen Engagement ના ભાગરૂપે શહેરનાં નામાંકીત બુધ્ધીજીવીઓ, તજજ્ઞો, એન.જી.ઓ. સાથે મીટીંગો પણ યોજવામાં આવેલ છે .આ તમામ સુચનો/અભિપ્રાયોને સંકલીત કરી, સ્માર્ટ સીટી પ્લાન તૈયાર કરવામાં આવે છે .વડોદરાનાં સ્માર્ટ સીટી પ્લાનમાં “PAN CITY” પ્રોજેકટ હેઠળ નીચે મુજબનાં પ્રોજેકટનો સમાવેશ કરેલ છે .
    1. Command City Center
    2. Total Sewerage Solution
    3. Common Web Based Platform
    4. Utility Survey & GIS
    5. City Surveillance System (CC TV)
    6. Solid Waste Solution
    7. E Medical

- સ્માર્ટ સીટીની માર્ગદર્શીકા મુજબ એક ચોક્કસ વિસ્તારને“ એરીયા બેઝ ”પ્રોજેકટ માટે નક્કી કરવામાં આવેલ છે .જે રાત્રી બજારથી શરૂ થઇ શાસ્ત્રી બ્રીજ – ગેંડા સર્કલ, ઓ.પી .રોડ પર જી.ઇ.બી .કોલોની થઇ સયાજીનગર ગૃહથી અકોટા-દાંડીયા બજારનાં વિશ્વામિત્રી નદીની હદે જે સયાજીગંજ થઈ કમાટીબાગ પાછળથી વુડા બ્રીજ સુધીની નદીની હદને આવરી લેવાતો વિસ્તાર પસંદ કરેલ છે .આ વિસ્તાર લગભગ ૧૫૭૦ એકર જેટલો છે .આ વિસ્તારમાં“ એરીયા બેઝ ”માટે નીચે મુજબનાં પ્રોજેકટનો સમાવેશ કરેલ છે .

    1. E Vehicle
    2. Pedestrian Friendly Streets
    3. Parking Management
    4. Smart Metering (Electricity)
    5. Heritage
    6. Smart Street Lighting
    7. Smart Water Metering
    8. Smart Dustbin
    9. No Overhead Cable Zone

- આમ, સ્માર્ટ સીટી પ્રોજેકટનાં “PAN” સીટી પ્રોજેકટ હેઠળ રૂ. ૭૦૪ કરોડ અને “એરીયા બેઝ ” પ્રોજેકટ હેઠળ રૂ.૨૩૧૬ કરોડ મળી કુલ રૂ.૩૦૨૦ કરોડ નાં પ્રોજેકટ નક્કી કરી કેન્દ્ર સરકાર સમક્ષ ૧૫ મી, ડીસેમ્બરે સ્માર્ટ સીટી પ્લાન રજૂ કરેલ છે .આ પ્રોજેકટનો ખર્ચ કેન્દ્ર સરકાર ધ્વારા ૫૦ %કિંમત) મહત્તમ રૂ.૫૦૦ કરોડ, અને તેની સરખામણીમાં રાજ્ય સરકાર અને વડોદરા મહાનગરપાલિકાએ અનુક્રમે ૩૦%, ૨૦ %નાં પ્રમાણમાં ભોગવવાનો રહેશે .આ તમામ પ્રોજેકટ કેન્દ્ર અને રાજ્ય સરકારશ્રીની જુદી જુદી યોજનાઓ જેમ કે અમૃત, સ્વચ્છ ભારત મિશન, ડીજીટલ ઇન્ડીયા, આઇ.પી.ડી.એસ .વિગેરે સાથે અભિસારિત (Converge) કરવાનાં છે અને સ્માર્ટ સીટી પ્રોજેકટ માટે પીપીપી નાં ધોરણે પણ અમલીકરણ કરવાનું સુચવેલ છે.

➢ <u>અમૃત યોજના :</u>

- ભારત સરકાર દ્વારા દેશભરની નગરપાલિકાઓ તથા મહાનગરપાલિકાઓનાં કાયાકલ્પ અર્થે અટલ મિશન ફોર રીઝુવીનેશન એન્ડ અર્બન ટ્રાન્સફોર્મશન) અમૃત (યોજના જાહેર કરવામાં આવેલ છે.
- અમૃત યોજનામાં નાગરિકોને પાયાની સુવિધાઓ જેવી કે પીવાનું પાણી, ભુર્ગભ ગટર, વરસાદી ગટર જેવી પાયાની સુવિધાઓ મળી રહે તે મુજબના અયોજનો હાથ ધરી અગ્રતાના ધોરણે કામગીરી કરવાનું આયોજન કરેલ છે .આ ઉપરાંત સ્વચ્છ વાતાવરણ જાળવી શકાય તે માટે પ્રદૂષણનો ઘટાડો થાય તેવા આયોજનના ભાગરૂપે લોકો દ્વારા જાહેર પરિવહનનો મહતમ ઉપયોગ થાય તે માટે લોકોને સમજાવવા તથા પ્રદૂષણ ન થાય તેવા ઈલેકટ્રીક વાહનો નો ઉપયોગ કરવા તેમજ બિન-મોટર ટ્રાન્સપોર્ટ) વોકિંગ, સાઈકલિંગ (માટે સુવિધાના નિર્માણ માટે પ્રોત્સાહન મળે તેવી યોજનાઓ જાહેર કરવાનું આયોજન હાથ ધરવામાં આવશે .શહેરના

નાગરીકોના તથા બાળકોના મનોરંજન માટે પાર્કસ-ગાર્ડન તથા મનોરંજન કેન્દ્રો બનાવવા માટે પ્રોજેકટ તૈયાર કરવામાં આવશે.

- અમૃત પ્રોજેકટ હેઠળ વડોદરા મહાનગર પાલિકા દ્વારા વર્ષ ૨૦૧૬ થી ૨૦૨૦ સુધીમાં કુલ ૧૦૨૩ કરોડનાં પ્રોજેકટ નક્કી કરેલ છે .જેમાં શહેરની ભવિષ્યની પાણીની જરૂરીયાત પૂર્ણ કરવા પાણી પુરવઠા શાખા દ્વારા સિંધરોટ ખાતે ઈન્ટેકવેલ – WTP બનાવી ૩૦૦ MLD પાણીનો જથ્થો મેળવવાના કામ સહિત કૂલ ૫ કામો માટે ૩૦૫ કરોડના પ્રોજેકટનો સમાવેશ કરવામાં આવેલ છે.
- ડ્રેનેજ પ્રોજેકટમાં રાજીવનગરમાં 78 MLD STP તથા અન્ય કામો મળી કૂલ ૫૨૫ કરોડનાં કામો, વરસાદી ગટરનું ૩૪ કરોડનું કામ, અર્બન ટ્રાન્સપોર્ટ હેઠળ ૮૪ કરોડ તથા ગાર્ડન શાખાનાં ૭૫ કરોડનાં કામોનો સમાવેશ કરેલ છે.
- પ્રથમ તબક્કામાં વર્ષ ૨૦૧૫-૧૬ માં વરસાદી ગટર માટેનો ૩૪ કરોડનો પ્રોજેકટ મંજુર થયેલ છે.
- અમૃત યોજનાનો ખર્ચ કેન્દ્ર સરકાર દ્વારા ૩૩ %કિંમત અને તેની સરખામણીમાં રાજય સરકાર અને વડોદરા મહાનગર પાલિકાએ અનુક્રમે ૩૭ %અને ૨૦%નાં પ્રમાણમાં ભોગવવાનો રહેશે.
- અમૃત યોજના હેઠળ કેન્દ્ર સરકાર દ્વારા ડી.પી.આર .મંજુર થયેથી પ્રોજેકટની આગળની કામગીરી તબક્કાવાર હાથ ધરવામાં આવશે.

૧) <u>સ્પેશીયલ પ્રોજેક્ટ</u> :

➢ <u>વિશ્વામિત્રી રીવરફ્રન્ટ ડેવલપમેન્ટ</u>

- વડોદરા મહાનગર સેવા સદન ધ્વારા શહેરના વિકાસના ભાગરૂપે વિવિધ ઇન્ફ્રાસ્ટ્રકચર પ્રોજેકટોની સમાંતરે પ્રવાસન અને હરવા ફરવાની પ્રવૃતિઓને પ્રોત્સાહન મળે તે હેતુથી વિશ્વામિત્રી રીવર ફ્રન્ટ ડેવલપમેન્ટ પ્રોજેકટની કામગીરીનું આયોજન હાથ ધરેલ છે.
- વિશ્વામિત્રી રીવર ફ્રન્ટ ડેવલપમેન્ટ પ્રોજેકટ મુખ્યત્વે નદીમાં વહેતા મલિન જળને ડાયવર્ટ કરવા સહ નદીના બંને કિનારા વચ્ચે નદીની ચોકકસ પહોળાઇ રાખીને રીટેઇનીંગ વોલ બનાવી દિવાલ તથા કિનારા વચ્ચેની જગ્યાએ પુરાણ કરીને રીક્લેમેશનની જમીન ઉભી કરી તે જમીનમાં મનોરંજન આનંદ પ્રમોદ પ્રવાસન અને કોમર્શીયલ ડેવલપમેન્ટ કરી રેવન્યુ જનરેટ કરવા અંગેનો પ્રોજેકટ છે.
- પ્રોજેકટની કામગીરીના આયોજન માટે સલાહકારશ્રી HCP Design Planning & Management Pvt. Ltd. ધ્વારા ફાયનલ ફિઝીબીલીટી રીપોર્ટ તૈયાર કરેલ છે. ફિઝીબીલીટી રીપોર્ટમાં સૂચિત ટૂંકા ગાળાની અને લાંબા ગાળાની કામગીરી માટે અલાયદા ડી.પી.આર. બનાવી ચાલુ વર્ષે સ્થળે કામગીરી શરૂ કરવાનું આયોજન છે.

- પ્રોજેકટમાં મુખ્યત્વે નદીના કિનારે લેન્ડ સ્કેપીંગ જોગીંગ ટ્રેક ચિલ્ડ્રન પ્લે એરીયા ગાર્ડનીંગ ક્રોકોડાઇલ રેફયુજી સેન્ટર નવિન રોડ અને કોમર્શીયલ ડેવલપમેન્ટ નવિન વિશ્વામિત્રી રીવર ટી.પી. સ્કીમની કામગીરી સમાવિષ્ટ છે.
- કામગીરી પૂર્ણ થયેથી નદીની આસપાસ આરોગ્યપ્રદ અને રમણીય વાતાવરણ તૈયાર થશે. શહેરીજનોની સુખાકારીમાં વધારો થનાર છે. ઉપરાંત નદીમાં વરસાદી ગટર મારફતે છોડવામાં આવતા ડ્રેનેજ પ્રવાહ તથા ઇન્ડસ્ટ્રીયલ મલિન જળનો પ્રવાહ બંધ કરવાનો હોઇ "સ્વચ્છ ભારત અભિયાન" હેઠળ સદર પ્રોજેકટ શહેરની સ્વચ્છતામાં વધારો કરવામાં મુખ્ય યોગદાન આપનાર છે.
- સમગ્ર આયોજન અંતર્ગત અંદાજીત રૂ.૧૩૫૦/- કરોડનો પ્રોજેકટ ખર્ચ થવા સંભવ છે.
- વિશ્વામિત્રી રીવર ફ્રન્ટ ડેવલપમેન્ટ પ્રોજેકટના સુદ્રઢ અમલીકરણ માટે વડોદરા રીવર ફ્રન્ટ ડેવલપમેન્ટ કોર્પોરેશન લીમીટેડ કંપનીની રચનાને રાજ્ય દ્વારા હાલમાં મંજુરી મળેલ હોય "વડોદરા રીવરફ્રન્ટ ડેવલપમેન્ટ કોર્પોરેશન લીમીટેડ કંપની" ની રચના માટેની કામગીરી શરૂ કરેલ છે.
- ફિઝીબીલીટી રીપોર્ટમાં સૂચિત કામો શરૂ કરતા પહેલાં સેકશન-૬ એન્વાયરોમેન્ટ ઇમ્પેક્ટ એસેસમેન્ટ નોટીફીકેશન-૨૦૦૬ અન્વયે એન્વાયરોમેન્ટ ઇમ્પેક્ટ એસેસમેન્ટ તથા એન્વાયરોમેન્ટ કલીયરન્સ મેળવવું જરૂરી હોઇ તે મંજુરી અંગેની કામગીરી શરૂ કરેલ છે.
- નદીની સ્વચ્છતા આરોગ્યપ્રદ અને પ્રદૂષણ મુકત વાતાવરણનો લાભ થનાર છે.
- નવિન લીંક રોડ તથા નવિન ટ્રાન્સપોર્ટ સુવિધાની ઉપલબ્ધ થનાર છે.
- પ્રોજેકટમાં કોમર્શીયલ ડેવલપમેન્ટમાંથી રેવન્યુ જનરેટ થનાર છે.
- વિશ્વામિત્રી રીવર ફ્રન્ટ પ્રોજેકટ અંતર્ગત હાલ સુધીમાં ૧૨૦૦૦૦૦૦/- નો ખર્ચ થયેલ છે.

➢ **<u>તળાવોના વિકાસની કામગીરી</u>**

- વડોદરા મહાનગર સેવા સદનમાં સમાવિષ્ટ વિવિધ તળાવોની સ્વચ્છતા તથા સુંદરતા જળવાય અને તળાવો શહેરીજનો માટે પર્યટન સાંસ્કૃતિક તેમજ મનોરંજન વિગેરે જેવી પ્રવૃત્તિઓના સ્થળ તરીકે વિકસાવી શકાય તે હેતુથી સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી યોજના અંતર્ગત સ્પેશ્યલ પ્રોજેકટ તરીકે શહેરની આગવી ઓળખ અન્વયે શહેરના ગોત્રી કમલાનગર હરણી અને સમા તળાવના નવિનીકરણ અને આધુનિકરણની કામગીરી હાલમાં પ્રગતિ હેઠળ છે.
- પ્રથમ તબકકાની કામગીરીમાં રીટેઇનીંગ વોલ રેલીંગ કમ્પાઉન્ડ વોલ વોકવે એરીયા ડેવલોપમેન્ટની કામગીરી સમાવિષ્ટ છે. જે બાદ બીજા તબકકાની કામગીરીમાં ફુડ કોર્ટ બાળ ક્રીડાંગણ બોટીંગ બગીચા જોગર્સ ટ્રેક બેઠક વ્યવસ્થા લાઇટીંગ વિગેરે કામગીરી સમાવિષ્ટ છે.
- સંયુકત કામગીરીમાં અંદાજે રૂ.૪૫/- કરોડનો ખર્ચ થનાર છે.

- ગોત્રી કમલાનગર હરણી અને સમા તળાવના નવિનીકરણની કામગીરીમાં હાલ સુધી રૂ.૪૩૯.૬૧ લાખનો ખર્ચ થયેલ છે.
- તેમજ છાણી સીંધુસાગર વાસણા મહાદેવ સરસીયા ભીમનાથ કલાલી અટલાદરા કપુરાઇ અને દંતેશ્વર તળાવના નવિનીકરણની કામગીરી આયોજન હેઠળ છે.
- કામગીરી પૂર્ણ થયેથી આરોગ્યપ્રદ પર્યાવરણ અને વાતાવરણ ઉપલબ્ધ થનાર છે.
- પ્રવાસન અને હરવા-ફરવાની પ્રવૃતિને પ્રોત્સાહન મળશે.

➢ **<u>રૂફટોપ સોલાર પ્લાન્ટ</u>**

- રાજય સરકાર ધ્વારા સૌર ઉર્જામાંથી વિજળી ઉત્પાદનના હેતુથી ગુજરાત રૂફટોપ સોલાર રેપ્લીકેશન પ્રોગ્રામ અમલીકૃત છે. જેના અનુસંધાને રાજય સરકારની કંપની ગુજરાત પાવર કોર્પોરેશન લી. ધ્વારા KW ક્ષમતાનો સોલાર રૂફટોપ પ્રોજેકટના ડેવલપમેન્ટ માટે માધવ સોલાર (વડોદરા રૂફટોપ) પ્રા. લી. ની રૂ.૨/- પ્રતિ યુનિટના લેખેના વળતર (ગ્રીન ઇનીસીએટીવ) આપવા સહ નિમણૂંક કરવામાં આવેલ છે. જેના આધારે પ્રથમ તબકકે કુલ-૫ બિલ્ડીંગ પર રૂફટોપ સોલાર પેનલ લગાવવાની કામગીરી પૂર્ણ કરવામાં આવેલ છે.
- તેમજ અકોટા-દાંડિયાબજાર રૂફટોપ સોલાર બ્રીજ માટે સોલાર પ્લાન્ટની કામગીરી હાલમાં પ્રગતિ હેઠળ છે.
- રૂફટોપ સોલાર પ્લાન્ટમાંથી ઉત્પાદિત વિજળીમાંથી વડોદરા મહાનગર સેવા સદનને રૂ.૨/- પ્રતિ યુનિટના લેખે નવેમ્બર-૨૦૧૫ સુધીમાં રૂ.૪૦૦૦૦૦/-ની ગ્રીન ઇન્ટેન્સીવની આવક થયેલ છે.

➢ **<u>રેલ્વે સ્ટેશન વિસ્તારમાં Multifunctional Transport and Commercial Hub બનાવવાની કામગીરી.</u>**

- વડોદરા મહાનગર પાલિકા ધ્વારા રેલ્વે સ્ટેશન વિસ્તારના હયાત રોડ પ્રવાસી ગૃહ સીટી બસ- સ્ટેશન કડકબજાર શાકમાર્કેટ વિગેરે એરીયાને ડેવલપ કરવા માટે મલ્ટીમોડલ ટ્રાન્સપોર્ટ એન્ડ કમર્શીયલ હબ બનાવવાનું આયોજન છે.
- સદર કામગીરીમાં મલ્ટીલેવલ પાર્કિંગ કમર્શીયલ સ્પેસ ઓફિસ સ્પેસ રીક્રીએશનલ સ્પેસ સીટી બસ-સ્ટેશન આયકોનીક ટાવર્સ અને વાહન વ્યવહાર માટે નવિન ટ્રાફિકનું આયોજન સામેલ છે.
- સદર પ્રોજેકટ મુખ્યત્વે PPP ધોરણે આયોજીત હોય સદર પ્રોજેકટમાંથી આવક થનાર છે.
- સદર કામગીરી ઇન્ટ્રીમ ફીઝીબીલીટી રીપોર્ટના તબકકામાં છે.

➢ **<u>આજવા-પ્રતાપપુરા ફીડર કેનાલ પર સોલાર પાર્કની કામગીરી</u>**

- વડોદરા મહાનગર પાલિકા ધ્વારા આજવા-પ્રતાપપુરા ફિડર કેનાલ પર અંદાજીત ૧૧ કિ.મી.ની લંબાઇમાં ઓપન ચેનલ પર સ્ટીલ સ્ટ્રકચર બનાવી સોલાર પાર્કની કામગીરીનું આયોજન કરેલ છે.

- સદર કામગીરી અંતર્ગત અંદાજે ૨૦ MW પાવર જનરેશન થઇ શકે તેમ છે.
- હાલમાં સદર કામગીરી સલાહકારશ્રીની નિમણૂંકના તબકકામાં છે.

➢ **<u>શહેરના વિવિધ વિસ્તારમાં બ્યુટીફીકેશનની કામગીરી</u>**

- વડોદરા મહાનગર પાલિકામાં સ્પેશ્યલ પ્રોજેકટ અંતર્ગત શહેરના વિવિધ વિસ્તારોના બ્યુટીફીકેશનના ભાગરૂપે IPCL ફલાય ઓવર બ્રીજ નીચે બ્યુટીફીકેશન હરીનગર ફલાય ઓવર બ્રીજ નીચે બ્યુટીફીકેશન લાલબાગ વિસ્તાર આકાશવાણી વિસ્તાર સમા અભિલાષા ચાર રસ્તા છાણી જકાતનાકા સર્કલ આરાધના સિનેમા સોમા તળાવ જંકશન સુશેન સર્કલ વડીવાડી નજીક વિગેરે વિસ્તારોમાં બ્યુટીફીકેશનની કામગીરીનું આયોજન કરેલ છે.
- સદર કામગીરીમાં સીટીંગ એરેન્જમેન્ટ પાર્કિંગ ફુડ કોર્ટ ટી.પી. સીસ્ટમ ફાઉન્ટેન લેન્ડ સ્કેપીંગ વિગેરેનું આયોજન છે. ઉપરાંત નવિન બસ સેલ્ટર ડિઝાઇનનું આયોજન છે.

➢ **<u>ગેંડા સર્કલથી મનિષા ચાર રસ્તા સુધી ફલાય ઓવર બ્રીજની કામગીરી</u>**

- વડોદરા મહાનગર સેવા સદન ધ્વારા શહેરના પશ્ચિમ વિસ્તારમાં ગેંડા સર્કલથી મનિષા ચાર રસ્તા સુધી અંદાજે ૩.૫ કિ.મી. લંબાઇમાં 4-Lane નો ફલાય ઓવર બ્રીજ બનાવવાનું આયોજન છે.
- સદર ફલાય ઓવર બ્રીજ અંતર્ગત ગેંડા સર્કલ રેસકોર્સ સર્કલ ચકલી સર્કલ હેવમોર સર્કલ આવરી લેવામાં આવનાર છે.
- સદર બ્રીજના ડિટેઇલ પ્રોજેકટ રીપોર્ટ તેમજ પ્રોજેકટ મેનેજમેન્ટ કન્સલટન્ટની કામગીરી માટે ભાવપત્રક Evaluation ના તબકકા હેઠળ છે.
- શહેરીજનોને ઇંધણ અને સમયમાં બચત થનાર છે.
- ઉત્તર તથા દક્ષિણ તરફના ટ્રાફિકને સીધી અવર-જવરનો લાભ મળશે.

➢ **<u>પબ્લિક બાયસીકલ શેરીંગ પ્રોજેકટ</u>**

- વડોદરામાં શહેરીજનોની સુવિધા અર્થે NMV કોન્સેપ્ટ આધારિત સાયકલ શેરીંગ પ્રોજેકટનું આયોજન કરવામાં આવેલ છે.
- પ્રથમ તબકકામાં શહેરના વિધાર્થીઓ તથા હોસ્ટેલ સ્થિત કોલેજના વિધાર્થીઓને સુવિધા મળે તે હેતુથી રેલ્વે સ્ટેશન M.S. University એરીયા અને ફતેગંજ વિસ્તારમાં Pilot Project શરૂ કરવાનું આયોજન છે. જેમાં કુલ ૬ સ્કેવર કિ.મી. વિસ્તારમાં નવિન સાયકલ સ્ટેશન તથા બાયસીકલનું આયોજન છે.
- બીજા તબકકામાં શહેરના રાવપુરા ન્યાયમંદિર માંડવી દાંડિયાબજાર રેલ્વે સ્ટેશન M.S. University વિસ્તારમાં શરૂ કરવાનું આયોજન છે. જેમાં કુલ ૧૦ સ્કેવર કિ.મી. વિસ્તારમાં નવિન સાયકલ સ્ટેશન તથા બાયસીકલનું આયોજન છે.

➢ **<u>નવલખી ગ્રાઉન્ડ પાસે ગાર્ડન અને ક્રોકોડાઇલ પાર્ક બનાવવાની કામગીરી</u>**

- વડોદરા મહાનગર પાલિકા ધ્વારા વિશ્વામિત્રી રીવર ફ્રન્ટ ડેવલપમેન્ટ પ્રોજેકટ આયોજન હેઠળ છે. જેના ભાગરૂપે નવલખી ગ્રાઉન્ડ પાસે ૬૬ એકર જમીનમાં વિશાળ બગીચા સાથે ક્રોકોડાઇલ પાર્ક બનાવવાનું આયોજન છે.
- રાજય સરકારે ૬૬ એકર જમીન પેલેસના પાછળના ભાગમાં અને વિશ્વામિત્રીના કિનારાની જમીન ફાળવણીનો હુકમ કરેલ છે.
- ક્રોકોડાઇલ પાર્કની સાથે આકાર પામનાર વિશાળ બગીચાના કારણે શહેરની સુંદરતામાં વધારો થશે. પ્રવાસન અને હરવા-ફરવાની પ્રવૃતિને પ્રોત્સાહન મળશે.
- શહેરીજનોના મનોરંજન માટે એક વધુ સ્થળનો ઉમેરો થશે.
- ક્રોકોડાઇલ પાર્કના કારણે સમગ્ર રાજય અને દેશમાં વડોદરાની ખ્યાતિમાં વધારો થશે. જે શહેરના વિકાસ માટે મહત્વનું સોપાન સાબિત થશે.

૨) <u>રેલ્વે / રીવર ઓવર બ્રીજ તથા ફલાય ઓવર</u> :

- ચાલુ વર્ષ દરમ્યાન રૂ. ૬૩ કરોડનાં ખર્ચે IPCL જંકશન ઉપર IPCL ફલાય ઓવર બ્રીજ, રૂ.૩૨ કરોડનાં ખર્ચે હરીનગર જંકશન ઉપર નવિન ફલાય ઓવર બ્રીજ નું લોકાર્પણ કરવામાં આવેલ છે.
- હાલમાં, રૂ. ૧૮ કરોડના ખર્ચે શહેરના હયાત શાસ્ત્રી બ્રીજ (પોલીટેક્નીક પાસે) આર.ઓ.બી. નું વાઇડનીંગ, રૂ. ૧૪ કરોડનાં ખર્ચે સમા-હરણી રીવર બ્રીજ અને રૂ.૯ કરોડનાં વડસર લેન્ડફીલ પાસેના હયાત બ્રીજના વાઇડનીંગની કામગીરી હાલ પ્રગતિ હેઠળ છે.
- આ ઉપરાંત વિશ્વામિત્રી સ્ટેશન પાસેના આર.ઓ.બી.ને રૂ.૩૫ કરોડના ખર્ચે વાઇડનીંગની કામગીરી હાથ ધરેલ છે. (સદર કામનું GAD રેલ્વે વિભાગમાં મંજુરી હેઠળની પ્રક્રિયામાં છે)
- ૪૦.૦૦ મી. ના રીંગ રોડ પર ગેંડા સર્કલથી મનીષા ચાર રસ્તા સુધીનો નવિન ફલાય ઓવર બ્રીજ, ફતેહપુરાથી વડોદરા એરપોર્ટ તરફ જતાં સંગમ ચાર રસ્તા ઉપર નવીન ફ્લાય ઓવર બ્રીજ બનાવવાની કામગીરીનો DPR અંદાજીત રૂ. ૨.૦૦ કરોડના ખર્ચે અને પ્રતાપ નગર થી મકરપુરા તરફ જતાં સુશેન જંકશન ઉપર નવીન ફલાય ઓવર બ્રીજનો DPR અંદાજીત રૂ. ૨.૦૦ કરોડના ખર્ચે તેમજ મહારાણી શાંતાદેવી હોસ્પીટલ પાસેના ચાર રસ્તા પરના ટ્રાફિકના ભારણને ધ્યાને લઇને ટ્રાફિક સર્વે અને ફિઝીબીલીટી રીપોર્ટ અંદાજીત રૂ. ૨.૦૦ કરોડના ખર્ચે તૈયાર કરવાનું આયોજન હાથ ધરેલ છે.

૩) <u>રોડપ્રોજેકટ શાખા</u> :

રોડ પ્રોજેકટ શાખા ધ્વારા શહેરના ૧૮.૦ મી.કે તેથી વધુ પહોળાઇના હયાત રસ્તાઓને આયોજન મુજબ પહોળાં કરી તેના ઉપર કાર્પેટીંગ કરવાની તથા સેન્ટ્રલ ડીવાઇડર બનાવવાની કામગીરી કરવામાં આવે છે .આ પૈકીના કેટલાક રસ્તાઓ આયોજન મુજબ વોલ ટુ વોલના ધોરણે (સર્વિસ ટ્રેક તથા ફુટપાથ સહિતે) વિકસાવવામાં આવે છે. તેમજ સરકારશ્રીના માર્ગ અને

મકાન વિભાગ તેમજ અન્ય મહાનગરપાલિકાઓના ધોરણ મુજબ ઇજારદાર ધ્વારા કરાવવામાં આવતા રસ્તાના કામોમાં ફ્રી મેઇન્ટેનન્સ ગેરંટી પીરીયીડ ત્રણ વર્ષનો રાખવામાં આવે છે અને મીનીસ્ટ્રી ઓફ રોડ, ટ્રાન્સપોર્ટ એન્ડ હાઇવેઝના (MORTH) ના આધારે રસ્તાના માલસામાનના પરીક્ષણની ફીકવન્સી મુજબ પરીક્ષણ કરાવવામાં આવે છે .તેમજ હરણી પ્લાન્ટ ખાતે SCADA સીસ્ટમ તેમજ રોડ પ્રોજેકટમાં રસ્તાના અંદાજ બનાવવા માટે ઓટો પ્લોટર તેમજ રોડ એસ્ટીમેટર સોફટવેરનો ઉપયોગ કરવાનું આયોજન છે .

વડોદરા મહાનગર સેવાસદન રસ્તા પ્રોજેકટ શાખા ધ્વારા નાણાકીય વર્ષ (૨૦૧૫-૧૬) માં રેવન્યુ કેપીટલ બજેટમાં લીધેલ કુલ કામો પૈકી ૧૨ કામો કુલ રૂ.૨૨ કરોડનાં ખર્ચે પુર્ણ થયેલ છે તેમજ ૧૯ કામો ૪૭.૨૫ કરોડના ખર્ચે પ્રગતિ હેઠળ છે. તથા આગામી નાણાકીય વર્ષમાં રેવન્યુ કેપીટલ બજેટ પેટે રસ્તાના કુલ ૧૩ કામો કુલ રૂ.૬૫ કરોડના ખર્ચે પૂર્ણ કરવાનું આયોજન કરેલ છે .ઉપરાંત સરકારશ્રીના રસ્તા દુરસ્તીની ગ્રાન્ટ પેટે રસ્તાની દુરસ્તી માટે રૂ .૧૯ કરોડના ખર્ચે રી-સરફેસીંગની કુલ ૯મુખ્ય રસ્તાઓની કામગીરી પૂર્ણ કરેલ છે.

આ ઉપરાંત સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના-૨ હેઠળ રસ્તાના કુલ ૪ કામો કુલ રૂ.૧૦૫કરોડના ખર્ચે પૂર્ણ કરવામાં આવેલ છે.

આ ઉપરાંત વ્યવસાયવેરા ગ્રાન્ટ હેઠળ રસ્તાના કુલ ૨ કામો કુલ રૂ.૨ કરોડના ખર્ચે પૂર્ણ કરવામાં આવેલ છે.

આ ઉપરાંત શહેરના રસ્તાઓ વિકસાવવાથી ટ્રાફિકની અવર-જવરમાં પણ સરળતા રહેશે. વાહન વ્યવહારની સુવિધા ઝડપી બનશે તેમજ વાહનોનાં નિભાવણી ખર્ચ તેમજ ઇંધણમાં બચત થશે તથા શહેરમાં વાહનોથી થતાં પ્રદુષણમાં ઘટાડો થશે .

આ ઉપરાંત આગામી નાણાકીય વર્ષમાં રસ્તાના નવીન આયોજન પૈકી,

૧) આર.સી.દત્ત રોડ,૧) આજવા જંકશન અને જામ્બુવા જંકશન ના બ્યુટીફીકેશન

૨) સરદાર એસ્ટેટથી આજવા બાયપાસ અને વૃંદાવન થી બાયપાસ સુધીનો રસ્તો વોલ ટુ વોલ કરવાનું આયોજન છે.

૩) શહેરના વિવિધ પ્રવેશદ્વારો બનાવવા તેમજ ગેન્ટ્રી અને સુશોભિત કરવા.

૪) <u>હાઉસીંગ-બિલ્ડીંગ</u> :

શહેરમાં ઉતરઝોન તથા પશ્ચીમઝોનમાં નવીન ઝોનલ ઓફિસો, સુરસાગર તળાવ નું બ્યુટીફિકેશન, સયાજીબાગ ખાતે આવેલ પ્લેનેટોરિયમનાં નવીનીકરણ, ઇન્ફોર્મેશન સેન્ટર (રેલ્વે સ્ટેશનની બાજુમાં), સવિક સેન્ટર, સરદાર એસ્ટેટ પાસે કોમ્યુનિટી હોલ , ગોત્રી ખાતે સ્કેટિંગ રીંક ,બદામડીબાગ ખાતે વિડીયો વોલ, બદામડીબાગ ખાતે આર્ટ ગેલેરી નું નવીનીકારણ ,પાણીગેટ ખાતે ફાયર સ્ટાફ કવાર્ટર્સ તેમજ વડોદરા શહેરમાં વિવિધ જગ્યાએ કુલ ૧૫ નંગ અર્બન હેલ્થ સેન્ટર (ફેઝ-૨) બનાવવાની કામગીરી કરવામાં આવનાર છે.

➢ પ્રગતિ હેઠળનાં કામો :

રાત્રી બજાર - આજવારોડ :

- વડોદરા મહાનગર પાલિકા દ્વારા વડોદરાની જનતાને રાત્રીના મોડા સમયે પણ ખાવા-પીવાની ચીજો મળી રહે તે હેતુસર, આજવારોડ વિસ્તારમાં રૂ.૩.૦૬ કરોડના ખર્ચે રાત્રી બજાર બનાવવાની કામગીરી હાથ ધરવામાં આવેલ. જેમાં કુલ ૩૫ ખાણીપીણીને લગતી દુકાનો, બેઠક વ્યવસ્થા, પેવર એરીયા, ડેકોરેટીવ સ્ટ્રીટ લાઇટની વ્યવસ્થા, સુરક્ષાનાં હેતુસર સી.સી.ટીવી નું આયોજન હાથ ધરેલ છે.

કારેલીબાગ ખાતે સ્વીમીંગ પુલ:

- વડોદરા મહાનગરપાલિકા દ્વારા શહેરનાં કારેલીબાગ વિસ્તારનાં નાગરીકોને સુવિધાઓ આપવાના ભાગરૂપે, અધતન સ્નાનાગૃહની સુવિધા ઉપલબ્ધ કરાવવા માટે અંદાજે રૂ.૧૫ કરોડના ખર્ચે સ્વીમીંગ પુલ, ૨૫ મી.ની ૮ લેનનો સ્વીમીંગ પુલ અને ૩.૫૦ મી. નો ડ્રાઈવિંગ પુલ, બાળકો માટે બેબી સ્વીમીંગ પુલ તથા પેરેન્ટ્સ માટે બેઠક વ્યવસ્થા બનાવવામાં આવનાર છે. આ પરિસરમાં યોગાક્રમ/પ્રાર્થનાખંડ, જીમ્નેશિયમ, મલ્ટીપર્પઝ હોલ, લેડિઝ/જેન્ટ્સ માટે અલગ ચીન્જીંગ અને લોકર રૂમ અને પુરતા પાર્કિંગ સહ આયોજન કરેલ છે.

ટાઉન હોલ – આજવા રોડ :

- સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજનાનાં આગવી ઓળખનાં કામો પૈકી વડોદરા મહાનગરપાલિકા હસ્તક આજવા બાયપાસ નજીક, સયાજીપુરા,વિસ્તારમાં રૂ.૨૨.૩૦ કરોડનાં ખર્ચે નવીન ટાઉન હોલ બનાવવાનું આયોજન કરવામાં આવેલ છે.
- ટાઉન હોલમાં સુવિધા પુરી પાડવાના ભાગરૂપે મહાનુભાવો માટે વી.આઇ.પી. લોંજની વ્યવસ્થા, બે કોન્ફરન્સ રૂમ તથા સ્નેકબાર ની વ્યવસ્થા, કલાકારો માટે ગ્રીન રૂમનું આયોજન, લાઇવ વિડીયો રેકોર્ડીંગ રૂમની સુવિધા, અદ્યતન એકોસ્ટીકની સુવિધા, એડવાન્સ સ્ટેજ લાઇટીંગ ફેસીલીટી, ઓટો કંટ્રોલીંગ સિસ્ટમ સહ, પ્રોજેક્ટ અને વાઇડ સ્ક્રીનની વ્યવસ્થા, આકર્ષક એલીવેશનમાં લાઇટીંગની વ્યવસ્થા, સેન્ટ્રલાઇઝડ એ.સી. તથા હાઇ ક્વોલીટી સાઉન્ડ સિસ્ટમ સહનું આયોજન, લેડીઝ અને જેન્ટસ માટે અલાયદા ટોઇલેટની અદ્યતન જેવી સુવિધાઓ ઉપલબ્ધ કરવામાં આવનાર છે.

વોર્ડ નં ૧૦ ની કચેરી :

- વિસ્તારના લોકો માટે પાયાની સેવાઓ પુરી પાડવા સુભાનપુરા ખાતે રૂ. ૧.૩૧ કરોડનાં ખર્ચે વહીવટી વોર્ડ ૧૦ ની નવીન કચેરી બનાવવાનું આયોજન હાથ ધરવામાં આવેલ છે.
- સુવિધાનાં ભાગરૂપે સેનેટરી વિભાગ, રેવન્યુ, એન્જીનીયર વિભાગ, આધાર કાર્ડ નોંધણી રૂમ, એન્જિનિયરિંગ તથા સેનેટરી માટે સ્ટોર રૂમ તેમજ વિવિધ વિભાગ અને સ્ટાફને અનુરૂપ જરૂરી અદ્યતન ફર્નિચરની વ્યવસ્થા સહ, આ ઉપરાંત વેરો ભરવા આવનાર નાગરકો માટે

ચોમાસા/ઉનાળામાં અગવડ ન પડે તે માટે શેડ બેઠક વ્યવસ્થા, નયન રમ્ય ફુવારાનું આયોજન કરેલ છે.

<u>છત્રપતિ શિવાજી અતિથિગૃહ – કાલુપુરા :</u>

- શહેરનાં મધ્યભાગમાં આવેલ કાલુપુરા વિસ્તારમાં જુના અને જર્જરીત થયેલ હયાત છત્રપતિ શિવાજી અતિથીગૃહને જમીનદોસ્ત કરી જાહેર જનતાની લોક-સુવિધામાં વધારો કરવાનાં ભાગરૂપે નવીન અધત્તન સુવિધાઓ સહનું અતિથીગૃહ અંદાજે રૂ.૨.૮૧ કરોડનાં ખર્ચે બનાવવામાં આવનાર છે. જેમાં ગ્રાઉન્ડ ફલોરમાં સુવિધાનાં ભાગરૂપે કિચન તથા ડાયનીંગ હોલ, ફર્સ્ટ ફલોરમાં મેરેજ હોલ અને મેક-અપ રૂમનો સમાવેશ કરેલ છે. ગ્રા.ફલોરમા ટુ-વ્હીલર અને ફોર-વ્હીલરનાં પાર્કિંગનું પણ સુવ્યવસ્થિત આયોજન કરવામાં આવેલ છે.

<u>સિદ્ધનાથ તળાવનાં બ્યુટિફીકેશન/ડેવલોપમેન્ટ :</u>

- શહેરીજનો માટે પર્યટન, સાંસ્કૃતિક તેમજ મનોરંજન માટે ખંડેરાવ માર્કેટ પાસે આવેલ સિદ્ધનાથ તળાવના બ્યુટિફીકેશન/ડેવલોપમેન્ટની કામગીરી રૂ.૪.૮૪ કરોડના ખર્ચે કરવાનું આયોજન હાથ ધરવામાં આવેલ છે.
- સિદ્ધનાથ તળાવ નાં નવિનીકરણની કામગીરીથી તળાવની સ્વચ્છતા તથા સુંદરતામાં વધારો થનાર છે તેમજ તળાવની સુવિધાના ભાગરૂપે રીટેઇનીંગ વોલ, જોગીગ ટ્રેક, તળાવની ફરતે ડેકોરેટીવ લાઇટીગ અને બેઠક વ્યવસ્થા જેવી સુવિધાઓ ઉપલબ્ધ કરવામાં આવનાર છે.

➢ <u>પૂર્ણ થયેલ કામો</u>

<u>અર્બન હેલ્થ સેન્ટર:</u>

- અર્બન હેલ્થ મિશન હેઠળ નક્કી થયેલ માપદંડ મુજબ ૫૦૦૦૦ ની વસ્તીએ એક હેલ્થ સેન્ટરની સ્થાપના કરવાનું છે તે અંતર્ગત વડોદરા શહેરનાં મધ્યમ તથા ગરીબ વર્ગનાં શહેરીજનોનું સ્વાસ્થય સંબધિત સ્થાનિક અંતરે મળી રહે તે હેતુસર જરૂર જણાય તેવા શહેરનાં ચારેય ઝોનમાં કુલ ૧૯ જેટલાં અર્બન હેલ્થ સેન્ટર બનાવવાનું આયોજન હાથ ધરવામાં આવેલ છે. જે સંદર્ભે કુલ ૧૧ અર્બન હેલ્થ સેન્ટરનાં લોકાર્પણ થયેલ છે તેમજ ૦૫ અર્બન હેલ્થ સેન્ટરની કામગીરી પ્રગતિ હેઠળ છે તેમજ બાકી રહેલ ૦૩ અર્બન હેલ્થ સેન્ટરની કામગીરી માર્ચ – ૨૦૧૬ સુધીમાં પૂર્ણ થવાની સંભાવના છે.

<u>નવીન સ્કેટિંગ રીંક – પૂર્વઝોન:</u>

- વડોદરા શહેરના પૂર્વ વિસ્તારનાં બાળકો તથા ખેલાડીઓને નજીકના સ્થળે સ્કેટિંગ રીંકની સુવિધા ઉપલબ્ધ થઇ શકે તેવા હેતુસર વાઘોડિયા વિસ્તારમાં વૃંદાવન ચાર રસ્તા નજીક અંદાજે રૂ.૯૨.૨૯ લાખનાં ખર્ચે બનાવેલ નવીન સ્કેટિંગ રીંક માનનીય મંત્રીશ્રીનાં વરદ હસ્તે વર્ષ – ૨૦૧૫ માં લોકાર્પણ કરવામાં આવેલ છે.

દિપક ઓપન એર થિયેટર :

- વડોદરા શહેરના સાંસ્કૃતિક તથા કલાપ્રેમી જનતા માટે ઉપયોગ થઇ શકે તે હેતુસર રૂ.૫.૦૫ કરોડનાં ખર્ચે મદન ઝાંપા રોડ પર આવેલ આઝાદ મેદાનમાં દીપક ઓપન એર થીયેટરની રીનોવેશનની કામગીરી માન. મેયરશ્રીનાં વરદ હસ્તે ઓગસ્ટ – ૨૦૧૫ માં લોકાર્પણ કરવામાં આવેલ છે.

વ્યક્તિગત શૌચાલય યોજના:

- નિર્મળ ગુજરાત શૌચાલય યોજના તથા એમ.જી.એસ.એમ. અંતર્ગત શૌચાલય વડોદરા શહેરમાં વસતા શૌચાલય વિહોણા એ.પી.એલ. તથા બી.પી.એલ. કુટુંબો માટે શૌચાલયની સુવિધા પુરી પાડવામાં આવે છે જે અંગે અત્રેની શાખા દ્વારા ગુજરાત મ્યુનિસિપલ ફાયનાન્સ બોર્ડ સાથે જરૂરી સંકલન કરવામાં આવે છે અને બોર્ડ દ્વારા ફાળવવામાં આવેલ વ્યકિતગત શૌચાલયનાં લક્ષ્યાંકો અંગે ઝોનલ સ્તરે કરવામાં આવેલ કામગીરીનું ગુજરાત સરકારશ્રીની સાથે સંકલન કરવામાં આવે છે. જે બાબતે હાલનાં વર્ષ ૨૦૧૩-૧૪ અને ૨૦૧૪-૧૫ દરમ્યાન વર્ષવાર લક્ષ્યાંકો પ્રમાણે કુલ ૨૨,૧૮૦ વ્યક્તિગત શૌચાલયો બનાવવાનો લક્ષ્યાંક પુર્ણ કરવામાં આવેલ છે.સદર લક્ષાંક પૂર્ણ કરવા બદલ માન.મુખ્યમંત્રી દ્વારા એવોર્ડ એનાયત કરેલ છે.

૫) બી.એસ.યુ.પી., આર.એ.વાય. અને પી.એમ.એ.વાય. :

કેન્દ્ર સરકાર ,રાજ્ય સરકાર ,અર્બન લોકલ બોડી અને લાભાર્થી ફાળાની રકમ સહિતની શહેરી ગરીબોને પાયાની તમામ સુવિધાઓ સહ આવાસ આપવા માટેના પ્રોજેક્ટ્સ જે.એન.એન.યુ.આર.એમ. યોજનાની ગાઇડલાઇન હેઠળ હાથ ધરેલ છે .આવાસની સાથે-સાથે સેવન પોઇન્ટ ચાર્ટર મુજબની સુવિધાઓ જેવી કે (૧) Security of Tenure at affordable price, (૨) Improved Housing, (૩) Water Supply, (૪) Sanitation, (૫) Health, (૬) Education, (૭) Social Security નો પણ સમાવેશ કરવામાં આવેલ છે .સીટી ડેવલોપમેન્ટ પ્લાન હેઠળ મુકવામાં આવેલ ૨૧,૦૦૦ આવાસના લક્ષ્યાંક સામે યોજનાના અંત સુધીમાં ૨૧,૬૯૬ આવાસ બાંધવાની મંજુરી મેળવી લક્ષ્યાંક સિધ્ધ થનાર છે .ઇન-સીટુ કમ રીલોકેશન હેઠળના અને વિશ્વામિત્રી નદીનાં પૂરથી નુકશાની ભોગવતા કેટલાક ઝુપડાવાસીઓનો સદર યોજનામાં સમાવેશ કરેલ છે .

➢ બી.એસ.યુ.પી. :

- આમ , બી.એસ.યુ.પી .ફેઝ-૧ તથા ફેઝ-૨ હેઠળ રૂ .૧૮૮.૨૭ કરોડનાં ખર્ચે કુલ ૧૧૦૫૬ આવાસોની કામગીરી પૂર્ણ કરી લાભાર્થીઓને ફાળવી આપેલ છે.

- બી.એસ.યુ.પી .ફેઝ-૩ ,ફેઝ-૪ અને ફેઝ-૫ હેઠળ રૂ .૩૩૫.૯૪ કરોડનાં ખર્ચે કુલ ૧૦૬૪૦ આવાસને મંજુરી મળેલ છે ,જે પૈકી કુલ ૪૪૪૬ આવાસો પૂર્ણતાને આરે તથા ૪૬૩૨ આવાસો પ્રગતિ હેઠળ છે ,અને ૧૫૬૨ આવાસો લાભાર્થીઓને ફાળવી દેવામાં આવેલ છે.
- ફેઝ-૧ માં સોશિયલ ઇન્ફ્રાસ્ટ્રકચરના ભાગરૂપે સપ્લીમેન્ટ્રી ડી.પી.આર .અંતર્ગત રૂ .૧.૩૧ કરોડનાં ખર્ચે ૧૫ આંગણવાડી અને આવાસ ફાળવેલ પ્લોટ માટે કમ્પાઉન્ડ વોલ ની કામગીરી પૂર્ણ કરી લોકાર્પણ કરેલ છે.
- નામદાર સુપ્રિમ કોર્ટની ગાઇડલાઇન મુજબ વડોદરા મહાનગર પાલિકા ધ્વારા શહેરના દરેક ઝોન/વિસ્તારમાં કુલ ૧૪ નાઇટ શેલ્ટર્સનાં કામ પૂર્ણ કરી કાર્યરત કરવામાં આવેલ છે.

➢ **<u>રાજીવ આવાસ યોજના:</u>**

- રાજીવ આવાસ યોજના અંતર્ગત સ્લમ ફ્રી સીટી પ્લાન ઓફ એક્શનનો રિવાઇઝડ પ્લાન રૂ . ૧૫૮૨.૨૨ કરોડનો ભારત સરકારશ્રીની મંજૂરી માટે રજુ કરેલ છે .જેનું હવે HFAPoA માં રૂપાંતર થશે અને નવો પ્લાન બનશે .
- રાજીવ આવાસ યોજના અંતર્ગત ગુજરાતમાં સર્વ પ્રથમ ૪૯૮ યુનિટનો રેન્ટેડ કમ ટ્રાન્ઝીટ હાઉસીંગનાં રૂ.૧૭.૫૯ કરોડનાં પ્રોજેક્ટને મંજૂરી મેળવી તે પૈકી ૨૭૨ યુનિટની કામગીરી પ્રગતિ હેઠળ છે .
- રાજીવ આવાસ યોજના અંતર્ગત રૂ.૧૬૨ કરોડનાં ખર્ચે સહકારનગર અને એક્તાનગર ખાતે અનુક્રમે ૧૪૪૮ અને ૧૮૫૬ યુનિટ બનાવવાની કામગીરી શરૂ કરેલ છે .જે પૈકી ૧૫૪૦ યુનિટની કામગીરી પ્રગતિ હેઠળ છે.

➢ **<u>પ્રધાનમંત્રી આવાસ યોજના :</u>**

ભારત સરકાર દ્વારા“ સૌના માટે ઘર ”ના અભિગમ સાથે પ્રધાનમંત્રી આવાસ યોજના સને જુન -૨૦૧૫ માં લોન્ચ કરવામાં આવી જે અંતર્ગત વડોદરા શહેરમાં PMAY ની ગાઇડલાઇન મુજબ નીચે મુજબની કામગીરી હાથ ધરવામાં આવેલ છે.

- પ્રધાનમંત્રી આવાસ યોજના (PMAY) અન્વયે Housing For All Plan of Action (HFAPoA) બનાવવા રાજીવ આવાસ યોજના (RAY) અંતર્ગત તૈયાર કરેલ સ્લમ ફ્રી સીટી પ્લાન ઓફ એકશન (SFCPoA) ને PMAY ની ગાઇડ લાઇન મુજબ રીવાઇઝ્ડ કરવા RAY ની PMC (Project Management Consultancy) પાસે સદર કામગીરી કરાવવાની સૈધ્ધાંતિક મંજુરી મેળવેલ છે .
- PMAY ની ગાઇડ લાઇન મુજબ“ સૌના માટે ઘર ”ના ડીમાન્ડ સર્વેના નિયત કરેલ ફોર્મેટ મુજબના આશરે ૬૦,૦૦૦ ફોર્મ વિતરણ કરી અરજી મંગાવતા કુલ ૨૩૭૨ લાભાર્થીએ પોતાના પુરાવ સહ અરજી ફોર્મ જમા કરાવેલ છે .
- PMAY અંતર્ગત ઇન-સીટુ રી-ડેવલોપમેન્ટ અને PPP પ્રોજેકટ માટે રેન્ટલ સ્ટોકની જરૂરીયાતને ધ્યાને રાખી વડોદરા શહેરની પુર્વ વિસ્તારમાં રેન્ટલ કમ ટ્રાંઝીટ હાઉસીસનો

૪૧૬ યુનિટનો રૂ .૧૮ કરોડના અંદાજીત ખર્ચેનો DPR તૈયાર કરી ગુજરાત સરકારમાં મંજુરી અર્થે રજુ કરેલ છે .

- PMAY અંતર્ગત વર્ષ ૨૦૧૬-૧૭ માટે આશરે ૧૫૦૦૦ જેટલા જુદી-જુદી કેટગરીમાં નવીન આવાસો બનાવવાનો લક્ષ્યાંક નક્કી કરેલ છે .જેની ટુંકી વિગત નીચે મુજબ છે .
- વડોદરા શહેરના જુદા-જુદા વિસ્તારમાં આશરે ૫૫૦૦ આવાસો EWS કેટેગરી માટે અંદાજીત રૂ .૨૪૭.૫૦ કરોડના ખર્ચે બનાવવાનો લક્ષ્યાંક નક્કી કરેલ છે.
- પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત PPP હેઠળ ઇન-સીટુ સ્લમ રી-ડેવલોપમેન્ટ માટે આશરે ૯૦૦૦ આવાસો અંદાજીત રૂ .૪૦૫ કરોડની કિંમતના બનાવવાનો લક્ષ્યાંક નક્કી કરેલ છે .
- PMAY અંતર્ગત MIG કેટગરીના આશરે ૫૦૦ આવાસો અંદાજીત રૂ .૧૦૦ કરોડના ખર્ચે બનાવવાનો લક્ષ્યાંક નક્કી કરેલ છે .

આમ ,વર્ષ ૨૦૧૬-૧૭ અંતર્ગત વડોદરા શહેરમાં પ્રધાનમંત્રી આવાસ યોજના અન્વયે Annual Implementation Plan (AIP) ને ધ્યાને રાખી અંદાજીત કિંમત રૂ .૭૫૨.૫૦ કરોડના ખર્ચે આશરે ૧૫૦૦૦ આવાસો બનાવવાનો લક્ષ્યાંક નક્કી કરેલ છે.

૬) મુખ્યમંત્રી ગૃહ (GUJARAT RURAL URBAN HOUSING) યોજના :

મુખ્યમંત્રી ગૃહ યોજના અન્વયેગુજરાત સરકારશ્રીના શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ દ્વારા આર્થિક રીતે નબળા વર્ગના લોકો માટે (EWS) આવાસ યોજના ઓછી આવક ધરાવતા લોકો માટે લોવર ઇન્કમ ગૃપ (LIG) આવાસ યોજના, EWS તેમજ LIG આવાસો માટે વ્યાજ સબસીડી યોજના અને મીડલ ઇન્કમ ગૃપ માટે MIG તેમજ ગુજરાત સ્લમ રિહેબીલીટેશન પોલીસી PPP-૨૦૧૩ હેઠળ જાહેર જમીનો પર આવેલ ઝુંપડપટ્ટીઓનું (પબ્લીક પ્રાઇવેટ પાર્ટનરશીપ) દ્વારા તેજ સ્થળે પુન:વસન કરવા માટેની એફોર્ડેબલ હાઉસીંગ અંગેની નીતિ નક્કી કરવામાં આવે છે.

➢ EWS, LIG તેમજ MIG યોજનાની વિશેષતાઓ :

- આકર્ષક એલીવેશન, ભૂકંપ પ્રતિરોધક આર.સી.સી. બાંધકામ, અગ્નિશમનની તથા લીફટની સુવિધા, ગ્રેનાઇટ/કોટા સ્ટોન કીચનપ્લેટફોર્મ, વીટ્રીફાઇડ ટાઇલ્સ ફલોરીંગ, એલ્યુમીનીયમ ગ્લાસવિન્ડોઝ સેફ્ટી ગ્રીલ સાથે, આર.સી.સી. રોડ, રેઇન વોટર હાર્વેસ્ટીંગ અને સોલાર લાઇટની સુવિધા, સુવિધા સહ કોમન પ્લોટ
- આવાસોફાળવણીમાટેનો કોમ્પ્યુટરાઇઝ્ડ્રો પારદર્શક નિતિથીકરવામાં આવે છે.

➢ ECONOMICALLY WEAKER SECTION(EWS) માટેના આવાસો

- પ્રથમ તબક્કામાંકુલ૧૮૩૬આવાસો માટેનો થનાર ખર્ચ રૂ. ૧૦૯.૫૧કરોડ છે.

- હાલ સયાજીપુરા વિસ્તારમાં કુલ ૧૦૫૨ આવાસો અને ગોત્રી વિસ્તારમાં કુલ ૫૭૨ આવાસો બનાવવાની કામગીરી શરૂ કરેલ છે.
- વાર્ષિક આવક રૂ ૧.૦૦ લાખ સુધીના નાગરિકો ને ૨૮.૦૦ ચો.મીના કાર્પેટએરીયા વાળા બે રૂમ+રસોડું+સંડાસ+બાથરૂમવાળા મકાન ફક્તરૂ. ૩.૦૦ લાખમાં મળશે.

➢ **LOWER INCOME GROUP(LIG) માટેનાઆવાસો**

- કુલ ૭૩૩૬ LIG આવાસોમાટેનો થનાર ખર્ચ રૂ. ૭૫૦ કરોડ છે.
- સયાજીપુરા, સમા, કારેલીબાગ, અટલાદરા, માંજલપુર, તાંદલજા, સૈયદ-વાસણા, હરણી અને ગોત્રી વિસ્તારોમાં રૂ. ૬૪૬.૧૦ કરોડના ખર્ચે કુલ ૫૬૮૮આવાસોની કામગીરી શરૂ કરવામાં આવેલ છે.
- વાર્ષિક આવક રૂ ૧.૦૦ લાખથી ૨.૫ લાખ સુધીના નાગરિકો ને૪૫ થી ૪૯ ચો.મીના કાર્પેટએરીયા વાળા બે રૂમ/ ત્રણ રૂમ +રસોડું+સંડાસ+બાથરૂમવાળા મકાન ફક્તરૂ. ૧૦ લાખ / રૂ. ૧૧લાખમાં મળશે.

➢ **MIDDLE INCOME GROUP(MIG) માટેના આવાસો**

- કુલ ૧૦૬૦ આવાસો માટેનો થનાર ખર્ચ રૂ. ૧૩૮.૭૮ કરોડ છે.
- સમા, કારેલીબાગ, સૈયદ-વાસણા જેવા વિકસીત વિસ્તારોમાં રૂ. ૧૨૩.૪૯ કરોડના ખર્ચે કુલ ૬૮૮આવાસોનીબનાવવાની કામગીરી શરૂ કરેલ છે
- વાર્ષિક આવક રૂ ૨.૫ લાખથી ૫ લાખ સુધીના નાગરિકો ને૬૦ચો.મીના કાર્પેટ એરીયા વાળાત્રણ રૂમ +રસોડું+સંડાસ+બાથરૂમવાળા મકાન ફક્તરૂ. ૨૦ લાખમાં મળશે

➢ **પબ્લિક પ્રાઇવેટ પાર્ટનર શીપ હેઠળ જાહેર જમીનો પર આવેલ ઝુપડપટ્ટીઓનું PPP ધ્વારા તેજ સ્થળે પુન: વસન કરવા માટેની નીતિ**

- સદર યોજનામાં ખાનગી વિકાસકારોનાસહયોગથી તેમજ ટ્રાન્સફર ઓફ ડેવેલોપમેન્ટરાઇટસ (T.D.R) નો લાભ આપી ઝુપડપટ્ટીમાં રહેતા લાભાર્થીઓને લધુતમ ૨૫ ચો.મી. કાર્પેટ એરીયાના બે રૂમ રસોડાના પ્રાથમિક સુવિધા સહના આવાસો તેમજ દુકાન ધરાવતા લાભાર્થીઓને ૧૫ ચો.મી. કાર્પેટ એરીયાની દુકાન ફાળવવામાં આવશે.
- ૬ સ્લમના કુલ ૧૫૯૩ ઝુપડાવાસીઓના પુન:વસનની કામગીરી માટેના ટેન્ડર પ્રક્રિયા પૂર્ણ કરીને પ્રોજેક્ટ કોસ્ટ રૂ. ૨૭૮.૦૦ કરોડના ખર્ચે કામગીરી શરૂ કરવા માટે ડેવલોપરને LOA આપેલ છે. જે પૈકી સમા-સંજયનગર-૨ અને ઇન્દીરાનગર,માંજલપુર-બજાણીયાવાસ અને સયાજીગંજ-જામવાડી પ્રોજેક્ટ અમલીકરણ પ્રગતિમાં છે.

૮) પાણી પુરવઠા :

વડોદરા શહેરના અવિરત વિકાસને ધ્યાને લઈ શહેરનાં પ્રત્યેક નાગરિકને પીવાનું શુધ્ધ પાણી મળી રહે તે માટે પાણી પુરવઠા શાખા સતત કાર્યરત છે .હાલમાં શહેરની અંદાજીત ૧૮

લાખની વસ્તીને મુખ્ય ત્રણ ઉપલબ્ધ સ્ત્રોત આજવા સરોવર) ૧૪૦ MLD (મહીસાગર ફેન્ચવેલ) ૨૫૦ MLD તથા નર્મદા કેનાલ દ્વારા ખાનપુર ઇન્ટેકવેલ તથા WTP ૭૫ MLD દ્વારા કુલ ૪૫૦ થી ૪૭૦ MLD પાણીનો જથ્થો પૂરો પાડવામાં આવે છે. શહેરમાં અંદાજીત ૨૯ ઓવરહેડ ટાંકીઓ તથા ૩ બુસ્ટીંગ સ્ટેશન તથા અંદાજીત ૧૩૦૦ કીમી. લંબાઇના નેટવર્કથી અંદાજીત ૯૮ % વસ્તીનું કવરેજ કરેલ છે, તથા વિસ્તારની દ્રષ્ટિએ અંદાજે ૯૦ %કવરેજ થયેલ છે. દરરોજ ૧ કલાકના સપ્લાયથી સરેરાશ ૧૭૫ IPCD પાણી આપવામાં આવે છે .શહેરમાં પાણી પુરવઠા વ્યવસ્થા સુદ્રઢ કરવા વિવિધ પ્રકારના કામો હાથ ધરવામાં આવે છે. વર્ષ ૨૦૦૫ થી ૨૦૧૫ દરમ્યાન પાણી પુરવઠા સંબંધી કુલ **રૂ .૩૨૬.૨૦** કરોડના કામે પૂર્ણ કરવામાં આવેલ છે. શહેરમાં અંદાજે **રૂ. ૨૧૩.૯૫ કરોડના** કામોનું આયોજન હાથ ધરેલ છે, ERDA રીપોર્ટ આધારે હરણી, પાણીગેટ, માંજલપુર તથા છાણી ટાંકી ખાતે પંમ્પીંગ રીપલેશમેન્ટની કામગીરી પૂર્ણ કરેલ છે. તેમજ અન્ય ઓવરહેડ ટાંકી સમા, ગાજરાવાડી, અકોટા, ગાયત્રી ,ગોરવા ટાંકી ઉપર ERDAના રીપોર્ટ આધારે કામગીરી હાથ ધરેલ છે.

- **<u>વર્ષ ૨૦૧૫-૧૬ દરમ્યાનના કામો:</u>**

જે.એન.એન.યુ.આર.એમ .અંતર્ગત (૧) ડી.પી.આર .૪ અંતર્ગત મંજૂર થયેલ છાણી, કપુરાઇ, નોર્થહરણી તથા સયાજીપુરા ખાતે રૂ. ૪૭ કરોડનાં મંજુર થયેલ નેટવર્કના કામો પૂર્ણતાને આરે છે. (૨) ડી.પી.આર .૬ અંતર્ગત રૂ. ૯૨ કરોડનાં મંજૂર થયેલ દોડકા ઇન્ટેકવેલ, દોડકા WTP તથા નિમેટા ઇન્ટર કનેક્શન તથા હયાત સંપોના નવિનીકરણના પાંચ કામો હાલ પ્રગતિ હેઠળ છે.(૩) હાલમાં રેવન્યુ, સ્વર્ણીમ, JnNURM તથા અન્ય ગ્રાન્ટ હેઠળ પાણીની નળિકા તેમજ પાણીની ટાંકી/સંપના કામો રૂ. ૧૪ કરોડનાં ખર્ચે પૂર્ણ કરવામાં આવેલ છે.

<u>પ્રગતિ હેઠળના મહત્વપૂર્ણ કામો :</u>

- હાલમાં વાસણા તથા જી.આઇ.ડી.સી .ખાતે નવિન ટાંકી તથા સંપ બનાવવાની કામગીરી રૂ . ૨૪ કરોડ ના ખર્ચે હાથ ધરેલ છે ઉપરાંત શહેરના પશ્ચિમ વિસ્તારમાંથી દક્ષિણ વિસ્તારમાં પાણી લઈ જવા માટે વોર્ડ નં .૧૧ ની ઓફિસથી દિવાળીપુરા ચાર રસ્તા સુધી ૬૦૦ મીમી વ્યાસની H.S. તથા કલાલીથી સુશેન સર્કલ સુધી ૧૧૫૦ મીમી વ્યાસની H.S. નળિકા નાંખવાનું કામ રૂ .૨૫ કરોડના ખર્ચે હાથ ધરવામાં આવેલ છે.

- **<u>વર્ષ ૨૦૧૬-૧૭ ના આગામી આયોજનો:</u>**

અમૃત યોજના હેઠળ સિંધરોટ ખાતે ઇન્ટેકવેલ બનાવી નવીન ૧૦૦ MLD WTP મારફતે શુધ્ધ પાણી ટ્રાન્સમિશન લાઇન નાખી શહેર સુધી લાવવા અર્થે રૂ .૭૫ કરોડનો પ્રોજેક્ટ આયોજન હેઠળ છે.

આ ઉપરાંત લો પ્રેશરના પ્રશ્નોના હલ કરવા માટે એરપોર્ટ અને સયાજીપુરા ટાંકીના કમાન્ડ વચ્ચે નવિન બુસ્ટર બનાવવાનું, મકરપુરા ગામ, સમા સાવલી, વ્હીકલપુલ તથા દંતેશ્વર ખાતે નવિન બુસ્ટર બેસાડવાનું તથા નવિન વાસણા તથા જી.આઇ.ડી.સી ટાંકી માટે નવિન

નેટવર્ક નાંખવાના વિગેરે મળી કુલ ૩૧ કામો ૨૧૩.૯૫ કરોડનું આગામી વર્ષે આયોજન હાથ ધરેલ છે.

વડોદરા શહેરમાં નિમેટા WTP, મહીસાગર ફેન્ચવેલ તથા ખાનપુર WTP દ્વારા પાણી પુરવઠો મેળવવામાં આવે છે, સદર પાણી પુરવઠાના જથ્થાનું વોટર ઓડીટીંગ કરી ઇન્ટેક હેડ વર્કસથી શહેરમાં આવેલ તમામ ડીસ્ટ્રીબ્યુશન સ્ટેશનોને મળતો પાણીનો જથ્થો SCADAના માધ્યમ દ્વારા જાણી શકાય અને મોનીટરીંગ કરી શકાય તે માટે કંપલીટ સોર્સ સીસ્ટમને ઓટોમાઇઝ કરવાનું કામ હાથ પર લીધેલ છે.

શહેરના વિસ્તારમાં યોગ્ય પ્રેશરથી પાણી મળી રહે તે માટે હયાત નેટવર્કનો સર્વે કરવાનું, જરૂરી નેટવર્ક ડીઝાઇન કરવાનું તથા જરૂરીયાત જણાય ત્યાં નવિન ઓવરહેડ ટાંકીઓ કરવા અંગે તથા વર્ષ ૨૦૪૭ નાં આયોજનને ધ્યાનમાં લઇ સોર્સ અપગ્રેડેશનનાં કામ માટે તથા શહેરની આસપાસનાં વુડા વિસ્તારમાં સમાવિષ્ટ વિસ્તારનો માસ્ટર પ્લાન તૈયાર કરવાની કામગીરી પ્રગતિ હેઠળ છે.

આ ઉપરાંત આજવા સરોવરમાંથી વધારાની લાઇન નાંખી ૪૫ એમ.એલ.ડી. પાણી લેવાનું ફીઝીબીલીટીના આધારે સરકારની ટેકનીકલ મંજુરી મળવાની કાર્યવાહી હેઠળ છે.

૯) <u>ડ્રેનેજ</u> :

➢ <u>વર્ષ ૨૦૧૫-૧૬ દરમ્યાન</u>

<u>કેપીટલ બજેટ અંતર્ગતના કામો</u>

તાંદલજા નવીનગરી વિસ્તારમાં તથા વાઘોડીયા વૈકુંઠ વિસ્તારના ડ્રેનેજના પ્રશ્નોના ઉકેલ અર્થે ડ્રેનેજ ગ્રેવીટી લાઇન નાંખવાની તેમજ ગાજરાવાડી એમ.પી.એસ. ની નવીન બાયપાસ/ઓવરફ્લો આર.સી.સી. ચેનલ બનાવવાની કામગીરી પુર્ણ કરેલ છે. બી.પી.સી. રોડ પર (ગોરવા એ.પી.એસ. થી શ્રેણિકપાર્ક ચાર રસ્તા સુધી) માઇક્રો ટનલીંગથી ડ્રેનેજ ગ્રેવીટી લાઇન નાંખવાની કામગીરી શરૂ કરેલ છે. તેમજ શીતલકુંજ સોસાયટી થી દાવત તરફ નવીન જોડાણ કરવાની કામગીરી આગામી દિવસોમાં શરૂ કરવામાં આવશે.

<u>સ્વર્ણિમ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજનાના કામો (UDP-78)</u> :

- શહેરના મદનઝાંપા વિસ્તારમાં બકરાવાડી એ.પી.એસ. તેમજ તેને સંલગ્ન પ્રેસર તથા ગ્રેવીટી નેટવર્ક કાર્યરત કરી કામગીરી પુર્ણ કરેલ છે. તથા કારેલીબાગ ટાંકી વિસ્તારના ડ્રેનેજ પ્રશ્નોના ઉકેલ માટે કારેલીબાગ એ.પી.એસ. બનાવવાની તેમજ તેને સંલગ્ન પ્રેશરલાઈન તથા ગ્રેવીટી લાઇનની કામગીરી તબકકા વાર પુર્ણ કરી ડ્રેનેજ જોડાણ કરી કાર્યરત કરેલ છે. તેમજ આગળની કામગીરી ચાલુ છે.

<u>કેબલ ટીવી ૨૦૧૪-૧૫ ના કામો</u> :

- છાણી પાણીની ટાંકી પાસેથી કેયા મોટર્સ જંકશન થઇ છાણી જકાતનાકા સુધી ડ્રેનેજ ગ્રેવીટી લાઇન નાંખવાની કામગીરી ચાલુ છે.

➢ વર્ષ ૨૦૧૬-૧૭ ના આગામી આયોજનો

વર્ષ ૨૦૧૬-૧૭ દરમ્યાન માણેજા બી.એસ.યુ.પી. થી માણેજા ગામ તરફ ડ્રેનેજ ગ્રેવીટી લાઇનની કામગીરી, વહીવટી વોર્ડ-૫ (ઇ) માં જયરત્ન ચાર રસ્તા થી નવાપુરા પોલીસ સ્ટેશન થઇ ગંગોત્રી ચાર રસ્તા સુધી ડ્રેનેજ ગ્રેવીટી લાઇનની કામગીરી તેમજ હરીનગર એ.પી.એસ. થી વહીવટી વોર્ડ-૧૧ ની કચેરી સુધી માઇક્રો ટનલીંગ પધ્ધતિથી મુખ્ય ગ્રેવીટી લાઇન નાંખવાનું આયોજન છે.

કલ્યાણનગર, નવીનગરી અને બાલભવન વિસ્તાર માટે નવીન ડ્રેનેજ નેટવર્કની કામગીરી, ઇન્દ્રપુરી પંપીંગ સ્ટેશન અપગ્રેડેશનની કામગીરી, પરશુરામ ભઠ્ઠા તથા તેની આસપાસના સુવિધાથી વંચિત વિસ્તારમાં ડ્રેનેજ નેટવર્કની તેમજ નવાપુરા અને કેવડાબાગ એ.પી.એસ. ની પ્રેશરલાઇનની કામગીરી કરવાનું આયોજન છે.

અટલાદરા ખાતે નવીન સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટ બનાવવાનું આયોજન હાથ ધરેલ છે.

કેપીટલ બજેટ અંતર્ગત BSUP/RAY/MGY ના મકાનો માટે ડ્રેનેજ સુવિધા આપવાનું કામગીરીનું આયોજન છે.

<u>સુઅરેઝ માસ્ટર પ્લાન-૨૦૪૦</u> :

- નવીન સુઅરેઝ માસ્ટર પ્લાન બનાવવા અર્થેની કામગીરી માટે સલાહકારની નિમણુંક કરવાની કાર્યવાહી હાથ ધરેલ છે જે તૈયાર થયાબાદ આગામી સમયમાં વર્ષ ૨૦૪૦ ને અનુલક્ષીને બનાવવામાં આવનાર પ્લાનીંગ મુજબના પ્રાયોરીટીના કામો હાથ ધરવાની થશે. આ સાથે રેવેન્યુ કેપીટલ બજેટ ૨૦૧૬-૧૭, ૧૩માં નાણાપંચ, ૧૪માં નાણાપંચ તથા અન્ય ગ્રાંટ પેટેના કામો પૂર્ણ કરી કાર્યરત કરવામાં આવશે, તે મુજબનું આયોજન છે.

૧૦) <u>ઇલે. મિકે., સુએઝ ડીસ્પોઝલ વર્ક્સ શાખા</u> :

➢ <u>સને ૨૦૧૫-૧૬ માં કરેલ નોંધપાત્ર કામગીરી</u>

- તરસાલી 52 MLD સુએઝ ટ્રીટમેન્ટ ખાતે Activated Sludge process માટે aeration tank નાં ૧૫ વર્ષ ઉપરાંત જુના તેમજ વધુ વીજ વપરાશ ધરાવતા એરેટર બદલી નવિન ડીઝાઇનના અને ટેકનોલોજી તથા વધુ OTR (Oxygem Transfor rate) વાળા એનર્જી એફીસીયન્ટ એરેટર બેસાડવામાંઆવેલ છે. જેનાથી વાર્ષિક રૂ. ૬૫ /- લાખની વીજ બચત થશે.
- <u>સને ૨૦૧૬-૧૭ માં કરવામાં આવનાર નોંધપાત્ર કામગીરી</u>

- સુએઝ પંપીંગ સ્ટેશનોમાં હયાત ઘણા જુના તેમજ ઘણી ઓછી એનર્જી એફીસીયન્સી વાળા મોટર પંપ સેટ બદલી નવીન તેમજ વધુ એનર્જી એફીસીયન્સી વાળા મોટર પંપ સેટ લગાડી ઝડપથી અને વધુ મલીન જળ ઉલેચન કરી વીજ બચત મેળવવામાં આવશે.
- ૧૫ વર્ષ ઉપરાંતનાં જુના તરસાલી, ગાજરાવાડી તેમજ અટલાદરા જુના સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટમાં જેની આવરદા પુર્ણ થઇ ગઇ હોય તેવી ઇલેકટ્રીકલમીકેનીકલ મશીનરી બદલી ડ્રેનેજના મલીન જળની હયાત ટ્રીટમેન્ટ ઉપરાંત જી.પી.સી.બી. ની નવીન ગાઇડ લાઇન મુજબ TERTIARY TREATMENT કરવા પ્લાન્ટનું UPGRADATION કરવામાં આવશે.

ફાયદા :

- Tertiary ટ્રીટમેન્ટ કરયા બાદના ટ્રીટેડ પાણીનો ઉપયોગ બાગમાં તથા ખેતી માટે નજીકના ખેડુતોને જરૂરીયાત મુજબ આપી શકાશે.
- જાહેર આરોગ્ય તથા જળચર જીવોના આરોગ્યનાં પશ્નોનું નિરાકરણ કરી શકાશે.
- જળ સંપતિ તથા તેના સ્ત્રોતની ઉપલબ્ધતા વધારી શકાશે.
- “Nature conservation” પોલીસી નું અમલીકરણ કરી શકાશે.
- અટલાદરા સુવેજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ (S.T. P.) ના ટ્રીટેડ વોટર આઉટલેટના હેડમાંથી P.P.P. ધોરણે HYDRO POWER (GREEN ENERGY) જનરેટ કરવાનો પ્રોજેકટ હાથ ધરવામાં આવેલ છે. જેનાથી અંદાજીત ૨,૦૦,૦૦૦ વિજ યુનિટ / પ્રતિ વર્ષ જનરેટ કરવામાં આવશે.

૧૧) વરસાદી ગટર પ્રોજેકટ શાખા :

વડોદરા મહાનગર પાલિકા ધ્વારા **કુલ ૩૩૩.૩૧ કી.મી. લંબાઇમાં પાઇપ/રેકટેંગ્યુલર ડ્રેઇન (કલોઝડ) નેટવર્ક** તથા **૩૬.૧૮ કી.મી. જેટલાં લંબાઇમાં પાકા કાંસ મળી કુલ ૩૬૯.૪૯ કી.મી. લંબાઇમાં પાકી વરસાદી ગટર**ની સુવિધા ઉપસ્થિત કરવામાં આવેલ છે.

ચાલુ નાણાંકીય વર્ષ દરમ્યાન જાહેર સલામતીને ધ્યાનમાં લઇ મુખ્યત્વે નિઝામપુરા, ટી.પી.-૧૨ માં આવેલ શિવમ્ સોસાયટી ગાર્ડન પાસેના ટી.પી. રસ્તા વાળા ભાગમાં હયાત જુના/જર્જરીત પાકા ખુલ્લા ભૂખી કાંસને સ્થાને નવિન આર.સી.સી. કલોઝડ વરસાદી ગટર **અંદાજિત રૂ.૦.૯૭ કરોડ**, આર.ટી.ઓ. ઓફિસ, ૪૦.૦ મી. રીંગ રોડ, દંતેશ્વર જેલ કંપાઉન્ડ પાસે કેરેજ-વે માં નડતરરૂપ આવેલ ખુલ્લા કાંસને પાકો બનાવવાની કામગીરી **અંદાજીત રૂ.૦.૭૬ કરોડ**, તેમજ તરસાલી ૪૦.૦ મી. રીંગ રોડ થી બાયપાસને જોડતાં રસ્તે આવેલ હયાત કલ્વર્ટને બંન્ને બાજુ લંબાવવાની કામગીરી **અંદાજીત રૂ.૦.૫૨ કરોડના ખર્ચે** પૂર્ણ કરવામાં આવેલ છે. તદોપરાંત, ડભોઇ રોડ સ્થિત એમ.એમ.વ્હોરા શો રૂમ સામેના કલ્વર્ટની ડાઉનસ્ટ્રીમમાં રેલ્વે ટ્રેક થઇ ધાધરેટીયા કલ્વર્ટ તરફના હયાત કાચા કાંસને પાકો કરવાની કામગીરી પણ ચાલુ નાણાંકીય વર્ષમાં **અંદાજીત રૂ.૬.૦૭ કરોડના** ખર્ચે હાથ ધરેલ છે. જે પૂર્ણતાના આરે છે તથા આજવા મેઇન રોડ ઉપર હાઇ-વે થી કમલાનગર તળાવ સુધી વરસાદી

ગટર બનાવવાનું કામ **અંદાજીત રૂ.૪.૧૪ કરોડ**. વોર્ડ નં.૯ માં ૩૬.૦ મી. રોડ જંકશન મહાવીર હોલ ચાર રસ્તા થી ગધેડા માર્કેટ ચાર રસ્તા થઇ ૨૭.૦ મી.ના રસ્તે કુતરાવાડી કાંસ સુધી નવિન પાઇપ વરસાદી ગટર/ચેનલ બનાવવાની **અંદાજીત રૂ.૪.૨૩ કરોડ**, પૂર્વ ઝોન વિસ્તારમાં ઓડનગર થી રાજીવનગર નાળા સુધી આર.સી.સી. કલોઝડ ચેનલ બનાવવાની **અંદાજીત રૂ.૫.૬૨ કરોડ**, BSUP મકાનોની પ્રીમાઇસીસમાં વરસાદી ગટર બનાવવાની **અંદાજીત રૂ.૧.૮૫ કરોડ**, વહીવટી વોર્ડ નં.૯ માં ૩૬.૦ મી રીંગ રોડ પર પરિવાર વિધાલય ચાર રસ્તાથી નવજીવન સોસાયટી વાળા રસ્તે નવિન વરસાદી ગટર બનાવવાની **અંદાજીત રૂ.૦.૭૦ કરોડ**ની કામગીરી, વિગેરે કામો પ્રગતિ હેઠળ છે. જે કામો પૂર્ણ થવાથી આજુ-બાજુના વિસ્તારમાંથી વરસાદી પાણીનો સરળ તથા ઝડપી નિકાલ થઇ શકશે. આમ, ઉપરોકત વિસ્તારના નાગરિકોને સ્વચ્છતાની દ્રષ્ટિએ તથા ટ્રાફિકની દ્રષ્ટિએ પણ ફાયદો થયેલ છે/થશે.

વધુમાં, શહેરના પૂર્વ વિસ્તારમાં ચોમાસાની ઋતુ દરમ્યાન વધુ સમય માટે જળબંબાકાર (Water Logging) ની પરિસ્થિતિ અટકાવવા માટે કેન્દ્ર સરકારશ્રીની AMRUT યોજના હેઠળ બાય-પાસ હાઇ-વે તરફથી પ્રવેશતાં વરસાદી પાણીને શહેર બહાર વાળવા માટે હાઇ-વેને સમાંતર નવીન વરસાદી ગટર બનાવી વરસાદી પાણીનો નિકાલ સીધોજ નદીમાં થાય તે માટે હાઇ-વેને સમાંતર નવિન વરસાદી ગટર બનાવવાની કામગીરી **અંદાજીત રૂ.૨૮.૦૦ કરોડ**ના ખર્ચે તાજેતરમાં હાથ ધરેલ છે. નવાયાર્ડ રોડ પર કલાસવા નાળાને લંબાવવાની કામગીરી તથા તેને સંલગ્ન કામગીરી કરવાનું કામ **અંદાજીત રૂ.૧.૩૬ કરોડ**ના ખર્ચે. માંજલપુર, નિર્દેશ ટેનામેન્ટ થી વિશ્વામિત્રી રેલ્વે ઓવર બ્રીજને મળતાં ૧૮.૦/૨૪.૦ મી.ના રસ્તે "સનસીટી પેરેડાઇઝ" સામેથી પારસી અગિયારી નાળા સુધીના ભાગમાં નવિન આર.સી.સી. કલોઝડ વરસાદી ગટર બનાવવાનું **અંદાજીત રૂ.૧.૭૯ કરોડ**ના ખર્ચે. વહીવટી વોર્ડ નં.૧૨ માં વડસર રેલ્વે ઓવર બ્રીજ/૪૦.૦૦ મી. રીંગ રોડ જંકશન થી વડસર ગામ/તળાવ સુધીના રસ્તે નવિન વરસાદી ગટર બનાવવાનું કામ **અંદાજીત રૂ.૫.૪૧ કરોડ**ના ખર્ચે હાથ ધરવાનું પણ આયોજન કરેલ છે. જે પૂર્ણ થવાથી મુખ્યત્વે શહેરના વિવિધ વિસ્તારમાં ચોમાસા દરમ્યાન સર્જાતી વરસાદી પાણી ભરાવાની સમસ્યાનો અંત આવી શકશે.

૧૨) <u>સ્ટ્રીટલાઇટ વિભાગ</u> :

➢ <u>સને-૨૦૧૫-૧૬ માં કરેલ નોંધપાત્ર કામગીરી :</u>

- ગતિશિલ ગુજરાતનાં ઉપક્રમે કુલ ૧૨૦ આંગણવાડીઓમાં ઇલેક્ટ્રીફિકેશનની કામગીરી પૂર્ણ કરેલ છે.
- નવિન બનેલ રહેલ કુલ ૧૪ અર્બન હેલ્થ સેન્ટરો માંથી ૧૧ અર્બન હેલ્થ સેન્ટરોમાં ઇલેક્ટ્રીફિકેશનની કામગીરી પૂર્ણ કરેલ છે.

- શહેરમાં કુલ ૧૦ કિ.મી.નાં રસ્તા ઉપર ડિઝાઇન બેઝડ સેન્ટ્રલ લાઈટીંગની કામગીરી પૂર્ણ કરેલ છે.
- વડોદરા શહેરમાં જુદા – જુદા વિસ્તારમાં બનેલ નવિન રસ્તાઓ તેમજ બે ફ્લાયઓવર બ્રિજ ઉપર નવિન ડીમેબલ એલ.ઇ.ડી ફીટીંગ્સ લગાડવાની કામગીરી શરૂ કરેલ છે.
- જેમાં એ-૧ પ્રકારનાં એટલે કે પહોળાઇ વધુ તેમજ વધુ ટ્રાફિક ધરાવતાં રસ્તાઓ ઉપર ૧૭૫ વોટના એલ.ઇ.ડી ફીટીંગ્સ તથા એ-૨ પ્રકારનાં પહોળાઇવાળા રસ્તાઓ ઉપર ૭૩ વોટના એલ.ઇ.ડી ફીટીંગ્સ લગાડવામાં આવશે. જેમાં રાત્રીનાં સમયે ડીમીંગ કરી વધુ વીજબચત કરવાનું આયોજન કરેલ છે.

<u>આયોજન:</u>

૧.. વધુ વીજ બચત તથા નિભાવણીખર્ચમાં બચત મેળવવાના ભાગરૂપે -:

- શહેરના મુખ્ય રસ્તાઓ ઉપર તથા છુટાછવાયા લાગેલ જુદી-જુદી કેપેસીટીના સોડીયમ ફીટીંગો પૈકી જુના જર્જરીત સોડીયમ ફીટીંગ્સ બદલી LED ફીટીંગ્સ લગાડવા.

૨.. વડોદરા મહાનગર પાલિકા દ્વારા પુરી પાડવામાં આવતી જુદી જુદી સર્વિસીસ ઉપર સદંતર મોનીટરીંગ રાખી તુરંત એકશન લેવાના ભાગરૂપે-:

- વડોદરા શહેરમાં જુદા જુદા મહત્વના વિસ્તારો તેમજ ઇમારતોમાં CCTV System લગાડી સેન્ટ્રલી મોનીટરીંગ કંટ્રોલીંગ કરી તુરંત એકશન લેવા માટેનો "VADODARA EYE " પ્રોજેક્ટ.

<u>મળેલ સિધ્ધિ</u> :

- સ્ટ્રીટલાઇટમાં કાર્યક્ષમ મટીરીયલ વાપરી વધુ વીજબચત મેળવવા લીધેલ પગલા બદલ

૧) પ્લાનીંગ કમીશન, ભારત સરકાર તથા ઇન્ડીયન કન્સ્ટ્રકશન ઇન્ડસ્ટ્રી ડેવલપમેન્ટ કાઉન્સીલ દ્વારા રચેલ કન્સ્ટ્રક્શન ઇન્ડસ્ટ્રી ડેવલોપમેન્ટ કાઉન્સીલ) CIDC) દ્વારા" 7th CIDC Vishwakarma Award 2015" નો એવોર્ડ તથા સર્ટીફિકેટ તા .૧૪/૦૩/૨૦૧૫ના રોજ ન્યુ દિલ્હી ખાતે એનાયત કરવામાં આવ્યો.

૨) આઇ.યુ.કે.એ.એન યુટીલીટી બેસ્ટ પ્રેક્ટીસ એવોર્ડ – ૨૦૧૫

૩) આંતરરાષ્ટ્રીય સ્તરે **AURORALIA Award** મેળવવાની ટોપ ટેન) ૧૦ (ની યાદીમાં સ્થાન પ્રાપ્ત કરેલ.

૧૩) <u>વડોદરા ગેસ લી.</u> :

વડોદરા મહાનગરપાલિકા, ગેસ પ્રોજેકટની સ્થાપના સને ૧૯૭૨માં કરવામાં આવેલ જે અંતર્ગત આજ દિન સુધી ૭૭,૦૦૦ ડોમેસ્ટીક કનેકશન અને ૨૧૦૦ કોમર્શીયલ કનેકશન આપવામાં આવેલ .

હાલમાં તા.૪-૪-૨૦૧૧ના રોજ વડોદરા મહાનગરપાલિકા તથા ગેઇલ ઇન્ડીયા લી.ના સંયુકત સાહસથી વડોદરા ગેસ લી .નામની કંપનીની સ્થાપના કરવામાં આવેલ છે .સદર કંપની તા.૧૩-૧૦-૧૪ના રોજથી કાર્યરત થઇ શહેરમાં કંપની દ્વારા નવીન નેટવર્ક નાંખી નવીન કનેકશનો આપવાની કાર્યવાહી, રીંગરોડની ફરતે ૧૦-ઇંચ ડાયામીરટની ૩૨-કી.મી.ના સ્ટીલ નેટવર્ક પૈકી આજદીન સુધી ૨૧-કી.મી .સ્ટીલ નેટવર્ક ઉભુ કરી દીધેલ છે.

પ્રથમ ફેઝમાં એરપોર્ટ સર્કલ થી અમિતનગર સર્કલ થઇ વુડા સર્કલના ઉત્તર ભાગમાં જયાં સ્ટીલ નેટવર્કના હાઇ પ્રેશરને ૨૦૦૦-SCMH કેપે.ના ડી.આર.એસ.દ્વારા આશરે ૫૦૦૦-થી વધુ કનેકશનો આપવાના આયોજન પૈકી હાલ ૧૨૦૦-જેટલા કનેકશનો આપી દીધેલ છે .ચાલુ વર્ષમાં ૪૦૦૦૦-જેટલા કનેકશનો આપવાનુ આયોજન કરવામાં આવેલ છે જે માટે ૪-ઝોનમાં ૬-કોન્ટ્રાકટર દ્વારા ૧૩૦-કી.મી .નુ MDPE નેટવર્કની કામગીરી પૂર્ણ કરેલ છે તત્કાલ ૨૫૦૦૦-જેટલા નવિન કનેકશનો આપી શકાશે .

વધુમાં ઘરગથ્થુ પાઇપ લાઇન ઉપરાંત કંપની દ્વારા શહેરમાંનિઝામપુરા ખાતે સી.એન.જી .સ્ટેશન સ્થાપવાની કામગીરી હાથ ધરેલ તે ટુંક સમયમાં પૂર્ણ કરી સી.એન.જી . સ્ટેશન કાર્યરત કરવામાં આવશે.

વડોદરા ગેસ લી.ની વેબ સાઇટઃ www.vgl.co.on દ્વારા ઓન લાઇન Credit/ Debit Card તેમજ Net Banking દ્વારા ભરી શકે તેવું આયોજન પણ કરવામાં આવેલ છે .

૧૪) મિકેનીકલ વિભાગ :

➢ સને ૨૦૧૫-૧૬ની સિધ્ધીઓ:

- ૧૨-નંગ ગાર્બેજ કોમ્પેકટર મશીનો શહેરમાંથી ઘન કચરાના ઝડપી લેન્ડફીલ સાઇટ ખાતે વહન કરવા માટે રૂ.૩૫૨,૫૪,૮૦૦/-ના ખર્ચે ખરીદ કરવામાં આવેલ છે. મશીનો ઓપરેટ કરવાનો ૩-વર્ષ માટેનો ઓ. એન્ડ એમ.નો ઇજારો કરેલ છે.
- ૪૦૦-નંગ ૧૧૦૦-લી.કેપે.ના કોમ્પેકટર બીન્સ શહેરમાં જે તે સ્પોટ ખાતે કચરા કલેકશન માટે રૂ.૧૦૧,૦૦,૦૦૦/-ના ખર્ચે ખરીદ કરવામાં આવેલ છે. સદરહું બીન્સ કોમ્પેકટર મશીનો દ્વારા ઓપરેટ કરી ખાલી કરવામાં આવે છે. જે માટે કોમ્પેકટર મશીનોના ઓ. એન્ડ એમ.નો ૩-વર્ષ માટેનો ઇજારો કરવામાં આવેલ છે.
- ૪-નંગ હાઇફલો જેટીંગ કમ સકશન (સુપર સકર) મશીનો શહેરમાં આવેલ મેઇન ડ્રેનેજ લાઇનોનો અવરોધ દુર કરવા તેમજ તેની સફાઇ કરવા માટે રૂ.૪૮૮,૦૦,૦૦૦/-ના ખર્ચે ખરીદ કરી મશીનોના ઓ. એન્ડ એમ.નો ૨-વર્ષનો ઇજારો કરવામાં આવેલ છે.
- ૨-નંગ પેવર મશીનો રોડ શાખાની કામગીરી તેમજ નવીન ટી.પી.વિસ્તારના રોડના વિકાસની કામગીરી માટે રૂ.૫૧,૯૩,૧૧૬/-ના ખર્ચે ખરીદ કરવામાં આવેલ છે અને સદર મશીનો દ્વારા કામગીરી ચાલુ છે.

- ૬૦૦-નંગ ૪.૫ કયુ.મીના કન્ટેનર્સ સો.વે.મે.શાખા માટે સ્પોટ ખાતે મુકી કચરા કલેકશનની કામગીરી માટે રૂ.૩૪૭,૯૮,૮૦૦/-ના ખર્ચે ખરીદ કરી દરેક વોર્ડમાં ફાળવવામાં આવેલ છે.
- ૪-નંગ ટ્રક માઉન્ટેડ રોડ સ્વીપર મશીનો શહેરના રોડની સફાઇની કામગીરી માટે રૂ.૨૭૪,૮૦,૦૦૦/-ના ખર્ચે ખરીદ કરવામાં આવેલ છે. જેના ઓ. એન્ડ એમ.નો ૩-વર્ષનો ઇજારો કરવામાં આવેલ છે.
- બી.ઇ.એમ.એલ.મેક બીડી-૬૫ ચેઇન ડોઝર નંગ-૧ સો.વે.મે.હસ્તકની લેન્ડફીલ સાઇટ ખાતે કચરા લેવલીંગની કામગીરી કરવા માટે રૂ.૧૦૬,૪૯,૯૦૨/-ના ખર્ચે ખરીદ કરવામાં આવેલ છે.
- મોબાઇલ કોર્ટ વાન નંગ-૧ હેલ્થ અને સેનીટેશન લગતના કેસોનો ઝડપી અને તૂર્ત સ્થળ પર જ નિકાલ કરવા માટે રૂ.૩૬,૯૦,૦૦૦/-ના ખર્ચે જરૂરી સુવિધાસહ ખરીદ કરવામાં આવેલ છે.
- ડોગ કેચીંગ વાન નંગ-૪ શહેરના શેરી કૂતરાની વસ્તીના નિયંત્રણ માટે અને રખડતા બીમાર પશુઓને પકડી કેટલ કેમ્પ ખાતે લાવવા માટે રૂ.૨૬,૯૩,૪૪૦/-ના ખર્ચે આરોગ્ય શાખા માટે ખરીદ કરવામાં આવેલ છે.

➢ **<u>સને ૨૦૧૬-૧૭નુ આયોજન:</u>**

કોર્પોરેશનના જુદા જુદા વિભાગો માટે તેઓની જરૂરીયાત અને માંગણી અનુસાર તેમજ વિવિધ વ્હીકલ માઉન્ટેડ મશીનરી જેવી કે જેટીંગ, સકશન મશીન, એફ.સી., ટ્રક, વાઇબ્રેટરી રોલર વિગેરે જેવી મશીનરી ખરીદવા તેમજ વડોદરાના સાંસદસભ્યશ્રીની ગ્રાન્ટમાંથી ૧ નંગ વડોદરા દર્શન બસ ખરીદી શહેરના નાગરિકો તેમજ
સહેલાણીઓ માટે ખરીદવા માટેનુ આયોજન.

૧૫) <u>ટાઉન ડેવલપમેન્ટ</u> :

બાંધકામ પરવાનગી શાખા દ્વારા, બાંધકામ કરવા માટે શહેરી હદ વિસ્તારમાં બાંધકામની મંજૂરી અમલી જી.ડી.સી.આર.-૨૦૧૨ ના નિયમને આધીન આપવામાં આવે છે. બાંધકામ નિયમ મુજબ મંજુર થયે અત્રે બાંધકામની લાગત પેટે રકમ વસુલ કરવામાં આવે છે. આમ ગત ૨૦૧૪-૧૫ ના વર્ષ માટે રૂ.૯૦.૯૨ કરોડ વસુલ કરવામાં આવેલ હતા તથા ચાલુ વર્ષના ૬ મહિનામાં રૂ.૫૨ કરોડ વસુલ કરવામાં આવેલ છે .બાંધકામ નિયમ મુજબ થયે અત્રેથી પ્લીંથ ચેક, કમ્પલીશન સર્ટીફિકેટ તથા ઓક્યુપેશન સર્ટીફિકેટ આપવામાં આવે છે. તેમજ ઇમ્પેકટ ફી હેઠળ અત્યાર સુધી કુલ રૂ.૩૮ કરોડ જમા થયેલ છે. ટાઉન પ્લાનીંગ શાખા દ્વારા ૨૬ ટી.પી .સ્કીમો તૈયાર કરી મંજૂરી અર્થે સરકારશ્રીમાં સાદર કરવામાં આવેલ છે. જેની મંજુરીની પ્રક્રીયા ચાલુ છે.

૧૬) પાર્કસ એન્ડ ગાર્ડન :

ચાલુ વર્ષ દરમ્યાન લોકોને ઘર આંગણે બગીચાની સુવિધા મળે તે માટે શહેરના વિવિધ ટી.પી. સ્કીમમાં નવિન ચાર (૧) વિશ્વકર્મા ઉદ્યાન ઉધાન –અલવાનાકા પાસે, માંજલપુર, (૨) ભગવાનશ્રી પરશુરામ ઉધાન - વાઘોડીયા રોડ, (૩) પાલિકા ઉધાન -ટી.પી.-૧૬, એફ.પી. ૧૫૭, વાસણા રોડ, (૪) લક્ષ્મીનારાયન ઉદ્યાન – માંજલપુરમાં બગીચા બનાવી લોકાર્પણ કરવામાં આવેલ છે અને બે બગીચા (૧) તરસાલી STP પ્લાન્ટ પાસેનો બાગ, (૨)પાલિકા ઉદ્યાન – ટી.પી.૧૬, એફ.પી.-૧૬૫, વાસણા રોડ, માં કામગીરી પૂર્ણ કરેલ છે અને ટુંક સમયમાં લોકપર્ણ કરવામાં આવશે. સયાજીબાગમાં હેલ્થ મ્યુઝીયમ પાછળના ભાગમાં નવિન લેન્ડ સ્કેપ સાથે ફલાવર ગાર્ડનનો વિકાસ કરવામાં આવેલ છે. લાલબાગ ઉપરાંત શહેરના વિવિધ બાગોમાં જોગીંગ ટ્રેક અને બાળકો તથા સીનીયર સીટીઝનોની સુવિધામાં સુધારા વધારા કરવામાં આવેલ છે.

વર્ષ ૨૦૧૬-૧૭દરમ્યાન સયાજી બાગ અને આજવા બાગને રાષ્ટ્રીય પ્રવાસનમાં સ્થાન મળે તેવી વિવિધ કામગીરીઓ આ વર્ષમાં કરવામાં આવનાર છે .સયાજીબાગ ઉપરાંત શહેરના વિવિધ બાગોમાં બાળકો માટેની સુવિધા અને જોગીંગ ટ્રેકમાં સુધારા -વધારા કરવામાં આવશે . આ ઉપરાંત સીનીયર સીટીઝન માટે વિશીષ્ટ સુવિધા ઉભી કરવામાં આવશે .આગામી વર્ષ દરમ્યાન લોકોને ઘર આંગણે બગીચાની સુવિધા મળે તે માટે શહેરના વિવિધ ટી.પી .સ્કીમમાં નવિન) ૦૫ (પાંચ બગીચા બનાવવામાં આવશે તેમજ હાલના હયાત બાગોની નિભાવણી સુચારૂ થાય તે માટે પણ પગલા ભરવામાં આવશે .ગત વર્ષ દરમ્યાન શહેરના વરિષ્ઠ નાગરીકો, બાળકો અને યુવાનોની તંદુરસ્તી જળવાઇ રહે તે માટે ગુજરાત સરકારશ્રી, દ્વારા સ્વામિ વિવેકાનંદજીની ૧૫૦ જન્મ જયંતીના ઉજવણીના ભાગરૂપે ફાળવેલ ૧.૨૫ કરોડની ગ્રાન્ટમાંથી વડોદરા શહેરમાં પ્રથમ વખત જુદા -જુદા બાગોમાં ફીઝીકલ ફીટનેશના સાધનો)નંગ-૩૬૦ (લગાવવામાં આવેલ હતા જેનો ખૂબ સારો પ્રતિસાદ મળેલ હોઇ આગામી વર્ષમાં બાકીના બાગોમાં આ ફીઝીકલ ફીટનેશના સાધનો લગાવવાનું આયોજન છે. ટી.પી.-૧૩, છાણી કેનાલ નગર નંદનવન ખાતે ધનિષ્ઠ વૃક્ષારોપણ કરી તેનો સારો વિકાસ થયેલ છે. આ સ્થળને અગામી વર્ષમાં પીકનીક પોઇન્ટ તરીકે વિકસાવવાનું આયોજન છે. વડોદરા શહેરમાં તળાવોની વિકાસની કામગીરી હાથ પર છે જેમાં સીવીલ કામ પૂર્ણ થયેથી ત્યાં ગાર્ડનીંગની કામગીરી કરવાનું આયોજન છે તથા સયાજી બાગમાં ડાયનાસોર પાર્ક અને ફલશ માઉન્ટેન વોટર ફન પ્લાઝા કુવારો બનાવવાનું આયોજન છે .

૧૭) સયાજીબાગ પ્રાણીસંગ્રહ સ્થાન :

મહાનગરપાલિકાના સયાજીબાગમાં નાનો પણ કલગી સમાન એક ભાગ એટલે ઝુ જેની શરૂઆત ૧૮૭૬ થી થયેલ છે. ૧૮૭૯માં જાહેર જનતા માટે ખુલ્લો મુકવામાં આવેલ હતો. પુરા ગુજરાતમાં તેની ઓળખ કમાટીબાગ થી થાય છે .કમાટીબાગના ૧૧૨ એકર માંથી ૪૦ એકર માં

ઝુ શાખાની કામગીરી થાય છે .વિવિધ પ્રકારના રંગબેરંગી પ્રાણી –પક્ષીઓ શહેરની આગવી ઓળખ છે

૧૯૯૨માં સેન્ટ્રલ ઝુ ઓથોરીટીની રચના થયા બાદ આધુનિક નૈસર્ગીક વાતાવરણ મળી રહે તેવા પીંજરાઓ અને જરૂરી સુવિધાઓ મળી રહે તે આશય થી CZA (સેન્ટ્રલ ઝુ ઓથોરીટી) નોર્મ મુજબનું ઝુ વિકસાવવા આજવા ખાતે ૧૦૦ એકર જમીન ફાળવવામાં આવતા નેચરપાર્ક અને સફારી પાર્ક બનાવી શકાય તેવો વિકાસ કરેલ છે સમગ્રસભા એ આ અંગે ઠરાવ કરીને મંજુરી આપેલ છે અને હયાત જગ્યાએ આધુનીક નૈસર્ગીક વાતાવરણ મળી રહે તે માટેની મંજુરી સમગ્ર સભાએ આપેલ છે જેની ડીઝાઇન અને માસ્ટર પ્લાનની મંજુરી મેળવવા CZA ને મોકલી આપવામાં આવેલ છે .

- **<u>વર્ષ ૨૦૧૫-૧૬ દરમ્યાન કરેલ કામગીરીની વિગત</u>**
  - લે આઉટ બનાવીને C Z A ની મંજુરી અર્થે મોકલેલ છે .
  - સાબરના પીંજરા તથા નીલ ગાયના પીંજરાનું રીનોવેશન કરાવીને C Z A ના નોર્મ મુજબ બનાવેલ છે. (રૂ .૨૫.૦૦ લાખ)
  - ભૂલ-ભૂલામણી ની જગ્યાએ આધુનિક બોન્સાઇ પ્રકારના પ્લાન્ટ સાથે ગાર્ડન બનાવવની કામગીરી ૬૦ ટકા પૂર્ણ કરેલ છે. (રૂ.૪૫.૦૦ લાખ)
  - ઝુ સંરક્ષણ હેતુસર બાઉન્ડ્રીની વોલનું નિર્માણ કરેલ છે. (રૂ.૧.૦૦ કરોડ)

૧૮) <u>આરોગ્ય વિભાગ</u> :

- વડોદરા શહેર વિસ્તારની હાલની અંદાજે ૧૭.૦૦ લાખની વસ્તી અને શહેર વિસ્તારના વધતા વ્યાપને ધ્યાને લઈ વડોદરા મહાનગરપાલિકા ધ્વારા જાહેર આરોગ્ય અને આરોગ્યલક્ષી વિવિધ કામગીરીની સાથોસાથ આરોગ્યલક્ષી કાર્યક્રમો માટે દર ૫૦,૦૦૦ ની વસ્તીએ ૦૧) એક (મુજબ શહેર વિસ્તારમાં હાલ કુલ-૩૪ અર્બન હેલ્થ સેન્ટર્સ) UPHC(કાર્યરત કરવામાં આવેલ છે .જે પૈકી ,હાલ કુલ-૨૦ અર્બન હેલ્થ સેન્ટર્સ માટે અંદાજે રૂ . ૧૮.૦૬ કરોડના ખર્ચે નવીન મકાનોના બાંધકામની કામગીરી થઈ રહેલ છે .હાલમાં ,કુલ-૮ અર્બન હેલ્થ સેન્ટર્સના બાંધકામનું નિર્માણ કાર્ય ચાલી રહેલ છે અને અન્ય કુલ-૧૨ અર્બન હેલ્થ સેન્ટર્સના બાંધકામ માટેની પૂર્વ કાર્યવાહી હાથ ઉપર છે અને આગામી વર્ષ દરમ્યાન તબક્કાવાર બાકી રહેતા અન્ય અર્બન હેલ્થ સેન્ટર્સના નવીનીકરણની કામગીરી હાથ ધરવામાં આવશે.
- સરકારશ્રી તરફથી શહેરી વિસ્તારો માટે અમલમાં મુકવામાં આવેલ National Health Mission માટે નાણાકીય આયોજનની સાથોસાથ NHM હેઠળ શહેરના પૂર્વ ઝોન વિસ્તાર સ્થિત ફેમીલી વેલ્ફેર બ્યુરો બિલ્ડીંગ અને ઉત્તર ઝોન વિસ્તાર સ્થિત છાણી આરોગ્ય કેન્દ્રને

કુલ રૂ.૨.૦૦ કરોડના ખર્ચે " સામુહિક આરોગ્ય કેન્દ્ર " તરીકે વિકસાવવા અને ત્યાં આધુનિક રેડીયોલોજી અને પેથોલોજી લેબોરેટરીની સુવિધાઓ ઉપલબ્ધ કરવાનું આયોજન છે.

- વડોદરા શહેર વિસ્તારમાં હાલ કુલ-૨૨ સ્મશાનગૃહો છે .મનુષ્યના જીવનનું અંતિમ ધામ એવા મોક્ષધામ-સ્મશાનોને જરૂરી તે તમામ પુરતી સગવડોની સાથે અદ્યતન સુવિધાઓથી સજ્જ તૈયાર કરવાનું આયોજન હાથ ધરાયેલ છે .પ્રત્યેક ઝોનમાં અદ્યતન સુવિધાઓ સાથેનું એક-એક સ્મશાન ગૃહ બનાવવામાં આવશે તથા દરેક વોર્ડમાં પ્રાથમિક સુવિધાઓ સાથેનું એક-એક સ્મશાન ગૃહ બનાવવામાં આવશે જે માટે અંદાજે રૂ .૬૦.૦૦ લાખનો ખર્ચ થશે.
- વડોદરા શહેરના જાહેર માર્ગો ઉપર રખડતાં પશુઓ ની વિકટ સમસ્યા છે જેને કારણે રાહદારીઓ અવારનવાર અકસ્માતનો ભોગ બને છે .આથી ,રખડતાં પશુઓને પકડીને ઢોર ડબ્બામાં પુરવામાં આવે છે .વડોદરા મહાનગર સેવા સદન હસ્તકના કુલ-૦૩ ઢોર ડબ્બાઓ ખાતે જરૂરી તે તમામ વ્યવસ્થાઓ થી સજ્જ કરવામાં આવેલ છે .આ ઉપરાંત ,ગામ-ખટંબા , વાઘોડીયા રોડ ખાતે મોટી સંખ્યામાં રખડતાં પશુઓને પુરી શકાય તે માટે કેટલ શેડસ તૈયાર કરવામાં આવેલ છે. અને અન્ય ત્રણ જગ્યાઓ કલેકટર તરફથી ફાળવેલ છે, તેમાં પણ ખટંબાના ધોરણે ફેસેલીટી વિકસાવવાનું આયોજન છે.
- વધુમાં ,પકડવામાં આવેલ રખડતાં પશુઓની સહેલાઈથી ઓળખ થઈ શકે તેમજ તેઓને કેટલીવાર પુરવામાં આવેલ છે તે તૂર્ત જાણી શકાય તે માટે તેઓના કાન ઉપર Animal Tagging With RFID Microchip લગાવવામાં આવે છે.
- વડોદરા શહેર વિસ્તારમાં ,ખાસ કરીને રાત્રીના સમયે કુતરા કરડવાના મહત્તમ બનાવો બનતા હોવાનું જણાઈ આવેલ છે .આ માટે, Animal Birth Control (ABC) Scheme હેઠળ VSPCA (Vadodara Society for the Prevention of Cruelty to Animals) અને VSAWRD હૈદરાબાદની સંસ્થાને કામગીરી સુપ્રત કરવામાં આવેલ છે .જેમાં ,જે વિસ્તારમાંથી રખડતાં-કરડતાં કુતરાઓ અંગેની ફરીયાદ મળે તે વિસ્તારમાં VSPCA સંસ્થા ધ્વારા તે કુતરાને પકડીને ,એનીમલ વાનમાં લઈ જઈ ,ગામ-ચાપડ ,પાદરા રોડ સ્થિત તેઓની વેટરનરી હોસ્પિટલ અને ખટંબા ખાતે સારવાર-સ્ટરીલાઈઝેશન) નસબંધી (કર્યા બાદ Sterilized Dogs ને RFID Microchips Labelling કરી તેને પરત જે તે સ્થળે મુકી આવવામાં આવે છે .આ કાર્યક્રમને કારણે કુતરા કરડવાના બનાવોમાં ઘટાડો નોંધાયેલ છે તે બાબત હડકવા વિરોધી રસીના કેસો ઉપરથી જણાઈ આવેલ છે.
- વડોદરા શહેર વિસ્તારમાંથી મળી આવેલ મરેલા જાનવરોનો વૈજ્ઞાનિક અને આધુનિક પધ્ધતિથી નિકાલ થઈ શકે તે બાબત તેમજ જાહેર આરોગ્ય અને સુખાકારીના હીતને ધ્યાને લઈ સમગ્ર પશ્ચિમ ભારતમાં પ્રથમ વખત વડોદરા મહાનગર સેવા સદન દ્વારા રૂ .૬૮.૦૦ લાખના ખર્ચે ગાજરાવાડી વિસ્તારમાં ભાભા એટોમિક રીસર્ચ સેન્ટર) BARC (ના સંશોધન મુજબ અવની એન્ટરપ્રાઈઝ ,ડોમ્બિવલી ,મુંબઈ દ્વારા Scientific Technology પ્રસ્થાપિત કરવામાં આવી છે જેમાં હાલ તૂર્ત ૦૫) પાંચ (મેટ્રીક ટન ક્ષમતા ધરાવતો પ્લાન્ટ શરૂ

થયેલ છે અને આગામી વર્ષમાં વધુ ૦૫) પાંચ (મેટ્રીક ટનનો પ્લાન્ટ પ્રસ્થાપિત કરવાનું આયોજન હાથ ધરવામાં આવેલ છે.

- વહીવટી વોર્ડ નં-૭ ની કચેરીના ત્રીજા અને ચોથા મજલે રૂ .૭૫.૦૦ લાખના ખર્ચે આધુનિક પબ્લીક હેલ્થ લેબોરેટરીનું નિર્માણ કરવામાં આવેલ છે .રૂ .૨૫.૦૦ લાખની કિંમતે PHL ને અનુરૂપ જરૂરી ધન-સામગ્રી અને રૂ.૨૦.૦૦ લાખની કિંમતના ફર્નિચરની તમામ સુવિધાથી ઉપરોક્ત સ્થળે આધુનિક પબ્લીક હેલ્થ લેબોરેટરી કાર્યરત થઈ છે .

૧૯) <u>સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ</u> :

શહેરમાં ઈન્ટીગ્રેટેડ સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ પ્લાન અંતર્ગત ત્રિ-સ્તરીય (થ્રી ટાયર) સોલિડ વેસ્ટ કલેક્શન સિસ્ટમ અમલીકૃત કરવામાં આવેલ છે જે અંતર્ગત (૧) ડોર ટુ ડોર સોલિડ વેસ્ટ કલેક્શન (૨) કંટેનર લીફટીંગ દ્વારા સોલિડ વેસ્ટ કલેક્શન (૩) ઓપન સ્પોટ/ન્યુસન્સ સ્પોટ પર થી સીધા સોલિડ વેસ્ટ કલેક્શનનો અમલ કરવામાં આવેલ છે.

ઝોન વાઈઝ અલગ એજન્સીઓને કામગીરીની ફાળવણી કરી રૂટ દીઠ અલગ વાહન ફાળવી ૧૯૨ જેટલા જીપીએસ સુસજ્જ વાહનોના ઉપયોગ દ્વારા ડોર ટુ ડોર સોલીડ વેસ્ટ કલેક્શન સિસ્ટમને વધુ અસરકારક અને કાર્યક્ષમ બનાવવામાં આવેલ છે.અટલાદરા ખાતે સેકન્ડરી ટ્રાંસ્પોર્ટેશન માટે એલીવેટેડ ટ્રાંસફર સ્ટેશન બનાવવાની કામગીરી કરવામાં આવેલ છે.રે.સ.નં ૩૪૬, મકરપુરા ખાતે પબ્લીક પ્રાઈવેટ પાર્ટનરશીપ મોડેલ આધારિત ઈન્ટીગ્રેટેડ પ્રોસેસીંગ ફેસીલીટી ફેબ્રુઆરી ૨૦૧૦ થી કાર્યરત કરેલ છે. સદર પ્રોસેસીંગ દ્વારા કંપોસ્ટ ખાતર, આર.ડી.એફ, બાયોગેસ, ચારકોલ, બાયોડીઝલ વગેરેનું ઉત્પાદન કરવામાં આવી રહેલ છે.રે.સ.નં ૩૪૬, મકરપુરા ખાતે ૪ લાખ મેટ્રિક ટન ની ક્ષમતા ધરાવતી સીકયોર્ડ સેનેટરી લેન્ડફીલ સાઈટનું નિર્માણ કરી જુન-૨૦૧૦ થી કાર્યરત છે.

નાણાંકિય વર્ષ ૨૦૧૫-૧૬ દરમ્યાન રૂ. ૮.૫ કરોડના ખર્ચે રહેણાંક એકમોને સેગ્રીગેશન એટ સોર્સની જાગૃતિ માટે સ્વચ્છ ભારત મિશન અંતર્ગત વેરા ભર્યાની રસીદ બતાવ્યેથી રહેણાંકોના નાગરિકોને કચરાના સંગ્રહ માટે ફૂલ ૧૦ લાખ ટવીન હાઉસ હોલ્ડ બીન્સના વિતરણની કામગીરી હાલ કાર્યરત છે. જે અંતર્ગત હાલ સુધી ૬,૨૦,૦૦૦ ડસ્ટબીનોનું વિતરણ કરવામાં આવેલ છે.ઝીરો વેસ્ટ સીટી પ્લાન અંતર્ગત ૭૦૦ નંગ ૪.૫ ક્યુ.મી. ની ક્ષમતા ધરાવતા કંટેનર તથા ૪૦૦ નંગ ૧.૧ ક્યુ.મી ક્ષમતાના ગેલ્વેનાઈઝડ બીન્સની વર્ષ ૨૦૧૫-૧૬ દરમ્યાન ખરીદી કરી શહેરમાં વિવિધ સ્થળે મુકેલ છે. સ્વચ્છતા વિષયક કામગીરી માટે ૧૨ નંગ રીફયુઝ કોમ્પેકટર તથા ૪ નંગ મીકેનીકલ સ્વીપર મશીન જેવા આધુનિક વાહનોની ખરીદી કરવામાં આવેલ છે.

દેશમાં સૌ પ્રથમ વાર ઈ-વેસ્ટ કલેક્શન સિસ્ટમની શરૂઆત વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા ફેબ્રુઆરી-૨૦૧૪ થી કરવામાં આવેલ છે. સેગ્રીગેટેડ ટેમ્પલ વેસ્ટ તથા હોટલ કીચન વેસ્ટ વેસ્ટ કલેક્શન સિસ્ટમ નું પણ અમલીકરણ કરવામાં આવેલ છે.

બાયોમેડીકલ વેસ્ટના સુરક્ષિત નિકાલ માટે વડોદરા શહેરના આશરે ૨૧૪૬ નર્સિંગ હોમ, કલીનીકસ વિગેરેમાંથી વાન દ્વારા કલેક્શન કરી વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશન, ઈન્ડીયન મેડીકલ એશોસીએશન અને કવોન્ટમ એન્જીનીયર્સ ના ટ્રાય પાર્ટી એગ્રીમેન્ટ દ્વારા ૫૦ કિ.ગ્રા. પ્રતિ કલાકની ક્ષમતા ધરાવતો ઈન્સીનેરેટર પ્લાન્ટ અટલાદરા ખાતે કાર્યરત છે.મૃત જાનવરના વૈજ્ઞાનિક પદ્ધતિથી નિકાલ કરવા માટે ગાજરાવાડી ખાતે ૫ મેટ્રિક ટન પ્રતિ દિવસની ક્ષમતા ધરાવતો ભાભા એટોમીક રીસર્ચ સેન્ટર (BARC) દ્વારા પ્રસ્થાપિત ટેકનોલોજી ધરાવાતો પ્લાન્ટ કાર્યરત છે.

અટલાદરા પ્લાન્ટને વેસ્ટ ટુ એનર્જી મોડલ કે અન્ય કાર્યક્ષમ મોડલ પર અપગ્રેડ કરવા તાજેતરમાં એકપ્રેશન ઓફ ઈન્ટરેસ્ટ પ્રસિદ્ધ કરેલ છે. ફીનીશ વેસ્ટ મેનેજમેન્ટ કોનસોર્ટીયમ, ફીનલેન્ડ સાથે પણ વેસ્ટ ટેકનોલોજી માટે વાયબ્રન્ટ ગુજરાત-૨૦૧૫ દરમ્યાન કરેલ એમ.ઓ.યુ કરેલ છે. વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશનને આન્ધ્ર પ્રદેશ ટેકનોલોજી એન્ડ ડેવપલમેન્ટ સેન્ટર, હેદ્રાબાદ દ્વારા આયોજીત 'એવોર્ડ ફોર એક્સલન્સ ઈન સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ' ના નેશનલ કેટેગરી માટે વર્ષ ૨૦૧૩ માં ફર્સ્ટ રનર અપ અને વર્ષ ૨૦૧૫ માં વીનર એવોર્ડ એનાયત કરવામાં આવેલ છે.

<u>જનજાગૃતિના કાર્યક્રમો : Information, Education, Communication and Behavioral Change (IEBC) -</u>

- શહેરની કુલ ૧૨૫ શાળાઓના ૩૦,૨૪૦ વિધ્યાર્થીઓએ બીગ સફાઈ ચેમ્પ પ્રોગ્રામ દ્વારા શહેરના લગભગ ૨,૭૦,૦૦૦ ઘરોનો સંપર્ક કરી સ્વચ્છ ભારત મિશન અંતર્ગત માનનીય મુખ્યમંત્રીશ્રીના સંદેશને પહોંચાડવાનો પ્રયાસ કરવામાં આવેલ છે. શહેરમાં કુલ ૪૦ સ્થળોએ હોર્ડીંગ અને તમામ વોર્ડમાં શેરી નાટકો દ્વારા લોકજાગૃતિ કરવામાં આવેલ છે.
- પ્રાયોગિક ધોરણે શાળાઓના બાળકો તથા બીએસયુપીના મકાનોના રહીશો માટે પપેટ શો દ્વારા જાગૃતિ લાવવાનો પ્રયાસ કરેલ છે. ડોર ટુ ડોર કલેક્શનના વાહનો પર સ્વચ્છતા વિષયક બોર્ડ તથા પેમ્ફલેટ વિતરણ કરેલ છે. શાળાઓના બાળકોના સહયોગથી તમામ વોર્ડમાં યોજાયેલ સ્વચ્છતા રેલી તથા સ્વચ્છતા વિષયક ભીંત ચિત્રો દોરવાનું આયોજન કરેલ છે.

૨૦) અગ્નિ શમન અને તાત્કાલિક સેવાઓ :

અગ્નિ શમન અને તાત્કાલિક સેવાઓ વિભાગ દ્વારા સને ૨૦૧૫-૧૬ ના વર્ષમાં મળેલ સિધ્ધીઓ તથા સને ૨૦૧૬-૧૭ ના વર્ષનું આયોજન અંગેની માહિતી નીચે મુજબ છે જે જાણમાં લેવા વિનંતી છે .

➢ સને ૨૦૧૫-૧૬ ના વર્ષમાં મેળવેલ સિધ્ધીઓ

- ૧૦ નંગ પી.પી.ઈ. ફાયર ફાઈટીંગ કરતા ફાયરમેનને આગથી રક્ષણ માટે રૂ. ૭,૩૬,૦૦૦/- ના ખર્ચે ખરીદ કરવામાં આવેલ છે.
- ૩ નંગ ફોમ ટેન્ડર પેટ્રો કેમીકલ તથા પેટ્રોલીયમની આગમાં અત્યંત ઉપયોગી તેવી મોનીટર સુવિધા સાથેનું વાહન રૂ. ૧,૬૦,૫૨,૮૫૦/- ના ખર્ચે ખરિદ કરવામાં આવેલ છે.
- ૧ નંગ રેસક્યુવાનરોડ અકસ્માત, બિલ્ડીંગ કોલ્પસ, ધરતીકંપ, કેમીકલ ડીઝાસ્ટર તથા પુર સમયે રેસક્યુ ઓપરેશન કરવા માટે રૂ. ૭૪,૫૨,૫૬૨/- ના ખર્ચે ખરીદ કરવામાં આવેલ છે.
- ૧૦ નંગ બી.એ. સેટ વીથ બોઈલર સુટ જે સ્થળ ઉપર ઓક્સીજન ન મળતો હોય તેવા સ્થળ પર રેસક્યુ કામગીરી / ફાયર ફાઈટીંગની કામગીરી માટે ફાયરમેનના ઉપયોગ માટે રૂ. ૭,૪૮,૧૨૫/-
- ૧૫ નંગ રબર બોટ વીથ મશીન પુર / ભારે વરસાદના સમયે રેસક્યુ કામગીર કરવા માટે રૂ. ૭૭,૨૫,૦૦૦/-ના ખર્ચે ખરીદ કરવામાં આવેલ છે.
- ૧૫ નંગ ફાઈબર બોટ વીથ ડબલ મશીન પુર / ભારે વરસાદના સમયે રેસક્યુ કામગીર કરવા માટે રૂ. ૨,૫૧,૧૦,૦૦૦/-ના ખર્ચે ખરિદ કરવામાં આવેલ છે.
- એમ્બ્યુલન્સ વાન ટાટા વિંગર આગ / અકસ્માત સમયે ઘાયલ / ઈજાપામેલ વ્યક્તીને દવાખાને પહોચાડવા માટે ૬-નંગ એમ્બ્યુલન્સ વાન રૂ. ૪૬,૩૮,૫૬૪/- ડી.જી.એસ.એન્ડ.ડી રેટ મુજબ ખરીદ કરવામાં આવેલ છે.
- ૧૦ નંગ ટ્રી કટરઈમરજન્સી સમયે ઝાડ કાપવાના ઉપયોગ માટે રૂ. ૩,૨૫,૦૦૦/- ના ખર્ચે ખરિદ કરવામાં આવેલ છે.
- ડ્રાય કેમીકલ પાવડર - 2000 કીલો રૂ. ૭૨,૦૦૦/-નું ખરીદ કરવામાં આવેલ છે.
- AFFF ફોમ કમ્પાઉન્ડ - 5000 લીટર રૂ. ૩,૬૦,૦૦૦/-નું ખરીદ કરવામાં આવેલ છે.
- ૨-નંગ ફાયર ટાંકી –રૂ. ૧૩,૯૦,૦૦૦/- ખર્ચ કરી તૈયાર કરેલ છે.

➢ અગ્નિશમન અને તાત્કાલિક સેવાઓદ્વારા લેવાલાયલ હાથપરના કામ .

- ખરીદ કરવામાં આવેલ ૯ નંગ ચેસીસ ઉપર રૂ.૬૨,૫૫,૦૦૦/- ના ઓર્ડરથી વોટર ટેન્કરના ફેબ્રીકેશનનું કામ ચાલુ છે. જેમાંથી ૭ નંગ ચેસીસ ઉપર ફેબ્રિકેશન કામ હાથ પર છે.
- ૧૮ કે. એલ. વોટર બાઉઝર રૂ. ૧,૫૦,૦૦,૦૦૦/- ખર્ચ કરી વસાવવામાં આવનાર છે.
- ૧૨ એડવાન્સ વોટર ટેન્ડર રૂ .૭,૨૦,૦૦,૦૦૦ -/ખર્ચ કરી વસાવવામાં આવનાર છે.
- ૮ મીની ફાયર ટેન્ડર રૂ .૨,૮૦,૦૦,૦૦૦ -/ખર્ચ કરી વસાવવામાં આવનાર છે.

- ૩ નંગ જીપ રૂ .૩૦,૦૦,૦૦૦ -/ખર્ચ કરી વસાવવામાં આવનાર છે.
- ૧૫ નંગ વોટર ટેન્કર રૂ. ૩,૭૯,૫૦,૦૦૦ -/ખર્ચ કરી વસાવવામાં આવનાર છે.

➢ **<u>અગ્નિશમન અને તાત્કાલિક સેવાઓ૨૦૧૬-૧૭ ના વર્ષનું આયોજન અંગેની માહિતી .</u>**

- ૨-નંગ ૪૨ મીટર ઉંચાઈ માટે હાઈડ્રોલીક પ્લેટફોર્મ ડી.જી.એસ. એન્ડ ડી. (DGS&D) રેટ થી ખરીદ કરવાનું આયોજન કરવામાં આવેલ છે.
- ૧-નંગ ૯૦ મિટર ઉચાઈ વાળી હાઈડ્રોલીક એલીવેટેડ પ્લેટફોર્મ ખરીદ કરવાનું આયોજન છે.
- ૧-નંગ હેઝમેટ વાન
- ડ્રોન
- ૧૬ બાઈક વીથ વોટર મીસ્ટ
- ૬ નંગ પોઝીટીવ પ્રેશર વેન્ટીલેટર ફેન.
- ઓફ રોડ વ્હીકલ
- વોટર સ્કુટર્સ
- ૪-નંગ મલ્ટી પરપજ રેસક્યુ વાન વીથ ક્રેન
- ફાયબર બોટ નાની (સર્ચ એન્ડ સર્વે પરપજ,One & Two Sitter)
- સ્પીડ બોટ (સ્પેશીયલ ફોર ફ્લડ રેસક્યુ)
- કોમ્યુનીકેશન વાન (ઓન સાઈટ કંટ્રોલ રૂમ)
- આર. આઈ. વી. (રેપીડ ઈન્ટરવેન્શન વ્હીકલ ફોર વીઆઈપી એન્ડ વીવીઆઈપી મુવમેન્ટ)

➢ **<u>અગ્નિશમન અને તાત્કાલિક સેવાઓવિભાગના ફાયર સ્ટેશનને અદ્યતન બનાવવા માટેનું આયોજન અંગેની માહિતી.</u>**

- પાણીગેટ ફાયર સ્ટેશન ખાતે સર સૈનિક, સૈનિક તથા ડ્રાઈવર ૨૪ કલાક ઈમરજન્સી સમયે મળી રહે તે માટે કર્મચારીઓને રહેવા માટેના 40 સ્ટાફ ક્વાર્ટર બાંધવાનું કામ હાથ પર છે.
- ગાજરાવાડી ફાયર સ્ટેશનને હાલ જે જગ્યાએ છે ત્યાંથી ડભોઈ રોડ નવીન અદ્યતન ફાયર સ્ટેશન બનાવી ૨૪ કલાક સર સૈનિક, સૈનિક તથા ડ્રાઈવર મળી રહે તે માટે સ્ટાફ ક્વાર્ટર તથા સ્ટેશન ઓફિસર માટે સ્ટાફ ક્વાર્ટર બનાવવાની કામગીરી હાથ પર છે.
- હયાત ૬ ફાયર સ્ટેશન ખાતે ડીસપ્લે બોર્ડ બનાવવાની કામગીરી હાથ છે.
  (૧) ગોત્રી – સેવાસી રોડ,
  (૨) વાસણા – ભાયલી રોડ,
  (૩) કલાલી – તલસટ રોડ,
  (૪) માણેજા તથા
  (૫) ગોલ્ડન ચોકડી રોડ
  જેવા સ્થળે નવીન ફાયર સ્ટેશન બનાવવાનું આયોજન છે.

૨૧) આઇ.ટી .ડીપાર્ટમેન્ટ :

➢ **સને ૨૦૧૫-૧૬ દરમ્યાન થયેલ નોંધપાત્ર કામગીરીની વિગતઃ**

- પ્રોફેશનલ ટેક્ષ તથા ગુમાસ્તાધારાના પેમેન્ટ કરદાતા ઇન્ટરનેટ દ્વારા ઓનલાઇન ઇ-પેમેન્ટ લગત જરૂરી સુવિધા ચાલુ કરવામાં આવેલ છે.
- સામાન્ય વહિવટ વિભાગ માટે, વિવિધ જગ્યાઓની ભરતી) રીક્રુટમેન્ટ (માટે ઓનલાઇન અરજી કરી શકે તથા તે માટે ની ફી પણ ઓનલાઇન ચૂકવી શકે તેવી વ્યવસ્થા કરવામાં આવેલ છે .અત્યાર સુધી મેન્યુઅલ અરજીઓ મંગાવવામાં આવતી હતી.
- આરોગ્ય શાખાના ફુડ ડીપાર્ટમેન્ટ માટે, નાગરિકો દ્વારા ઓનલાઇન ફુડ લાઇસન્સ મળે તેવી વ્યવસ્થા કરવામાં આવેલ છે.
- ગુમાસ્તા ધારા હેઠળના લાઇસન્સ ઓનલાઇન મળે તેવી વ્યવસ્થા કરવામાં આવેલ છે.
- પ્રોપર્ટી ટેક્ષ રીસીવીંગ માટે KIOSK ટચસ્ક્રીન મશીનો દરેક ઝોનમાં મુકવામાં આવેલ છે .
- ઇન્ટરનેટના યુગમાં વડોદરા મહાનગર પાલિકાના અધિકારીઓના ઇ-મેઇલ એડ્રેસ, પાલિકાના વેબ ડોમેઇન vmc.gov.in ઉપર જે તે અધિકારીના નામ જોગ કે હોદ્દા જોગ કરવાની કામગીરી કરવામાં આવેલ છે .
- પેપરલેસ કોન્સેપ્ટના ભાગરૂપે ઇન્ટ્રાનેટ બનાવવામાં આવેલ છે જેના થકી ડોક્યુમેન્ટ્સ, લેટર, ઠરાવ, હુકમ વિગેરે અપલોડ કરી શકાશે .ઇન્ટ્રાનેટ ઉપર કર્મચારી/અધિકારીઓની જન્મતારીખની માહિતી પણ રોજે-રોજ મળી રહે છે .
- ફાઇલ ટ્રેકીંગ સિસ્ટમ બનાવવામાં આવેલ છે જેના થકી જે તે ખાતાની ફાઇલ ક્યાં છે, કોની પાસે છે, કેટલા સમયથી છે, ક્યા કારણોસર રીજેક્ટ થયેલ છે વિગેરે ત્વરીત રીતે જાણી શકાશે .
- તમામ વિભાગો માટે Complete Integrated System (ERP) તૈયાર ફરવાનું આયોજન હાથ ધરવામાં આવનાર છે. સદર કામ ટેન્ડર પ્રક્રિયા હેઠળ છે.
- Geographical Information System (GIS) થકી પ્રોપર્ટી ટેક્ષ, જમીનના રીઝર્વેશન, ફાળવણી, વિગેરે ની માહિતી GIS દ્વારા ત્વરીત ઉપલબ્ધ થઇ શકશે. હાલમાંજ સદર કામ અંગેનો વર્ક ઓર્ડર આપવામાં આવેલ છે .
- SCADA (Supervisory Control and Data Acaquisition) થકી પાણીના લેવલ, પાણીનું કન્ટ્રોલ, મેઇન્ટેનન્સ વિગેરેનું ઓનલાઇન મોનીટરીંગ કરી શકાશે .શહેરમાં પાણીનું પ્રોપર ડીસ્ટ્રીબ્યુશન તથા પાણીનો બગાડ અટકાવી શકાશે .સદર કામના ટેન્ડર ટૂંક સમયમાં ખોલવામાં આવનાર છે.
- M-Governance ના ભાગરૂપે મોબાઇલમાં બધી એપ્લીકેશન, એક કોમન પ્લેટફોર્મ ઉપર એપ્લીકેશનમાં ઉપલબ્ધ કરાવવામાં આવેલ છે.

➢ **<u>સને ૨૦૧૬-૧૭ દરમ્યાન આયોજીત નોંધપાત્ર કામગીરીની વિગતઃ</u>**

- વડોદરા મહાનગર પાલિકામાં એક ડેટા સેન્ટર ઉભુ કરવામાં આવનાર છે, જેમાં DR સાઇટ પણ હશે .સદર ડેટા સેન્ટરમાં PAC, Power Backup, Alarm System વિગેરે હશે .
- વડોદરા મહાનગર પાલિકાના વિવિધ વિભાગો માટે એક કોમન મલ્ટી ફન્કશન પ્રિન્ટર ભાડે લેવામાં આવશે જેના થકી પેપરની બચત થશે તથા પ્રિન્ટરના મેઇન્ટેનન્સ પણ નહીં આવે જેનો પ્રાયોગિક ધોરણે શરૂઆત કરવામાં આવનાર છે.
- મહાનગર સેવા સદનના વિવિધ વિભાગોના દસ લાખથી ઓછી કિંમતના ટેન્ડર ઇ-પ્રોક્યોરમેન્ટ થી કરવામાં આવનાર છે.
- વડોદરા શહેરના સયાજીબાગમાં આવેલ વૃક્ષો, નાના છોડ, ફુલ છોડ તથા અન્ય વનસ્પતિઓની વિવિધ માહિતી, મેળવવા માટે GPS બેઝ્ડ મોબાઇલ એપ્લીકેશન તૈયાર કરવામાં આવનાર છે.
- Geographical Information System (GIS) તૈયાર ફરવાનું આયોજન છે, જેના થકી પ્રોપર્ટી ટેક્ષ લગતની તમામ માહિતી સરળતાથી અને ત્વરિત મળી શકશે .આ ઉપરાંત, જમીનના રીઝર્વેશન, ફાળવણી, વિગેરે ની માહિતી તથા આપણી મિલ્ફતો સંબંધિત તમામ માહિતી GIS દ્વારા ત્વરીત ઉપલબ્ધ થઇ શફશે. મીસીંગ પ્રોપર્ટી તથા આખા વડોદરાની પ્રોપર્ટીની માહિતી મળશે તથા ડ્રેનેજ, સ્ટ્રીટલાઇટ, પાણીની માહિતી તાત્કાલીક મળશે .
- Integrated Common Platform બનશે, ડેટાનું ડુપ્લીકેશન અટકશે તથા તમામ ડિપાર્ટમેન્ટ Fully Computerised થશે .
- હાલમાં પ્રોપર્ટી ટેક્ષની વસુલાત Axis Bank, ICICI Bank અને HDFC Bankમાં લેવામાં આવે છે, ભવિષ્યમાં અન્ય બીજી બેન્કોની શાખાઓમાં પેમેન્ટની સુવિધા ચાલુ કરાવવાનું આયોજન કરવામાં આવનાર છે .બીજી બેન્કો સાથે ચર્ચા ચાલુ છે) .BOB, Indusand Bank સાથે Tie-up ચાલુ છે.)

૨૨) <u>નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ, વડોદરા</u> :

વડોદરા શહેરના ભાવિ નાગરીકોનો વિકાસનો પાયો મજ્બુત કરવા શિક્ષણ ક્ષેત્રે પણ સેવા સદન દ્વારા મહત્વની કામગીરી અવિરત ચાલુ રાખેલી છે .સેવા સદન દ્વારા નગર પ્રાથમિક શિક્ષણ સમિતિમાં વિદ્યાર્થીઓને સારી સુવિધા સહ સારુ શિક્ષણ મળી રહે તે માટે વિવિધ કાર્યવાહી સને ૨૦૧૫-૧૬માં કરવામાં આવી છે .તેમજ સને ૨૦૧૬-૧૭માં પણ કરવામાં આવનાર છે.

સમિતિની શાળાઓમાં સ્કાઉટગાઇડની વિવિધ પ્રવૃતિઓ તથા સરકારશ્રી તરફથી નગર પ્રાથમિક શિક્ષણ સમિતિને સ્કાઉટ ગાઇડનું અલગ યુનિટ પણ આપવામાં આવેલ છે. સમિતિના બાળકોને કોમ્પ્યુટર શિક્ષણ,બૌધ્ધિક વિકાસની તાલીમ, સ્કાઉટ ગાઇડ્ની પ્રવૃતિઓ,યોગા તથા મલખમ, કરાટે જેવી કસરતો વગેરે તાલિમ આપવામાં આવે છે. સમિતિના તમામ બાળકોને પ૭

GSM થ્રી પીનીંગ વાળી લેમીનેશન કરી સમિતિના લોગો વાળી નોટબુકો આપવામાં આવેલ છે . તેમજ ચાલુ વર્ષ થી ખાનગી શાળાઓમાં અભ્યાસ કરતા બાળકો ને આપવામાં આવતી લેશન ડાયરીઓ ની જેમ શિક્ષણ સમિતિની શાળાઓ માં અભ્યાસ કરતા ધોરણ ૬ થી ૮ના બાળકોને સમિતિના લોગો સાથેની લેમીનેશનવાળી ડાયરીઓ તેમજ લેમીનેશન વાળા (આઇ કાર્ડ) ઓળખકાર્ડ આપવામાં આવેલ છે

સમિતિની શાળાઓની સેફ્ટી માટે સી.સી.ટી.વી .કેમેરા પણ લગાવવામાં આવેલ છે. નવિન શૈક્ષણિક સત્ર થી ધોરણ-૧ માં નવિન પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓ માટે શૈક્ષણિક કીટ, સ્કુલબેગ, વોટર બેગ, નોટબુક, પાઠ્ય પુસ્તકો, તેમજ બુટ-મોજા વિગેરે આપવામાં આવેલ છે. સમિતિની શાળાઓમાં અભ્યાસ કરતા તમામ બાળકોને શૈક્ષણિક તેમજ સાંસ્કૃતિક પ્રવાસ જવા માટેનો ખર્ચ સેવાસદન સંચાલિત નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ દ્વારા કરવામાં આવે છે. તથા મધ્યાહ્ન ભોજન યોજના હેઠળ અક્ષયપાત્ર સંસ્થા દ્વારા સેવાસદન સંચાલિત નગર પ્રાથમિક શિક્ષણ સમિતિની શાળાઓમાં બાળકોને પુરતા પ્રમાણમાં પૌષ્ટીક, તાજો,ગરમ, આહાર પુરો પાડવાનું અવિરતપણે ચાલુ રહેલ છે. શાળાઓના બાળકોના શારીરિક અને માનસિક વિકાસ થાય તે હેતુ માટે બાલ ક્રિડાંગણ હિંચકા, લપસણી, મલ્ટીપ્લે, ક્રિકેટ કીટ, ચેસ,કેરમ બોર્ડ, ફુટબોલ. તથા કન્યાઓ માટે કુદવાની દોરી, ફુલ રેકેટ, ફલાઇંગડીસ, હોલાહુપ રીંગ વિગેરે ખરીદીને આપવામાં આવે છે .સમિતિની તમામ શાળાઓમાં બાયોમેટ્રીક એટેન્ડન્સ સિસ્ટમ, ઓટોબેલ, તેમજ કચેરીમાં ટુ વે કોમ્યુનિકેશન સિસ્ટમ અને વિડીયો કોન્ફરન્સીંગ ઉપરાંત શૈક્ષણિક સોફટવેર, દેશવિદેશની જાણકારી હેતુ શાળાઓમાં ટેલીફોન– ઇન્ટરનેટ સુવિધા પણ ઉપલબ્ધ કરાવવામાં આવેલ છે .તથા સમિતિની ૪ શાળાઓમાં સ્માર્ટ ક્લાસ શરૂ કરવામાં આવેલ છે .વડોદરા મહાનગર સેવા સદન સંચાલિંત નગર પ્રાથમિક શિક્ષણ સમિતિની બાલવાડીઓના બાળકોને પૌષ્ટીક, સ્વાસ્થ્યવર્ધક અને બાળકોને રુચિકર નાસ્તો આપવામાં આવે છે. તેમજ નગર પ્રાથમિક શિક્ષણ સમિતિની બાલવાડીઓના બાળકોની આગવી ઓળખ ઉભી થાય તે હેતુ થી બાલવાડીઓના બાળકોને ડ્રેસ તથા બુટ મોજા આપવામાં આવેલ છે .તેમજ બાલવાડીઓ ના બાળકો ને રમત ગમત ના સાધનો પણ આપવામાં આવેલ છે .સમિતિની શાળાઓના બાળકોના આરોગ્યને ધ્યાનમાં રાખીને બાળકોનેશુધ્ધ પીવાનું પાણી મળી રહે તે હેતુસર સમિતિની તમામ શાળાઓની ઓવરહેડ તથા અન્ડર ગ્રાઉન્ડ ટાંકીઓની સફાઇ કરાવવામાં આવે છે. સમિતિની શાળાઓમાં આગ અક્સ્માત નિવારણ માટે ફાયર સેફટીના સાધનો મુકવામાં આવેલા છે

વડોદરા શહેરમાં નવિન ૪ શાળાઓના મકાન તૈયાર કરવામાં આવેલા છે .સ્વચ્છ ભારત સ્વસ્થ ભારત અભિયાન અંતર્ગત સમિતિની તમામ શાળાઓની સ્વચ્છતા-સફાઇ માટે જરુરી સેનેટરીના સાધનો આપવામાં આવેલ છે. ચાલુ નોકરી દરમ્યાન અવસાન પામનાર કર્મચારીઓના આશ્રિત કુટુંબને સહાયરુપ થવા ચાર લાખ સુધીની સહાય આપવામાં આવે છે

સમિતિ માંથી નિવૃત ગુરૂજનોના બહુમાન માટે ૫ મી સપ્ટેમ્બર ના શિક્ષક દિને ખુબ મોટા પાયે કાર્યક્રમ કરવામાં આવે છે .સમિતિના બાળકો જ્ઞાન સાથે ગમ્મત મળે અને વધુ પ્રોત્સાહન મળી રહે તે હેતુથી વિવિધ પ્રકારના વિજ્ઞાનમેળા અને સરસ મજાનો બાળમેળો અને જે બાળમેળામાં દરેક પ્રવૃતિ બાળકો દ્વારાજ કરવામાં આવે છે .જે ગુજરાત રાજ્યમાં ફકત વડોદરા મહાનગર સેવા સદન સંચાલિત નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ દ્વારા જ કરવામાં આવે છે .જેને નિહાળવા દેશ વિદેશથી પણ લોકો આવે છે .જે વડોદરા મહાનગર માટે ગૌરવ સમાન છે

૨૩) <u>આકારણી</u> :

- ધી જી.પી.એમ.સી. એકટ ૧૯૪૯ ના કરવેરાના નિયમોની જોગવાઇને આધિન સમગ્ર સભાની મંજુરીથી દર વર્ષે એક ઝોનમાં આવેલી મિલકતોનો ડોર ટુ ડોર સર્વે કરાવી આકારણી રજીસ્ટર અદ્યતન કરવામાં આવે છે. સને ૨૦૧૪-૧૫ ના વર્ષમાં દક્ષિણ ઝોનમાં આવેલ વહીવટી વોર્ડ નં.૩,૪ અને ૧૨ ના વિસ્તારમાં આવેલી મિલકતોની રીવીઝન આકારણી કરવામાં આવી રહેલી છે અને બજેટ વર્ષમાં પશ્ચિમ ઝોનની રીવીઝન આકારણી કરવામાં આવશે.
- ધી જી.પી.એમ.સી. એકટની કલમ-૧૪૧(એએ)(એ) મુજબ પાણી કરના લઘુત્તમ દરને સરકારશ્રી તરફથી મંજુરી મળી ગયેલ છે અને તેનો સફળતાપૂર્વક સને ૨૦૧૪-૧૫ થી અમલ કરવામાં આવે છે.
- પ્રોપર્ટી ટેક્ષની વસુલાત માટે ICICI Bank, HDFC Bank અને Axix Bank ની વડોદરા શહેરની કોઇપણ શાખાઓમાં પેમેન્ટની સુવિધા ચાલુ કરવામાં આવેલ છે. તદુપરાંત NEFT-RTGS દ્વારા, ICICI Bank માં રજીસ્ટ્રેશન કરાવી ICICI Bank ના ATM દ્વારા અને Mobile Application દ્વારા તેમજ વડોદરા મહાનગરપાલિકાની ઓફિશીયલ વેબસાઇટ www.vmc.gov.in / www.vmcegov.com પરથી ક્રેડીટ / ડેબીટ કાર્ડ / નેટ બેન્કીંગથી પણ પ્રોપર્ટી ટેક્ષ ભરી શકાય તેવી સુવિધા ચાલુ કરેલ છે. તથા સીનીયર સીટીઝન હોય તેવા કરદાતાઓને ઘેર બેઠા ટેક્ષ ભરી શકે તેવી સુવિધા ICICI Bank ના સહયોગથી શરૂ કરવામાં આવેલી છે. આ માટે કરદાતાએ ટોલ ફ્રી નંબર-૧૮૦૦ ૨૩૩ ૦૨૬૫ ઉપર સંપર્ક કરવાનો રહેશે. આમ કરદાતાઓને વેરો ભરવામાં કોઇપણ પ્રકારની મુશ્કેલી ન પડે તેવી તમામ સુવિધાઓનો ઉપયોગ કરવામાં આવી રહેલ છે.
- આજીવન વાહન કરની મહત્તમ વસુલાત થાય તે માટે વાહન કરની પવતી જોઇને જ નવા વાહનનું રજીસ્ટ્રેશન થાય તે પ્રકારનું સંકલન આર.ટી.ઓ. કચેરી સાથે કરવામાં આવેલ છે. વધુમાં કરદાતાઓની સુવિધા માટે તમામ વોર્ડ કચેરીઓમાં પણ વાહન કર ભરી શકાય તેવી વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. સદર વ્યવસ્થાને કારણે આજીવન વાહન કરની વસુલાતમાં નોંધપાત્ર સિધ્ધી પ્રાપ્ત થયેલી છે.

- સને ૨૦૧૪-૧૫ના વર્ષમાં સરકારશ્રી તરફથી જાહેરનામા ક્રમાંક:જીએસટી/૨૦૧૪/૨૩/ એમએનઆર/૧૦૨૦૧૪/૯૬૮/A મુજબ કેબલ મનોરંજન કરની વસુલાત કરવાની સત્તાઓ કોર્પોરેશન હસ્તક આપવામાં આવેલી છે. સદર જોગવાઇ અનુસાર શહેરના મુખ્ય કેબલ ઓપરેટરો પાસેથી સદર વેરો ત્રિમાસિક ધોરણે પ્રતિ કનેકશન દીઠ માસિક રૂ.૬/- પ્રમાણે ૧૦૦ કનેકશનની સંખ્યાના ગુણાંકમાં વસુલ કરવામાં આવે છે.

  હાલમાં વડોદરા શહેરના ૩ મુખ્ય કેબલ ઓપરેટર જી.ટી.પી.એલ., ડેન તથા ઇનકેબલના કનેકશનની માહિતી કલેકટરશ્રીની કચેરી દ્વારા માહે માર્ચ-૨૦૧૪ માસમાં કરેલ સર્વે અનુસારની યાદી સાથે કોર્પોરેશનને સુપ્રત કરવામાં આવેલ છે. ત્યારબાદ અત્રેના સર્વે મુજબ કનેકશનમાં થયેલ વધારા અનુસાર કેબલ મનોરંજન કરની વસુલાત શરૂ કરવામાં આવેલ છે. સદર કામે વાર્ષિક રૂ.૧.૨૦ કરોડ જેટલી આવક ડીસેમ્બર-૨૦૧૫ સુધીમાં થયેલી છે.
- સને ૨૦૧૫-૧૬ ના વર્ષમાં બજેટ લક્ષ્યાંક કરતાં વધુ રકમ વસુલ આવે અને કરદાતાઓને મુશ્કેલી ન પડે તેવા સંનિષ્ઠ પ્રયાસોથી માહે ડીસેમ્બર-૨૦૧૫ સુધીમાં બજેટ લક્ષ્યાંક સામે થયેલી વિવિધ વેરાની આવક નોંધપાત્ર થયેલી છે.

૨૪) <u>સામાન્ય વહીવટ વિભાગ</u> :

- વડોદરા મહાનગરપાલિકાના વર્ગ-૧ થી ૩ ની મહત્વની અને જવાબદારીવાળી તાંત્રિક/ બિનતાંત્રિક વિવિધ-૩૧ સંવર્ગની કુલ-૨૯૨ જગ્યાઓ ભરવા માટે સૌ પ્રથમવાર ઓન લાઇન અરજીઓ મંગાવવામાં આવેલ. જે અન્વયેની આગળની વહીવટી કાર્યવાહી હાથ ઉપર છે.
- રાજય સરકારશ્રી દ્વારા મળેલ મંજુરી અન્વયે ડે. મ્યુનિ. કમિશ્નરની -૦૩, એડી. સીટી એન્જીનીયરની -૦૨, કાર્યપાલક ઇજનેરની -૦૫ નવી જગ્યા ઉપસ્થિત કરવામાં આવી.
- જુની. કલાર્કની ચોથા વર્ગમાંથી આંતરીક પસંદગીથી જગ્યા ભરવા માટે અરજીઓ મંગાવવામાં આવેલ અને નિમણુંક આપવામાં આવેલ છે.
- સબ સેનેટરી ઇન્સ્પેકટરની જગ્યાઓ આંતરિક ભરતીથી ભરવામાં આવી તથા સીની સેનેટરી તથા સેનેટરી ઈન્સ્પેકટરની જગ્યાઓ ઉપર બઢતી આપવામાં આવેલ છે.
- વડોદરા મહાનગરપાલિકાના અધિકારીઓને સ્ટ્રેટેજીક પ્રોગ્રામ ફોર ધ કલીનટેક વિષય ઉપર તાલીમ માટે **ફીનલેન્ડ** ખાતે મોકલવામાં આવેલ. ઉપરાંત વિવિધ વિષય ઉપર સેમીનાર, વર્કશોપમાં તાલીમ અર્થે ન્યુ દિલ્હી, નોઇડા, ગોવા,જયપુર ખાતે અધિકારીઓને મોકલવામાં આવેલ છે.

૨૫) યુ.સી.ડી.પ્રોજેક્ટ :

➢ રાષ્ટ્રીય શહેરી આજીવિકા મિશન

ભારત સરકારની આર્થિક બાબતો અંગેની મંત્રી મંડળની સમીતિએ તા .૩જી સપ્ટેમ્બર, ૨૦૧૩ના રોજ મળેલ બેઠકમાં કેન્દ્રીય પુરસ્કૃત સુવર્ણ જયંતિ શહેરી રોજગાર યોજના (SJSRY) નું ૧૨મી પંચવર્ષીય યોજનામાં પુન :ઘડતર અને તેનું" રાષ્ટ્રીય શહેરી આજીવિકા મિશન) "NULM) તરીકે પુન :નામાભિધાન કરેલ છે .

હેતુ :

- શહેરી ગરીબો માટે તેમની આજીવિકામાં ટકાઉ ધોરણે ઉલ્લેખનીય સુધારામાં પરીણમે તેવી ઉપજાઉ સ્વ-રોજગારી અને આવક આપતી કૌશલ્ય મહેનતાણાની તકો પ્રાપ્ત કરવા માટે સક્ષમ બનાવીને, શહેરી ગરીબ કુટુંબોની ગરીબી અને આર્થિક પરાવલંબનતા ઘટાડવાનો, શહેરી ઘર વિહોણા લોકોને તબક્કાવાર આવશ્યક સેવાઓથી સજ્જ હોય એવા આશ્રયો પૂરાં પાડવાનું તથા શહેરી ફેરિયાઓને યોગ્ય જગ્યા , સંસ્થાગત ધિરાણ, સામાજીક સુરક્ષા અને કૌશલ્યો સુલભ બનાવવાનુ ધ્યેય છે.

લાભાર્થી :

- એન.યુ.એલ.એમ.નું મુખ્ય લક્ષ્યાંક જૂથ શહેરી ગરીબો છે, જેમાં ઘરવિહોણા શહેરી લોકોનો સમાવેશ થાય છે .શહેરી ગરીબની પરખ કરવા માટે સામાજિક આર્થિક અને જાતિ વિષયક વસ્તીગણતરી (SECC) ૨૦૧૧ ચાલુ છે .તદનુસાર, વચગાળાના ઉપાય તરીકે એન.યુ.એલ.એમ.નું લક્ષ્યાંક જૂથ હાલમાં રાજ્યો/સંઘ પ્રદેશો દ્વારા પારખવામાં આવેલ શહેરી વિસ્તારમાં ગરીબી રેખા હેઠળ જીવતા લોકો હશે .આ વ્યાપમાં વધારો કરીને તેમાં અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત આદિજાતિઓ, સ્ત્રીઓ, અલ્પસંખ્યકો વિકલાંગો વગેરેનો સમાવેશ કરવામાં આવશે .આ વધારો ઉપર જણાવેલ શહેરી ગરીબોની વધુમાં વધુ ૨૫ ટકા સંખ્યા સુધી મર્યાદીત રાખવામાં આવેલ છે .

સદર યોજના હેઠળ નીચે મુજબના ઘટકો સમાયેલા છે :

૧) સામાજીક ગતિશીલતા અને સંસ્થાગત વિકાસ (Social Mobilisation & Institutional Development)

અસરકારક અને નિરંતર ધોરણે ગરીબી ઘટાડવા માટેના કાર્યક્રમના સંદર્ભમાં શહેરી ગરીબ કુટુંબોને તેઓની પોતાની સંસ્થાઓ રચવા માટે ગતિશીલ બનાવી તેઓના સ્વ-સહાય જુથો રચવાનુ અને આ સ્વ-સહાય જુથોના ફેડરેશન બનાવવાનુ આ ઘટક અંતર્ગત વિચારાયુ છે. શહેરના ગરીબ સ્વ-સહાય જૂથોને એક વખત રૂ.૧૦,૦૦૦ની ફરતા ભંડોળની સહાય પૂરી પાડવામાં આવશે .સ્વસહાય જૂથના નોંધણી કરાયેલ વિસ્તાર કક્ષાના ફેડરેશનને એક વખતની રૂ.૫૦,૦૦૦ જેટલી ફરતા ભંડોળની સહાય પૂરી પડાશે .

<u>શહેરી આજીવિકા કેન્દ્ર :</u>

શહેરના મધ્યમ અને ઉચ્ચતર આવક જૂથના લોકોને સલામતી, સુથારીકામ, માળીકામ, બાંધકામ, પ્લમ્બીંગ કામ, ઇલેક્ટ્રીક કામ, આરોગ્ય સંભાળમાં સહાય, ઘરની સંભાળ અને એકંદર વ્યવસ્થાનું સંચાલન વગેરે જેવી સેવાઓની રોજીંદા જીવનમાં જરૂરીયાત હોય છે . શહેર કક્ષાએ શહેરના આજીવિકા કેન્દ્રો દ્વારા રોજીંદા જીવનમાં ઊભા થતી સમસ્યાઓ તથા તકલીફો દૂર કરવાનો પ્રયાસ કરવામાં આવેલ છે .શહેરના ગરીબો પોતાના ઉત્પાદનો અને સેવાઓ સંગઠીત રીતે સંભવિત ખરીદદારો એટલે કે શહેરના આજીવિકા કેન્દ્રોને આપી શકે. શહેરના આજીવિકા કેન્દ્રો શહેરના ગરીબો દ્વારા ઉત્પાદિત માલ અને સેવાઓની માંગ અને પુરવઠા વચ્ચેનું અંતર દૂર કરી તેમને જોડવા પ્રયત્ન કરશે.

ક્રમ	વિગત	ડિસેમ્બર-૨૦૧૫ સુધીની સિધ્ધિ
૧	રચના કરેલ સ્વ-સહાય જૂથોની કુલ સંખ્યા	૧૯૯

૨) ક્ષમતા ઘડતર અને તાલીમ) Capacity Building & Training)

સદર ઘટકનો મુખ્ય હેતુ કેન્દ્ર, રાજ્ય અને શહેર સ્તરોએ સમયસર ઉચ્ચ ગુણવતાપુર્ણ ટેકનીકલ સહાય ઉભી કરવાનો છે. રાજય દ્વારા GULM ગુજરાત અર્બન લાઇવલીહુડ મિશન પ્રસ્થાપિત કરવામાં આવેલ છે જે રાજ્યકક્ષાએ NULM ના અમલીકરણ માટે નોડલ એજન્સી તરીકે કાર્યરત છે .તાલીમ અને ક્ષમતા ઘડતર માટે મિશન મેનેજમેન્ટ યુનિટ કેન્દ્ર , રાજ્ય તથા શહેરી કક્ષાએ મદદ કરશે.

૩) ક્ષમતા સંબંધી તાલીમ અને પ્લેસમેન્ટ દ્વારા રોજગાર (Employment through Skill Training and Placement)

ક્ષમતા સંબધી તાલીમ અને પ્લેસમેન્ટ દ્વારા રોજગાર ઘટક હેઠળ બજારમાંથી ઉભી થતી ક્ષમતાસંબધી માગણી મુજબ શહેરી ગરીબને તાલીમ પુરી પાડવાનો ઇરાદો છે, જેથી તેઓ પોતાના સ્વરોજગાર ઉભા કરી શકે અથવા વેતનપાત્ર રોજગાર મેળવી શકે.

ક્રમ	વિગત	ડિસેમ્બર-૨૦૧૫ સુધીની સિધ્ધિ
૧	નામાંકન કરેલ તાલીમાર્થીઓની સંખ્યા	૬૩૦
૨	તાલીમ પૂર્ણ કરેલ તાલીમાર્થીઓની સંખ્યા	૧૮૯
૩	પરીક્ષા પૂર્ણ કરેલ તાલીમાર્થીઓની સંખ્યા	૧૦૦

૪) સ્વ રોજગાર કાર્યક્રમ (Self Employment Program)

સ્વરોજગાર ઘટક હેઠળ શહેરી ગરીબ વ્યક્તિઓ/જુથોના કૌશલ્યો, તાલીમ, વિશેષ અભિરૂચિ અને સ્થાનિક પરિસ્થિતિને અનુકુળ હોય એવા લાભપ્રદ સ્વરોજગાર સાહસો/લઘુઉધોગ સાહસો ઉભા કરવા માટે નાણાંકીય સહાય પુરી પાડવા ઉપર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવેલ છે .પ્રોજેક્ટના ખર્ચની ટોચ મર્યાદા વ્યક્તિગત સાહસો માટે રૂ ૨.૦૦

લાખ અને જુથ સાહસો માટે રૂ ૧૦.૦૦ લાખ રહેશે .વ્યક્તિગત અથવા જુથ સાહસ ઉભુ કરવા માટે ૭%ના વ્યાજદર પર વ્યાજુકી સહાય ઉપલબ્ધ કરવામાં આવે છે .

ક્રમ	વિગત	ડિસેમ્બર-૨૦૧૫ સુધીની સિધ્ધિ
૧	બેંકમાં મોકલાવેલ કુલ અરજીઓની સંખ્યા	૫૮૪
૨	મંજૂર થયેલ કુલ અરજીઓની સંખ્યા	૮૮
૩	નામંજૂર થયેલ કુલ અરજીઓની સંખ્યા	૬૦
૪	બેંકમાં પડતર રહેલ કુલ અરજીઓની સંખ્યા	૪૩૬

૫) શહેરી ફેરિયાઓને સહાય (Support to Urban Street Vendors)

આ ઘટક અંતર્ગત ફેરીયાઓને કૌશલ્યો શીખવા, લઘુ સાહસો ઉભાં કરવામાં સહાય કરવા, ધિરાણ મેળવવા માટે સક્ષમ બનાવવા અને ફેરિયાઓના હિતમાં શહેરી આયોજન કરીને સામાજીક સુરક્ષા માટે મદદ કરવાની નેમ ધરાવે છે .

૬) ઘરવિહોણા શહેરી લોકો માટે આશ્રય યોજના (Scheme of Shelter for Urban Homeless)

શહેરી સમાજોના સૌથી ગરીબ વર્ગને આશ્રય અને અન્ય તમામ આવશ્યક સેવાઓ પુરી પાડવી .ઘરવિહોણા શહેરી લોકો માટેના આશ્રયો કાયમી બારમાસી ૨૪×૭ આવાસો હોવા જોઇએ .આવાસન આયોજનના હેતુ માટે વ્યક્તિદીઠ ઓછામાં ઓછી ૫૦ ચો.મી .ની જગ્યા પૂરી પાડવાનું વિચારી શકાય .ઘરવિહોણા શહેરી લોકોની આવકના સ્તરો પર આધાર રાખીને તેમની આવકના ૧/૧૦ થી ૧/૨૦ ભાગ જેટલા દરે મામૂલી ચાર્જ તેમની પાસેથી વસુલી શકાય જેથી લાભાર્થીઓની સંકલ્પબધ્ધતા ઉભી કરી શકાય .આ ભંડોળનો ઉપયોગ સુવિધાઓના નિભાવ માટે કરી શકાય .જે લોકો ચુકવણી કરવાની ક્ષમતા ધરાવતા ન હોય તેઓને પુરેપૂરી મુક્તિ આપવી.

<u>રાષ્ટ્રીય શહેરી આજીવિકા મિશન અંતર્ગત આગામી આયોજન</u> :

ઘટક	આયોજન
સામાજીક ગતિશીલતા અને સંસ્થાગત વિકાસ	૧૦૦ સ્વ-સહાય જૂથોની રચના કરવાનું આયોજન છે .
	૮ શહેરી આજીવિકા કેન્દ્રો સ્થાપવાની સૈધ્ધાંતિક મંજૂરી મળેલ છે જેમાંથી ૨ શહેરી આજીવિકા કેન્દ્રોની સ્થાપના કરવાનું આયોજન છે .
ક્ષમતા સંબંધી તાલીમ અને પ્લેસમેન્ટ દ્વારા રોજગાર	લગભગ ૫૦૦ નવા નામાંકન કરવાનું આયોજન છે .
સ્વ રોજગાર કાર્યક્રમ	નવિન ૨૫૦ અરજીઓ બેંકમાં મોકલવાનું આયોજન છે .
	નવી ૬૦ અરજીઓ મંજૂર થનાર છે .

૨૬) આઇ.સી.ડી.એસ પ્રોજેક્ટમાં કોર્પોરેશન દ્વારા આપવામાં આવતી સેવાઓ :

આંગણવાડીના બાળકોને ફ્લેવર્ડ મીલ્ક, શિંગ લાડુ, ફળ :

- વડોદરા મહાનગરપાલિકા દ્વારા વડોદરા શહેરની આંગણવાડી દરેક લાભાર્થી બાળકને આંગણવાડી કેન્દ્રમાં ફ્લેવર્ડ મીલ્ક, લાડુ) મગફળી અને ગોળ (અને ફળ) કેળા (આપવામાં આવે છે .જે આપવાથી બાળકોના કુપોષણમાં સુધારો જોવા મળ્યો છે.

સ્માર્ટ આંગણવાડી :

- વડોદરા મહાનગરપાલિકાની ૩૦૦ આંગણવાડી માટે સ્માર્ટફોનમાં" સ્માર્ટ આંગણવાડી " નામનુ સોફ્ટવેર તૈયાર કરી આપવામાં આવ્યુ છે .જે અંતર્ગત આંગણવાડીમાં આપવામાં આવતી વાસ્તુ અને બાળકોનું મોનિટેરિગ કરવામાં આવે છે.

"શેર ધ હેપ્પીનેશ:

- આઇ.સી.ડી.એસ વિભાગમાં આંગણવાડીના બાળકોને ડોનેશન મળી રહે તે માટે શેર ધ હેપ્પીનેસ નામની મોબાઇલ એપ કાર્યરત કરાવી છે .આ મોબાઇલ એપમાં નોંધણી કરાવનારનો સંદેશો મળ્યેથી આંગણવાડીમાં ડોનરના ઘરે અમારી વાન મોકલીને ફળ, કપડા, ચોપડીઓ, રમકડા જેવી વસ્તુ લઇ નજીકની આંગણવાડીમાં મોકલાય છે .અને તે વસ્તુ નો ફોટો ડોનરને મોકલવામાં આવે છે.

નવીન બાંધેલી આંગણવાડીમાં રંગરોગાન :

- કોર્પોરેશન દ્વારાઆઇ.સી.ડી.એસ .પ્રોજેક્ટ માટે બનાવેલ આંગણવાડી કેન્દ્રોમાં કોર્પોરેશન દ્વારા ૯૩ આંગણવાડીમાં પેઇન્ટીંગ કામ કરવામાં આવ્યું છે .આના થકી બાળકોનો બૌધિક અને ભાષાકિય વિકાસ સારો જોવા મળે છે.

આ સિવાય આઇ.સી.ડી.એસ પ્રોજેક્ટમાં તમામ ખર્ચ સરકારશ્રીની ૧૦૦ ટકા ગ્રાંટથી કરવામાં આવે છે .૩૦૩ આંગણવાડી કાર્યંવિત છે.

સને ૨૦૦૭-૦૮ થી ગુજરાત સરકારશ્રી દ્વારા ઓક્ટ્રોય નાબુદ કરી તે સામે ઓક્ટ્રોય વળતર ગ્રાંટ ફાળવવામાં આવે છે. ઓક્ટ્રોયની આવકના પ્રતિ વર્ષે થતા વધારા સામે ઓક્ટ્રોય વળતર ગ્રાંટમાં કોઇ વધારો કરાયેલ નથી. સને ૨૦૧૪ થી ગ્રાંટમાં ૧૦% જેવો નજીવો વધારો કરવામાં આવેલ છે. જે ઓક્ટ્રોયની આવકના ૧૮.૬૫% ના વધારા સામે ઘણો નજીવો વધારો મળી રહેલ છે. રેવન્યુ ખર્ચ, મહેકમ અને નિભાવણી ખર્ચના વધારા થકી, વર્ષો વર્ષ વધી રહેલ છે અને રેવન્યુ આવકનો તે સામે વધારો નજીવો રહે છે. આ સ્થિતિ યથાવત રહે તો મહાનગરપાલિકાની નાણાંકીય સધ્ધરતા પર અસર પડી શકે છે.

ગુજરાત સરકારશ્રી દ્વારા વિવિધ હેતુ માટે ગ્રાંટ મળવાના કારણે શહેરમાં ખૂબ મોટા પ્રમાણમાં વિકાસનાં કામો કરવામાં આવેલ છે. આવનારા દિવસોમાં આ કામોનો નિભાવણી ખર્ચ પણ કરવાનો થશે. અને આ આવશ્યક જવાબદારી છે. સરકારશ્રીની જુદી જુદી યોજનાઓ જેવી કે BSUP, NURM, MGY, RAY વિ. માં મહાનગરપાલિકાના મિશ્રિત ફાળા ઉપરાંત વધુ ફાળો આપવાનો થતો હોય છે. આ તમામ કામો થકી વધી રહેલ ખર્ચને પહોંચી વળવા માટે તથા નાણાંકીય સધ્ધરતા ટકાવી રાખવા નીચે મુજબના પગલાં જરૂરી બને છે.

1. ઓક્ટ્રોય વળતર ગ્રાંટમાં બજેટના વર્ષે ૧૫% થી ૨૦% નો વધારો મેળવવા જરૂરી રજુઆત કરવામાં આવે અને ગ્રાંટ મેળવવામાં આવે. અને ગ્રાન્ટ મેળવવામાં આવે અને આ અંગે દર વર્ષે વાર્ષિક વધારો આપવાનો નિતીવિષયક નિર્ણય ફોર્મ્યુલા સહિત લેવામાં આવે.
2. મહાનગરપાલિકા દ્વારા પુરી પાડવામાં આવતી સેવાઓ પાછળ થતા ખર્ચને પહોંચી વળવા જે તે સર્વિસના ચાર્જમાં યોગ્ય વધારો કરવામાં આવે.
3. મહાનગરપાલિકા મોટા પ્રોજેક્ટ કામો કરવામાં આવે તેવા કામો સરકારશ્રીની ગ્રાંટ મેળવી અથવા PPP ધોરણે અથવા રેવન્યુ બેઇજ મોડલ મુજબ કરવામાં આવે.
4. સરકારશ્રીની ગ્રાંટ થકી નવિન ઇન્ફ્રાસ્ટ્રક્ચર ઉભા કરવામાં આવે છે તેના સપ્રમાણમાં નિભાવણી ખર્ચ માટે પણ પ્રતિ વર્ષ ગ્રાંટ ફાળવવામાં આવે.

ઉપરોક્ત હકીકત ધ્યાને લેતાં જરૂરી એવા ખર્ચને પહોંચી વળવા સકારી નાણાંકીય સંસ્થાઓ પાસેથી લોન મેળવવામાં આવે તે જરૂરી બને છે. અગાઉ મંજૂર કરાયેલ રૂ. ૩૦૦ કરોડની લોન સામે મહાનગરપાલિકા દ્વારા રૂ. ૨૧૦ કરોડની લોન મેળવાયેલ છે. જે સામે ફક્ત રૂ. ૧૦૦ કરોડ ચૂકવવાના બાકી રહે છે. બજેટના વર્ષ દરમ્યાન પણ લોન મેળવવી જરૂરી બનતી હોઇ હાલ બાકી રહેલ રકમ ઉપરની વધુ રૂ. ૪૦૦ કરોડની લોન મેળવવા મંજૂરી મળવા વિનંતી છે.

<u>કર-દર પ્રસ્તાવના</u> :

વડોદરા મહાનગરપાલિકા શહેરની વિકાસની ગતિ ચાલુ રાખવા નિભાવણી ખર્ચમાં થઇ રહેલ નોંધપાત્ર વધારો અને તેની સામે રેવન્યુ આવકમાં નજીવો વધારો મળતો હોઇ મહેસુલી આવકના સંસાધનો વધારવાના ભાગરૂપે રેવન્યુ આવકમાં નજીવો વધારો કરવા કર-દર વધારાની દરખાસ્ત રજુ કરેલ છે.

સામાન્ય કર :

જી.પી.એમ.સી એક્ટની કલમ ૧૪૧ (એએ થી એફ) અનુસાર સને ૨૦૧૬-૧૭ ના વર્ષથી રહેણાંક સિવાયની મિલકતોના ઉપયોગ પરીબળના ભારાંકમાં મહાનગરપાલિકાને પ્રાપ્ત સત્તાની મર્યાદામાં શિડ્યુઅલ એ ના નિયમ ૮ ના ખંડ ખ(૩) તથા ખ(૪) ના ભારાંકના દરમાં નજીવો વધારો સુચવેલ છે જે એબીલીટી ટુ પે ના સિધ્ધાંત સાથે સુસંગત છે. આ વધારા થકી રૂ. ૨ કરોડનું વધારાનું ઉત્પન્ન મળશે.

સફાઇ ચાર્જ :

સોલીડ વેસ્ટ મેનેજમેન્ટની સેવા માટે થતા ખર્ચનાં ભારણને પહોંચી વળવા ખર્ચના ભાગરૂપે શહેરીજનો પાસેથી રહેણાંક સિવાયની મિલકતો પાસેથી નજીવો સફાઇ ચાર્જનો વધારો કરી આવક મેળવવા સફાઇ ચાર્જમાં વધારો સુચવવામાં આવેલ છે જેના થકી રૂ. ૩ કરોડનું વધારાનું ઉત્પન્ન મળશે.

સમાપન અને આભાર :

આપ સૌને જણાવતાં આનંદ થાય છે કે અત્યાર સુધીના અમારા કાર્યકાળ દરમિયાન સ્થાયી સમિતિના તમામ સભ્યો તથા ચેરમેનશ્રીનો સંપૂર્ણ સાથ સહકાર મળેલ છે. અને હવે પછી પણ સહકાર પ્રાપ્ત થશે તેવી અપેક્ષા સાથે સૌનો આભાર વ્યક્ત કરુ છુ.

મને જણાવતા વધુ આનંદ થાય છે કે, અત્યાર સુધીના અમારા કાર્યકાળ દરમિયાન મેયરશ્રી, ડે. મેયરશ્રી, અને ચેરમેનશ્રી પદે બિરાજેલ મહાનુભાવો તેમજ ચુંટાયેલી પાંખના તમામ સભાસદશ્રીઓ તરફથી ઉત્તમ સહકાર મળી રહેલ છે. વહીવટ વિભાગ તરફથી મંજુરી અર્થે રજુ કરાતી દરખાસ્તો ઉપર ત્વરીત નિર્ણય લઇ મંજૂરી આપવાના હકારાત્મક અભિગમના કારણે આયોજન મુજબનાં વિકાસના કામોનો ખૂબ જ ઝડપી અમલ કરી શકાયો છે. આપ સૌના ઉત્તમ સહકાર તથા મારા સાથી અધિકારીશ્રીઓ/કર્મચારીશ્રીઓ ની ટીમ વર્ક થી કાર્યોને કાર્યાન્વિત કરવા ઉઠાવેલી જહેમત તથા શિસ્તના માટે હુ આભાર વ્યક્ત કરુ છુ અને આ પ્રમાણે નો સહકાર આગામી સમયમાં પણ ચાલુ રહેશે તેવી અપેક્ષા રાખુ છુ. જેથી કરીને વિકાસની નવી ઉંચાઇઓ અને આયોજનનાં ધ્યેયને પ્રાપ્ત કરી શકાય. આવી અપેક્ષા સાથે સને ૨૦૧૫-૧૬ નું રિવાઇઝ તથા સને ૨૦૧૬-૧૭ ના ડ્રાફ્ટ અંદાજપત્રની મહત્વપૂર્ણ બાબતોનાં પરિશિષ્ટ સાથે સ્થાયી સમિતિ સમક્ષ મંજૂરી અર્થે રજુ કરુ છુ. જે આપ સૌ સહર્ષ સ્વીકારશો તેવી આશા રાખુ છુ.

જય જય ગરવી ગુજરાત...

વડોદરા.
તા.૨૫-૦૧-૨૦૧૬.

એચ. એસ. પટેલ (IAS)
મ્યુનિસિપલ કમિશનર
મહાનગરપાલિકા
વડોદરા.

વડોદરા મહાનગરપાલિકા

સને ૨૦૧૬-૨૦૧૭નું

અંદાજપત્રક

બજેટની મહત્વપુર્ણ બાબતોનું
પરિશિષ્ટ

વડોદરા મહાનગરપાલિકા

બજેટની મહત્વપૂર્ણ બાબતોનું પરિશિષ્ટ

૧) <u>સ્પેશીયલ પ્રોજેક્ટ</u> :

- વિશ્વામિત્રી રીવર ફ્રન્ટ ડેવલપમેન્ટ પ્રોજેકટના સુદ્રઢ અમલીકરણ માટે ફિઝીબીલીટી રીપોર્ટ તૈયાર કરેલ છે. જે બાદ સેકશન-૬, એન્વાયરોમેન્ટ ઇમ્પેક્ટ એસેસમેન્ટ નોટીફીકેશન-૨૦૦૬ અન્વયે એન્વાયરોમેન્ટ ઇમ્પેક્ટ એસેસમેન્ટ તથા એન્વાયરોમેન્ટ કલીયરન્સ અંગેની કામગીરી શરૂ કરેલ છે તથા "વડોદરા રીવરફ્રન્ટ ડેવલપમેન્ટ કોર્પોરેશન લીમીટેડ કંપની" ની રચના માટેની કામગીરી શરૂ કરેલ છે.
- વિવિધ તળાવોની સ્વચ્છતા તથા સુંદરતા જળવાય તે હેતુથી શહેરના ગોત્રી (૪૭% કામગીરી પુર્ણ), કમલાનગર(૯૦% કામગીરી પુર્ણ), હરણી(૩૦% કામગીરી પુર્ણ), અને સમા(૨૦% કામગીરી પુર્ણ), તળાવના નવિનીકરણ અને આધુનિકરણની કામગીરી હાલમાં પ્રગતિ હેઠળ છે. તેમજ છાણી, સીંધુસાગર, વાસણા, સરસીયા, ભીમનાથ, કલાલી અને અટલાદરા તળાવના નવિનીકરણની કામગીરીનું આયોજન શરૂ કરેલ છે.
- અકોટા-દાંડિયાબજાર રૂફટોપ સોલાર બ્રીજ માટે સોલાર પ્લાન્ટની કામગીરી રૂ.૨૫૫૦.૦૦ લાખ ના ખર્ચે હાલમાં કામગીરી શરૂ કરેલ છે.
- કમાટીબાગ ખાતે સસ્પેન્શન બ્રીજ બનાવવાની કામગીરી (૪૫% કામગીરી પુર્ણ) રૂ. ૧૩.૧૫ કરોડ ના ખર્ચે હાલમાં પ્રગતિ હેઠળ છે.
- શહેરના વિવિધ વિસ્તારોના બ્યુટીફીકેશનના ભાગરૂપે ફાઇન આર્ટસ ફેકલ્ટી પાસે રૂફટોપ ડોમ અને કમાટીબાગ રોડ પર બેઠક વ્યવસ્થા અને સ્કેવર લાઇટ સાઇન બોર્ડ લગાડવાની કામગીરી પૂર્ણ કરેલ છે. તેમજ હરીનગર ફલાય ઓવર બ્રીજ નીચે બ્યુટીફીકેશન, લાલબાગ વિસ્તાર, આકાશવાણી વિસ્તાર, સમા અભિલાષા ચાર રસ્તા, છાણી જકાતનાકા સર્કલ, આરાધના સિનેમા, સોમા તળાવ જંકશન, સુશેન સર્કલ, વડીવાડી નજીક વિગેરે વિસ્તારોમાં બ્યુટીફીકેશનની કામગીરી તથા નવિન બસ સેલ્ટર ડિઝાઇનનું આયોજન શરૂ કરેલ છે.
- રેલ્વે સ્ટેશન વિસ્તારના હયાત રોડ, પ્રવાસી ગૃહ, સીટી બસ- સ્ટેશન, કડકબજાર શાકમાર્કેટ વિગેરે એરીયાને ડેવલપ કરવા માટે મલ્ટીમોડલ ટ્રાન્સપોર્ટ એન્ડ કમર્શીયલ હબ બનાવવાનું આયોજન શરૂ કરેલ છે.
- આજવા-પ્રતાપપુરા ફિડર કેનાલ પર અંદાજીત ૧૧ કિ.મી.ની લંબાઇમાં ઓપન ચેનલ પર સ્ટીલ સ્ટ્રકચર બનાવી અંદાજે ૨૦ MW પાવર ક્ષમતાનો સોલાર પાર્કની કામગીરીનું આયોજન કરેલ છે.
- શહેરના પશ્ચિમ વિસ્તારમાં ગેંડા સર્કલથી મનિષા ચાર રસ્તા સુધી અંદાજે ૩.૫ કિ.મી. લંબાઇમાં 4-Lane નો ફલાય ઓવર બ્રીજ બનાવવાનું આયોજન શરૂ કરેલ છે.

- વડોદરામાં શહેરીજનોની સુવિધા અર્થે નોન મોટરાઇઝ વેહીકલ (NMV) કોન્સેપ્ટ આધારિત સાયકલ શેરીંગ પ્રોજેકટનું આયોજન શરૂ કરેલ છે.
- વિશ્વામિત્રી રીવર ફ્રન્ટ ડેવલપમેન્ટ પ્રોજેકટ હેઠળ નવલખી ગ્રાઉન્ડ પાસે ૬૬ એકર જમીનમાં વિશાળ બગીચા સાથે ક્રોકોડાઇલ પાર્ક બનાવવાનું આયોજન શરૂ કરેલ છે.

૨) <u>અમૃત યોજના</u> :

- અટલ મિશન ફોર રીઝુવીનેશન એન્ડ અર્બન ટ્રાન્સફોર્મશન (અમૃત) યોજના, દેશભરની નગરપાલિકાઓ તથા મહાનગરપાલિકાઓનાં કાયાકલ્પ અર્થે (ભારત સરકાર દ્વારા) જાહેર કરવામાં આવેલ છે.
- અમૃત યોજનામાં નાગરિકોને પાયાની સુવિધાઓ જેવી કે પીવાનું પાણી, ભુર્ગભ ગટર, વરસાદી ગટર , પ્રદૂષણ ઘટાડા અર્થે જાહેર પરિવહનનો મહતમ ઉપયોગ તથા બિન-મોટર ટ્રાન્સપોર્ટ (વોકિંગ, સાઈકલિંગ) માટે સુવિધા નિર્માણ તથા પાર્કસ-ગાર્ડન તથા મનોરંજન કેન્દ્રો બનાવવા માટે પ્રોજેકટ તૈયાર કરવામાં આવશે.
- અમૃત પ્રોજેકટ હેઠળ વર્ષ ૨૦૧૬ થી ૨૦૨૦ સુધીમાં કુલ ૧૦૨૩ કરોડનાં પ્રોજેકટ નક્કી કરેલ છે. જેમાં પાણી પુરવઠા શાખાનાં સિંધરોટ ઈન્ટેકવેલ – WTP જેવા કામો મળી કુલ ૩૦૫ કરોડ ડ્રેનેજ પ્રોજેકટનાં રાજીવનગર 78 MLD STP જેવા ૫૨૫ કરોડનાં કામો, વરસાદી ગટરનું ૩૪ કરોડનું કામ, અર્બન ટ્રાન્સપોર્ટ હેઠળ ૮૪ કરોડ તથા ગાર્ડન શાખાનાં ૭૫ કરોડનાં કમોનો સમાવેશ કરેલ છે.
- પ્રથમ તબક્કામાં વર્ષ ૨૦૧૫-૧૬ માં વરસાદી ગટર માટેનો ૩૪ કરોડનો પ્રોજેકટ મંજુર થયેલ છે.
- અમૃત યોજનાનો ખર્ચ કેન્દ્ર સરકાર દ્વારા 33% કિંમત અને તેની સરખામણીમાં રાજયસરકાર અને વડોદરા મહાનગર પાલિકાએ અનુક્રમે ૩૭% અને ૨૦%નાં પ્રમાણમાં ભોગવવાનો રહેશે.
- અમૃત યોજના હેઠળ કેન્દ્ર સરકાર દ્વારા ડી.પી.આર. મંજુર થયેથી પ્રોજેકટની આગળની કામગીરી હાથ ધરવામાં આવશે.

૩) <u>રેલ્વે / રીવર ઓવર બ્રીજ તથા ફલાય ઓવર</u> :

- ચાલુ વર્ષ દરમ્યાન રૂ. ૬૩ કરોડનાં ખર્ચે IPCL જંકશન ઉપર IPCL ફલાય ઓવર બ્રીજ, રૂ.૩૨ કરોડનાં ખર્ચે હરીનગર જંકશન ઉપર નવિન ફલાય ઓવર બ્રીજ નું લોકાર્પણ કરવામાં આવેલ છે.
- હાલમાં, રૂ. ૧૮ કરોડના ખર્ચે શહેરના હયાત શાસ્ત્રી બ્રીજ (પોલીટેક્નીક પાસે) આર.ઓ.બી. નું વાઇડનીંગ, રૂ. ૧૪ કરોડનાં ખર્ચે સમા-હરણી રીવર બ્રીજ અને રૂ.૯ કરોડનાં વડસર લેન્ડફીલ પાસેના હયાત બ્રીજના વાઇડનીંગની કામગીરી હાલ પ્રગતિ હેઠળ છે.

- આ ઉપરાંત વિશ્વામિત્રી સ્ટેશન પાસેના આર.ઓ.બી.ને રૂ.૩૫ કરોડના ખર્ચે વાઇડનીંગની કામગીરી હાથ ધરેલ છે. (સદર કામનું GAD રેલ્વે વિભાગમાં મંજુરી હેઠળની પ્રક્રિયામાં છે)
- ૪૦.૦૦ મી. ના રીંગ રોડ પર ગેંડા સર્કલથી મનીષા ચાર રસ્તા સુધીનો નવિન ફલાય ઓવર બ્રીજ, ફતેહપુરાથી વડોદરા એરપોર્ટ તરફ જતાં સંગમ ચાર રસ્તા ઉપર નવીન ફ્લાય ઓવર બ્રીજ બનાવવાની કામગીરીનો DPR અંદાજીત રૂ. ૨.૦૦ કરોડના ખર્ચે અને પ્રતાપ નગર થી મકરપુરા તરફ જતાં સુશેન જંકશન ઉપર નવીન ફલાય ઓવર બ્રીજનો DPR અંદાજીત રૂ. ૨.૦૦ કરોડના ખર્ચે તેમજ મહારાણી શાંતાદેવી હોસ્પીટલ પાસેના ચાર રસ્તા પરના ટ્રાફિકના ભારણને ધ્યાને લઇને ટ્રાફિક સર્વે અને ફિઝીબીલીટી રીપોર્ટ અંદાજીત રૂ. ૨.૦૦ કરોડના ખર્ચે તૈયાર કરવાનું આયોજન હાથ ધરેલ છે.

૪) <u>રોડ પ્રોજેકટ શાખા</u> :

- <u>પુર્ણ થયેલ કામો</u>
  - **રેવન્યુ કેપીટલ બજેટહેઠળ, કુલ ૧૨ કામો ૨૨કરોડના ખર્ચે પુર્ણ કરેલ છે.**
  - **સ્વર્ણિમ જયંતિ મુખ્ય મંત્રી શહેરી વિકાસ યોજના-૨ હેઠળ, કુલ ૪ કામો ૧૦૫ કરોડના ખર્ચે પુર્ણ કરેલ છે.**
  - **વ્યવસાયવેરાની ગ્રાન્ટ હેઠળ, કુલ ૨ કામો ૨ કરોડના ખર્ચે પુર્ણ કરેલ છે.**
  - **તેરમા નાણાપંચ ગ્રાન્ટ હેઠળ, કુલ ૧ કામ૩.૫૦ કરોડના ખર્ચે પુર્ણ કરેલ છે.**
  - **સરકારશ્રીના રસ્તા દુરસ્તીની ગ્રાન્ટ હેઠળ, રીસરફેસીંગના કુલ ૯ કામો ૧૯ કરોડના ખર્ચે પુર્ણ કરેલ છે.**
- <u>ચાલુ કામો</u>
  - **રેવન્યુ કેપીટલ બજેટ હેઠળ, કુલ ૧૯કામો ૪૭.૨૫ કરોડના ખર્ચે પ્રગતિ હેઠળ છે .જે ટુંકજ સમયમાં પૂર્ણ કરવામાં આવશે.**
  - **સ્વર્ણિમ જયંતિ મુખ્ય મંત્રી શહેરી વિકાસ યોજના-૨ હેઠળ, કુલ ૧ કામો ૩.૯૩કરોડના ખર્ચે પ્રગતિ હેઠળ છે. જે ટુંકજ સમયમાં પૂર્ણ કરવામાં આવશે.**
  - **વ્યવસાય વેરાની ગ્રાન્ટ હેઠળ, કુલ ૧ કામો ૩ કરોડના ખર્ચે પ્રગતિ હેઠળ છે. જે ટુંકજ સમયમાં પૂર્ણ કરવામાં આવશે.**
  - <u>નવિન આયોજન હેઠળના કામો</u>
    - **આર.સી.દત્ત રોડ બ્યુટીફીકેશન**
    - **આજવા જંકશન બ્યુટીફીકેશન**
    - **જામ્બુવા જંકશન બ્યુટીફીકેશન**
    - **સરદાર એસ્ટેટ્થી આજવા બાયપાસ સુધીનો રસ્તો વોલ ટુ વોલ**
    - **વુદાવન થી બાયપાસ સુધીનો રસ્તો વોલ ટુ વોલ કરવાનું આયોજન છે.**

૫) <u>હાઉસીંગ-બિલ્ડીંગ શાખા</u> :

- શહેરીજનો ને આરોગયલક્ષી પ્રાથમિક સેવાઓ નજીકના વિસ્તારમા મળી રહે તેવા હેતુસર શહેરનાં ચારેય ઝોનમાં કુલ ૧૧ અર્બન હેલ્થ સેન્ટર વર્ષ -૨૦૧૫ મા પૂર્ણ કરેલ છે.
- પૂર્વ વિસ્તારનાં બાળકો તથા ખેલાડીઓને નજીકના સ્થળે સ્કેટિંગ રીંકની સુવિધા ઉપલબ્ધ થઇ શકે તેવા હેતુસર વાઘોડિયા વિસ્તારમાં વૃંદાવન ચાર રસ્તા નજીક નવીન સ્કેટિંગ રીંક ઓગસ્ટ – ૨૦૧૫ માં લોકાર્પણ કરેલ છે.
- વડોદરા ની કલાનગરી તરીકેની ઓળખ ને સાર્થક કરતુ કલાકારો ને વિવિધ પ્રકારનાં સાંસ્કૃતિક કાર્યક્રમો કરવા માટે બકરાવાડી વિસ્તારમા દીપક ઓપન એર થીયેટરની રીનોવેશનની કામગીરી વર્ષ–૨૦૧૫ માં લોકાર્પણ કરવામાં આવેલ છે.
- નિર્મળ ગુજરાત શૌચાલય યોજના તથા મહાત્મા ગાંધી સ્વચ્છતા મિશન અંતર્ગત હાલનાં વર્ષ ૨૦૧૩-૧૪ અને ૨૦૧૪-૧૫ દરમ્યાન વર્ષવાર લક્ષ્યાંકો પ્રમાણે કુલ ૨૦,૫૫૫ વ્યક્તિગત શૌચાલયોની સુવિધા પુરી પાડવામાં આવેલ છે .
- શહેરની જનતાને રાત્રીના મોડા સમયે પણ ખાવા-પીવાની ચીજો મળી રહે તે હેતુસર , આજવારોડ ખર્ચે રાત્રી બજાર બનાવવાની કામગીરી ચાલુ છે .
- શહેરનાં કારેલીબાગ વિસ્તારનાં નાગરીકોને સુવિધાઓ આપવાના ભાગરૂપે, અધતન સ્નાનાગૃહની સુવિધા ઉપલબ્ધ કરાવવા માટે સ્વીમીંગ બનાવવાની કામગીરી ચાલુ છે
- આજવા બાયપાસ નજીક ના વિસ્તારમાં નગરજનો માટે સાંસ્કુતિક તથા મનોરંજન યુક્ત પ્રોગ્રામો નુ આયોજનમા ઉપયોગી થાય તેવા હેતુસર નવીન ટાઉન હોલ બનાવવાની કામગીરી ચાલુ છે
- સુભાનપુરા વિસ્તારમાં પાયાની સેવાઓ પુરી પાડવા ટી.પી-. ૨ ,ફા .પ્લોટ નં -૫૮૫ માં વોર્ડ ૧૦ ની નવીન કચેરી બનાવવાની કામગીરી ચાલુ છે
- કાલુપુરા વિસ્તારમાં હયાત છત્રપતિ શિવાજી અતિથીગૃહને જમીનદોસ્ત નવીન અધત્તન સુવિધાઓ સહનું અતિથીગૃહ બનાવવાની કામગીરી ચાલુ છે
- શહેરીજનો માટે પર્યટન ,સાંસ્કૃતિક તેમજ મનોરંજન માટે ખંડેરાવ માર્કેટ પાસે આવેલ સિદ્ધનાથ તળાવના બ્યુટિફીકેશન/ડેવલોપમેન્ટની કામગીરી ચાલુ છે
- વડોદરા શહેરમાં હયાત લાલબાગ સ્વીમીંગ પુલની બાજુમાં બાળકો માટે બેબી સ્વીમીંગ બનાવવાની કામગીરી હાથ ધરેલ છે .

૬) બી.એસ.યુ.પી., આર.એ.વાય. :

બી.એસ.યુ.પી. :

- બી.એસ.યુ.પી .ફેઝ-૧ તથા ફેઝ-૨ હેઠળ રૂ .૧૮૮.૨૭ કરોડનાં ખર્ચે કુલ ૧૧૦૫૬ આવાસોની કામગીરી પૂર્ણ કરી લાભાર્થીઓને ફાળવી આપેલ છે.
- બી.એસ.યુ.પી .ફેઝ-૩ ,ફેઝ-૪ અને ફેઝ-૫ હેઠળ રૂ .૩૩૫.૯૪ કરોડનાં ખર્ચે કુલ ૧૦૬૪૦ આવાસને મંજુરી મળેલ છે ,જે પૈકી કુલ ૪૪૪૬ આવાસો પૂર્ણતાને આરે તથા ૪૬૩૨ આવાસો પ્રગતિ હેઠળ છે ,અને ૧૫૬૨ આવાસો લાભાર્થીઓને ફાળવી દેવામાં આવેલ છે.
- ફેઝ-૧ માં સોશિયલ ઇન્ફ્રાસ્ટ્રકચરના ભાગરૂપે સપ્લીમેન્ટ્રી ડી.પી.આર .અંતર્ગત રૂ .૧.૩૧ કરોડનાં ખર્ચે ૧૫ આંગણવાડી અને આવાસ ફાળવેલ પ્લોટ માટે કમ્પાઉન્ડ વોલ ની કામગીરી પૂર્ણ કરી લોકાર્પણ કરેલ છે.
- નામદાર સુપ્રિમ કોર્ટની ગાઇડલાઇન મુજબ વડોદરા મહાનગર પાલિકા ધ્વારા શહેરના દરેક ઝોન / વિસ્તારમાં કુલ ૧૪ નાઇટ શેલ્ટર્સનાં કામ પૂર્ણ કરી કાર્યરત કરવામાં આવેલ છે.

રાજીવ આવાસ યોજના (આર.એ.વાય.) :

- રાજીવ આવાસ યોજના અંતર્ગત સ્લમ ફ્રી સીટી પ્લાન ઓફ એક્શનનો રિવાઇઝડ પ્લાન રૂ . ૧૫૮૨.૨૨ કરોડનો ભારત સરકારશ્રીની મંજૂરી માટે રજુ કરેલ છે .જેનું હવે **HFAPoA** માં રૂપાંતર થશે અને નવો પ્લાન બનશે .
- રાજીવ આવાસ યોજના અંતર્ગત ગુજરાતમાં સર્વ પ્રથમ ૪૯૮ યુનિટનો રેન્ટેડ કમ ટ્રાન્ઝીટ હાઉસીંગનાં રૂ.૧૭.૫૯ કરોડનાં પ્રોજેક્ટને મંજૂરી મેળવી તે પૈકી ૨૭૨ યુનિટની કામગીરી પ્રગતિ હેઠળ છે .
- રાજીવ આવાસ યોજના અંતર્ગત રૂ.૧૬૨ કરોડનાં ખર્ચે સહકારનગર અને એક્તાનગર ખાતે અનુક્રમે ૧૪૪૮ અને ૧૮૫૬ યુનિટ બનાવવાની કામગીરી શરૂ કરેલ છે .જે પૈકી ૧૫૪૦ યુનિટની કામગીરી પ્રગતિ હેઠળ છે.

૭) મુખ્યમંત્રી ગૃહ (GUJARAT RURAL URBAN HOUSING) યોજના:

ગ્રીન-ફીલ્ડ

- આર્થિક રીતે નબળા વર્ગના લોકો (EWS) માટે પ્રથમ તબક્કામા સયાજીપુરા , અટલાદરા, તેમજ ગોત્રી વિસ્તારમા ૨૮.૦૦ ચોમી કાર્પેટ એરિયાવાળા કુલ ૧૮૩૬ આવાસો રૂ.૧૦૯.૫૧ કરોડના ખર્ચે બનાવવાની કામગીરી હાથ ધરેલ છે. એક મકાનની અંદાજે કીંમત રૂ.૫.૭૫ થી ૬.૦૦ લાખ છે. જે લાભાર્થીને સરકારશ્રીની સહાય બાદ રૂ. ૩.૦૦ લાખમાં મળશે.
- ઓછી આવક ધરાવતા વર્ગને લોકો (LIG) માટે સયાજીપુરા, સમા, કારેલીબાગ, અટલાદરા, માંજલપુર, તાંદલજા, સૈયદ-વાસણા, હરણી અને ગોત્રી વિસ્તારમાં ૪૫ અને ૪૯ ચો.મી.

કાર્પેટ એરિયાવાળા કુલ ૫૬૮૮ આવાસો રૂ.૬૪૬.૧૦ કરોડના ખર્ચે બનાવવાની કામગીરી હાથ ધરેલ છે. એક મકાનની અંદાજે કીંમત રૂ.૧૦.૦૦ અને ૧૧.૦૦ લાખ છે. ગુજરાત સરકારશ્રી દ્વારા મકાન દીઠ રૂ.૧.૦૦ લાખની સહાય આપવામાં આવશે.

- મધ્યમ આવક ધરાવતા વર્ગને લોકો (MIG) માટે સમા, કારેલીબાગ, સૈયદ-વાસણા જેવા વિકસિત વિસ્તારમાં ૬૦ ચો.મી. કાર્પેટ એરિયાવાળા કુલ ૧૦૬૦ આવાસો માટે રૂ.૧૩૮.૭૮ કરોડના ખર્ચે બનાવવાની કામગીરી હાથ ધરેલ છે. એક મકાનની અંદાજે કિંમત રૂ.૨૦.૦૦ લાખ છે.
- કુલ ૧૦૨૩૨ આવાસો રૂ.૯૮૬.૧૪ કરોડના ખર્ચે બનાવવા માટેનુ આયોજન હાથ ધરેલ છે.

પબ્લિકપ્રાઇવેટપાર્ટનરશીપહેઠળજાહેરજમીનોપરઆવેલઝુપડપટ્ટીઓનું PPP દ્વારા તેજ સ્થળે પુન:વસન કરવા માટેની નીતિ

- સદર યોજનામાં ઝુપડપટ્ટીમાં રહેતા લાભાર્થીઓને લધુતમ ૨૫ ચો.મી. કાર્પેટ એરીયાનાબે રૂમ રસોડાના પ્રાથમિક સુવિધા સહના આવાસોતેમજ દુકાન ધરાવતા લાભાર્થીઓને ૧૫ ચો.મી. કાર્પેટ એરીયાની દુકાન ફાળવવામાં આવશે.
- ખાનગી વિકાસકારોનો સહયોગ લેવામાં આવશે જેમાં તેઓને ટ્રાન્સફર ઓફ ડેવેલોપમેન્ટ રાઇટસ (T.D.R)નો ફાયદો મળી શકશે.
- PPP પ્રોજેક્ટના અમલીકરણ માટે નિયત સત્તામંડળની રચના કરી તા. ૧૮-૧૧-૨૦૧૩ ના રોજ કરવામાં આવેલ અને ત્યારબાદ તબક્કાવાર ૧૨ ઝુપડાની વસાહતોને નોટીફાય કરવામાં આવેલ છે.
- પ્રથમ તબક્કામાં કુલ ૧૦૦૦ અને બીજા તબક્કામાં કુલ ૨૦૦૦ આવાસો બનાવવા માટેનો લક્ષ્યાંક.
- ૬ સ્લમના ૧૫૯૩ ઝુપડાવાસીઓના મકાન ફાળવવાની કામગીરી માટે ડેવલોપરને LOA આપેલ છે.

૮) પાણી પુરવઠા :

મહત્વના પૂર્ણ થયેલ /અને પૂર્ણતાના આરેના કામો:

- જે.એન.એન.યુ.આર.એમ .અંતર્ગત (૧) ડી.પી.આર .૪ અંતર્ગત મંજૂર થયેલ છાણી, કપુરાઇ, નોર્થ હરણી તથા સયાજીપુરા ખાતે રૂ. ૪૭ કરોડનાં મંજુર થયેલ નેટવર્કના કામો પૂર્ણતાને આરે છે. (૨) ડી.પી.આર .૬ અંતર્ગત રૂ. ૯૨ કરોડનાં મંજૂર થયેલ દોડકા ઇન્ટેકવેલ, દોડકા WTP તથા નિમેટા ઇન્ટર કનેક્શન તથા હયાત સંપોના નવિનીકરણના પાંચ કામો હાલ પ્રગતિ હેઠળ છે. (૩) હાલમાં રેવન્યુ, સ્વર્ણીમ, JnNURM તથા અન્ય ગ્રાન્ટ હેઠળ

પાણીની નળિકા તેમજ પાણીની ટાંકી/સંપના કામો રૂ. ૧૪ કરોડનાં ખર્ચે પૂર્ણ કરવામાં આવેલ છે.

<u>હાથ ધરેલ અગત્યનાં કામો :</u>

- વાસણા તથા જી.આઇ.ડી.સી .ખાતે નવિન ટાંકી તથા સંપ બનાવવાની કામગીરી રૂ .૨૪ કરોડ ના ખર્ચે હાથ ધરેલ છે ઉપરાંત શહેરના પશ્ચિમ વિસ્તારમાંથી દક્ષિણ વિસ્તારમાં પાણી લઈ જવા માટે વોર્ડ નં .૧૧ ની ઓફિસથી દિવાળીપુરા ચાર રસ્તા સુધી ૬૦૦ મીમી વ્યાસની H.S. તથા કલાલીથી સુશેન સર્કલ સુધી ૧૧૫૦ મીમી વ્યાસની H.S. નળિકા નાંખવાનું કામ રૂ .૨૫ કરોડના ખર્ચે હાથ ધરવામાં આવેલ છે.તથા બકરાવાડી ખાતે અંડર ગ્રાઉન્ડ સંપ બનાવવાનું કામ રૂ. ૨.૬૪ કરોડ ના ખર્ચે હાથ ધરવામાં આવેલ છે.

<u>નવિન આયોજન હેઠળના કામો:</u>

- અમૃત યોજના હેઠળ સિંધરોટ ખાતે ઇન્ટેકવેલ બનાવી નવીન ૧૦૦ MLD WTP મારફતે શુધ્ધ પાણી ટ્રાન્સમિશન લાઇન નાખી શહેર સુધી લાવવા અર્થે રૂ .૭૫ કરોડનો પ્રોજેક્ટ આયોજન હેઠળ છે.
- આ ઉપરાંત એરપોર્ટ અને સયાજીપુરા ટાંકીના કમાન્ડ વચ્ચે નવિન બુસ્ટર બનાવવાનું, મકરપુરા ગામ, સમા સાવલી, વ્હીકલપુલ તથા દંતેશ્વર ખાતે નવિન બુસ્ટર બેસાડવાનું તથા નવિન વાસણા તથા જી.આઇ.ડી.સી ટાંકી માટે નવિન નેટવર્ક નાંખવાના વિગેરે મળી કુલ ૩૧ કામો ૨૧૩.૯૫ કરોડનું આગામી વર્ષે આયોજન હાથ ધરેલ છે.જેમાં શહેરનાં નવિન માસ્ટર પ્લાન આધારીત ૩૦૦મીમી ડાયા તથા તેથી વધુના ડાયા મીટરની પાઇપ લાઇન નેટવર્કમાં પ્રેશર સુધારણાના કામોનો પણ સમાવેશ કરવામાં આવેલ છે.

૯) <u>ડ્રેનેજ</u> :

➢ <u>વર્ષ ૨૦૧૫-૧૬ દરમ્યાનના કામો.</u>

<u>કેપીટલ બજેટ અંતર્ગતના કામો</u> :

- તાંદલજા નવીનગરી વિસ્તારમાં તથા વાઘોડીયા વૈકુંઠ વિસ્તારના ડ્રેનેજના પ્રશ્નોના ઉકેલ અર્થે ડ્રેનેજ ગ્રેવીટી લાઇન નાંખવાની તેમજ ગાજરાવાડી એમ.પી.એસ. ની નવીન બાયપાસ/ઓવરફ્લો આર.સી.સી. ચેનલ બનાવવાની કામગીરી પુર્ણ કરેલ છે. (રૂ!.૧૦૩.૦૯ લાખ)
- બી.પી.સી. રોડ પર (ગોરવા એ.પી.એસ. થી શ્રેણિકપાર્ક ચાર રસ્તા સુધી) માઇક્રો ટનલીંગથી ડ્રેનેજ ગ્રેવીટી લાઇન નાંખવાની કામગીરી શરૂ કરેલ છે. (રૂ!.૧૨૧૦૫.૨૦ લાખ)
- શીતલકુંજ સોસાયટી થી દાવત તરફ નવીન જોડાણ કરવાની કામગીરી આગામી દિવસોમાં શરૂ કરવામાં આવશે. (રૂ!.૮૯ લાખ)

<u>સ્વર્ણિમ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજનાના કામો (UDP-78)</u> :

- મદનઝાંપા વિસ્તારના ડ્રેનેજ પ્રશ્નોના ઉકેલ માટે એ.પી.એસ. તેમજ તેને સંલગ્ન પ્રેશરલાઈન તથા ગ્રેવીટી લાઇનની કામગીરી પુર્ણ કરેલ છે. (રૂ!. ૬૫૦.૬૫ લાખ)
- કારેલીબાગ ટાંકી વિસ્તારના ડ્રેનેજ પ્રશ્નોના ઉકેલ માટે એ.પી.એસ. તેમજ તેને સંલગ્ન પ્રેશરલાઈન તથા ગ્રેવીટી લાઇનની કામગીરી ચાલુ છે. (રૂ!. ૨૧૯૦.૭૧ લાખ)

<u>કેબલ ટીવી ૨૦૧૪-૧૫ ના કામો</u> :

- છાણી પાણીની ટાંકી પાસેથી કેયા મોટર્સ જંકશન થઇ છાણી જકાતનાકા સુધી ડ્રેનેજ ગ્રેવીટી લાઇન નાંખવાની કામગીરી ચાલુ છે. (રૂ!.૪૭.૯૪ લાખ)

➢ <u>વર્ષ ૨૦૧૬-૧૭ ના આગામી આયોજનો</u>

<u>ડ્રેનેજ નેટવર્કનું આયોજન</u> :

- વર્ષ ૨૦૧૬-૧૭ દરમ્યાન ગોરવા આઇ.ટી.આઇ. થી પંચવટી તથા બાપુની દરગાહ થી કરોડીયા રોડ તરફ, મકરંદ દેસાઇ રોડ, નવાયાર્ડ લાલપુરા તથા આર.ટી.ઓ .એ.પી.એસ.થી જોગણીમાતા તરફના, હરણી મુખ્ય રસ્તે પી એન્ડ ટી કોલોની સુધી, વડસર બ્રીજ થી જી.આઇ.ડી.સી. એ.પી.એસ. સુધી, માંજલપુર સરસ્વતી કોમ્પલેક્ષ થી જી.આઇ.ડી.સી. એ.પી.એસ. સુધી, ગૌતમનગર ત્રણ રસ્તા થી અલવાનાકા સુધી, મકરંદ દેસાઇ રોડ પર હરીનગર એ.પી.એસ. થી વહીવટી વોર્ડ-૧૧ ની કચેરી સુધી તેમજ ડ્રેનેજ ઝોન-૩ માં ૪૦મીટર રીંગ રોડ પર જ્યોતિ સર્કલ થી મનીષા સર્કલ સુધી નવીન સુચિત બ્રીજની કામગીરીમાં નડતરરૂપ હયાત ડ્રેનેજ ગ્રેવીટી સ્થળાંતરીત કરવાના ભાગરૂપે નવીન ડ્રેનેજ લાઇન ટ્રેન્ચલેસ/માઇક્રો ટનલીંગ પધ્ધતિથી મુખ્ય ગ્રેવીટી લાઇન નાંખવાનું આયોજન છે.
- ટી.પી-.૧૩ નવાયાર્ડ વિસ્તારમાં એ.પી.એસ .તથા ડ્રેનેજ નેટવર્કનું, લાલબાગ ખાતે એ.પી.એસ .બનાવવાનું, વિશ્વામિત્રી બ્રીજ નીચે હોમીયોપેથીક કોલેજ થી ગુજરાત ટ્રેકટર થઇ મુંજમહુડા ત્રણ રસ્તા સુધીના વિસ્તાર માટે એ.પી.એસ .તથા ડ્રેનેજ નેટવર્કની કામગીરી, તરસાલી બી.એસ.યુ.પી. આવાસો તથા તેની આસપાસના સુવિધાથી વંચિત વિસ્તારો ડ્રેનેજ નેટવર્કની કામગીરી, કલ્યાણનગર, નવીનગરી અને બાલભવન વિસ્તાર માટે નવીન ડ્રેનેજ નેટવર્કની કામગીરી, ઇન્દ્રપુરી પંપીંગ સ્ટેશન અપગ્રેડેશનની કામગીરી, પરશુરામ ભઠ્ઠા તથા તેની આસપાસના સુવિધાથી વંચિત વિસ્તારમાં ડ્રેનેજ નેટવર્કની કામગીરી કરવાનું આયોજન છે.

<u>કેપીટલ બજેટ અંતર્ગત BSUP/RAY/MGY ના મકાનો માટે ડ્રેનેજ લાઇન</u> :

- <u>નવીન એસ.ટી.પી. નું આયોજન</u> **:**
  - રાજીવનગર ખાતે ૭૮ એમ.એલ.ડી. ક્ષમતાનો, અટલાદરા, ગાજરાવાડી, તેમજ જામ્બુઆ ખાતે નવીન સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટ બનાવવાનું આયોજન હાથ ધરેલ છે.

- <u>સુઅરેઝ માસ્ટર પ્લાન-૨૦૪૦</u> :
  - સુઅરેઝ માસ્ટર પ્લાન બનાવવા અર્થે સલાહકારની નિમણુંક કરવાની કામગીરી હાથ ધરેલ છે. તેના તૈયાર થયા બાદ પ્લાનીંગ મુજબના પ્રાયોરીટીના કામો હાથ ધરવામાં આવશે.

૧૦) <u>ઇલે. મિકે., સુએઝ ડીસ્પોઝલ વર્ક્સ શાખા</u> :

➢ <u>સને ૨૦૧૬-૧૭ માં કરવામાં આવનાર નોંધપાત્ર કામગીરી</u>

- સુએઝ પંપીંગ સ્ટેશનોમાં હયાત ઘણા જુના તેમજ ઘણી ઓછી એનર્જી એફીસીયન્સી વાળા મોટર પંપ સેટ બદલી નવીન તેમજ વધુ એનર્જી એફીસીયન્સી વાળા મોટર પંપ સેટ લગાડી ઝડપથી અને વધુ મલીન જળ ઉલેચન કરી વીજ બચત મેળવવામાં આવશે.
- ૧૫ વર્ષ ઉપરાંતનાં જુના તરસાલી, ગાજરાવાડી તેમજ અટલાદરા જુના સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટમાં જેની આવરદા પુર્ણ થઇ ગઇ હોય તેવી ઇલેકટ્રીકલમીકેનીકલ મશીનરી બદલી ડ્રેનેજના મલીન જળની હયાત ટ્રીટમેન્ટ ઉપરાંત જી.પી.સી.બી. ની નવીન ગાઇડ લાઇન મુજબ TERTIARY TREATMENT કરવા પ્લાન્ટનું UPGRADATION કરવામાં આવશે.
- <u>ફાયદા :</u>
  - Tertiary ટ્રીટમેન્ટ કરયા બાદના ટ્રીટેડ પાણીનો ઉપયોગ બાગમાં તથા ખેતી માટે નજીકના ખેડુતોને જરૂરીયાત મુજબ આપી શકાશે.
  - જાહેર આરોગ્ય તથા જળચર જીવોના આરોગ્યનાં પશ્નોનું નિરાકરણ કરી શકાશે.
  - જળ સંપતિ તથા તેના સ્ત્રોતની ઉપલબ્ધતા વધારી શકાશે.
  - “Nature conservation” પોલીસી નું અમલીકરણ કરી શકાશે.

અટલાદરા સુવેજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ (S.T. P.) ના ટ્રીટેડ વોટર આઉટલેટના હેડમાંથી P.P.P. ધોરણે HYDRO POWER (GREEN ENERGY) જનરેટ કરવાનો પ્રોજેકટ હાથ ધરવામાં આવેલ છે. જેનાથી અંદાજીત ૨,૦૦,૦૦૦ વિજ યુનિટ / પ્રતિ વર્ષ જનરેટ કરવામાં આવશે.

૧૧) <u>વરસાદી ગટર પ્રોજેકટ શાખા</u> :

વડોદરા મહાનગર પાલિકા ધ્વારા **કુલ ૩૩૩.૩૧ કી.મી. લંબાઇમાં પાઇપ/રેકટેંગ્યુલર ડ્રેઇન (કલોઝડ) નેટવર્ક** તથા **૩૬.૧૮ કી.મી. જેટલાં લંબાઇમાં પાકા કાંસ મળી કુલ ૩૬૯.૪૯ કી.મી. લંબાઇમાં પાકી વરસાદી ગટર**ની સુવિધા ઉપસ્થિત કરવામાં આવેલ છે.

પૂર્ણ કરવામાં આવેલ મુખ્ય કામો :

- નિઝામપુરા, ટી.પી.-૧૨ માં આવેલ શિવમ્ સોસાયટી ગાર્ડન પાસેના ટી.પી. રસ્તા વાળા ભાગમાં હયાત જુના/જર્જરીત પાકા ખુલ્લા ભૂખી કાંસને સ્થાને નવિન આર.સી.સી. કલોઝડ વરસાદી ગટર અંદાજિત રૂ.૦.૯૭ કરોડના ખર્ચે.
- ૪૦.૦ મી. રીંગ રોડ, દંતેશ્વર જેલ કંપાઉન્ડ પાસે કેરેજ-વે માં નડતરરૂપ આવેલ ખુલ્લા કાંસને પાકો બનાવવાની કામગીરી અંદાજીત રૂ.૦.૭૬ કરોડના ખર્ચે.
- તરસાલી ૪૦.૦ મી. રીંગ રોડ થી બાયપાસને જોડતાં રસ્તે આવેલ હયાત કલ્વર્ટને બંન્ને બાજુ લંબાવવાની કામગીરી અંદાજીત રૂ.૦.૫૨ કરોડના ખર્ચે.

હાલનાં ચાલુ કામો :

- ડભોઇ રોડ સ્થિત એમ.એમ.વ્હોરા શો રૂમ સામેના કલ્વર્ટની ડાઉનસ્ટ્રીમમાં રેલ્વે ટ્રેક થઇ ઘાઘરેટીયા કલ્વર્ટ તરફના હયાત કાચા કાંસને પાકો કરવાની કામગીરી અંદાજીત રૂ.૬.૦૭ કરોડના ખર્ચે કામગીરી પૂર્ણતાના આરે છે
- આજવા મેઇન રોડ ઉપર હાઇ-વે થી કમલાનગર તળાવ સુધી વરસાદી ગટર બનાવવાની અંદાજીત રૂ.૪.૧૪ કરોડની કામગીરી.
- વોર્ડ નં.૯ માં ૩૬.૦ મી. રોડ જંકશન મહાવીર હોલ ચાર રસ્તા થી ગધેડા માર્કેટ ચાર રસ્તા થઇ ૨૭.૦ મી.ના રસ્તે કુતરાવાડી કાંસ સુધી નવિન પાઇપ વરસાદી ગટર/ચેનલ બનાવવાની અંદાજીત રૂ.૪.૨૩ કરોડની કામગીરી.
- પૂર્વ ઝોન વિસ્તારમાં ઓડનગર થી રાજીવનગર નાળા સુધી આર.સી.સી. કલોઝડ ચેનલ બનાવવાની અંદાજીત રૂ.૫.૬૨ કરોડની કામગીરી.
- વહીવટી વોર્ડ નં.૯ (આઇ) માં ૨૭.૦ મી. રોડ, કિશનવાડીમાં આવેલ BSUP મકાનોની પ્રીમાઇસીસમાં વરસાદી ગટર બનાવવાની અંદાજીત રૂ.૧.૮૫ કરોડની કામગીરી.
- વહીવટી વોર્ડ નં.૯ માં ૩૬.૦ મી રીંગ રોડ પર પરિવાર વિધાલય ચાર રસ્તાથી નવજીવન સોસાયટી વાળા રસ્તે નવિન વરસાદી ગટર બનાવવાની અંદાજીત રૂ.૦.૭૦ કરોડની કામગીરી.
- શહેરના પૂર્વ વિસ્તારમાં ચોમાસાની ઋતુ દરમ્યાન વધુ સમયમાટે જળબંબાકાર (Water Logging) ની પરિસ્થિતિત અટકાવવા માટે કેન્દ્ર સરકારશ્રીની AMRUT યોજના હેઠળ બાય-પાસ હાઇ-વે તરફથી પ્રવેશતાં વરસાદી પાણીને શહેર બહાર વાળવા માટે હાઇ-વેને સમાંતર નવીન વરસાદી ગટર બનાવી વરસાદી પાણીનો નિકાલ સીધોજ નદીમાં થાય તે માટે હાઇ-વેને સમાંતર નવિન વરસાદી ગટર બનાવવાની કામગીરી અંદાજીત રૂ.૨૮.૦૦ કરોડના ખર્ચે તાજેતરમાં હાથ ધરેલ છે.

૧૨) <u>સ્ટ્રીટલાઇટ વિભાગ</u> :

- <u>વધુ વીજ બચત તથા નિભાવણીખર્ચમાં બચત મેળવવાના ભાગરૂપે</u> :
  - શહેરના મુખ્ય રસ્તાઓ ઉપર તથા છુટાછવાયા લાગેલ જુદી-જુદી કેપેસીટીના સોડીયમ ફીટીંગો પૈકી જુના જર્જરીત સોડીયમ ફીટીંગ્સ બદલી LED ફીટીંગ્સ લગાડવા.
  - નવિન બનતા રસ્તાઓ તેમજ ફ્લાયઓવર બ્રીજ ઉપર નવિન લાઇટીંગ કરવા ડીમેબલ એલ.ઇ.ડી. ફીટીંગ્સ વાપરવામાં આવશે.
- <u>વડોદરા મહાનગર પાલિકા દ્વારા પુરી પાડવામાં આવતી જુદી જુદી સર્વિસીસ ઉપર સદંતર મોનીટરીંગ રાખી તુરંત એકશન લેવાના ભાગરૂપે</u> :
  - વડોદરા શહેરમાં જુદા જુદા મહત્વના વિસ્તારો તેમજ ઇમારતોમાં CCTV System લગાડી સેન્ટ્રલી મોનીટરીંગ કંટ્રોલીંગ કરી તુરંત એકશન લેવા માટેનો “VADODARA EYE” પ્રોજેક્ટ.(અંદાજીત ખર્ચ રૂ. ૪૨00 લાખ)

૧૩) <u>વડોદરા ગેસ લી.</u> :

- વડોદરા મહાનગર સેવા સદન ગેસ પ્રોજેકટની સ્થાપના સને ૧૯૭૨માં કરવામાં આવેલ જે અંતર્ગત આજ દિન સુધી ૭૭,૦૦૦ ડોમેસ્ટીક કનેકશન અને ૨૧૦૦ કોમર્શીયલ કનેકશન આપવામાં આવેલ છે.
- JVA તા.૪-૪-૨૦૧૧ના રોજ વડોદરા મહાનગરપાલિકા તથા ગેઇલ ઇન્ડીયા લી.ના સંયુકત સાહસ તરીકે. થયેલ છે.
- JVC વડોદરા ગેસ લી.ના રજીસ્ટ્રેશન ઓફ કંપનીમાં (ROC) માં વડોદરા ગેસ લી. તરીકે તા.૧૩-૯-૨૦૧૩ના રોજ રજીસ્ટર્ડ થયેલ અને વડોદરા ગેસ લી. કંપની ૧૩-૧૦-૧૪ના રોજ કાર્યરત કરવામાં આવેલ છે.
- જે અંતર્ગત જુના નેટવર્કને બદલે નવીન નેટવર્ક નાંખી નવીન કનેકશનો આપવાની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ જેમાં રીંગરોડની ફરતે ૧૦-ઇંચ ડાયામીરટની ૩૨-કી.મી.ના સ્ટીલ નેટવર્ક પૈકી આજદીન સુધી ૨૧-કી.મી. સ્ટીલ નેટવર્ક જેટલુ કામ પુર્ણ કરવામાં આવેલ છે.
- પ્રથમ ફેઝમાં એરપોર્ટ સર્કલ થી અમિતનગર સર્કલ થઇ વુડા સર્કલના ઉત્તર ભાગમાં જયાં સ્ટીલ નેટવર્કના હાઇ પ્રેશરને ૨૦૦૦-SCMH કેપે.ના ડી.આર.એસ.દ્વારા આશરે ૫૦૦૦-થી વધુ કનેકશનો આપવાનુ કામ હાથ પર છે. જે પૈકી ૧૨૦૦ જેટલા નવીન કનેકશનો ચાલુ કરવામાં આવેલ છે.
- ચાલુ વર્ષમાં ૪૦,૦૦૦ જેટલા નવીન કનેકશનો આપવાનુ ટાર્ગેટ છે.

- આશરે ૪૦,૦૦૦ જેટલા નવીન કનેકશનો આપવાના આયોજનને પહોંચી વળવા માટે ચારેય ઝોનમાં ફૂલ ૬-કોન્ટ્રાકટર દ્વારા આશરે ૧૩૦-કી.મી. MDPE નેટવર્ક આજદિન સુધી નાખવામાં આવેલ છે. જેમાંથી આશરે ૨૫,૦૦૦ જેટલા નવીન કનેકશનો આપી શકાશે.
- શહેરમાં નિઝામપુરા ખાતે સ્થાપિત કરવામાં આવેલ સી.એન.જી. સ્ટેશનની કામગીરી પૂર્ણતાને આરે છે અને ટુંક સમયમાં કાર્યરત કરવાનુ આયોજન છે.
- વડોદરા ગેસ લી. દ્વારા તાજેતરમાં પાઇપ લાઇનથી ગેસ પુરવઠો મેળવતાં ગ્રાહકો, તેઓના ગેસ બીલના નાણાં વડોદરા ગેસ લી.ની વેબ સાઇટઃ www.vgl.co.on દ્વારા ઓન લાઇન Credit/ Debit Card તેમજ Net Banking દ્વારા ભરી શકે તેવું આયોજન ગ્રાહકોના હીતમાં કરવામાં આવેલ છે.

૧૪) <u>મિકેનીકલ વિભાગ</u> :

